4BGFI



# ફૂલની ટોપલી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

4BGF1 32.

# સતસૂર્ય છૂપે નહિ બાદલ છાયો

## (ફૂલની ટોપલી)

મૂળ લેખક
સી. શિમદ

સુધારેલો અનુવાદ
ડૉ. ઈસુદાસ એચ. ક્રિશ્ચિયન
એમ.બી.,બી.એસ.(બોમ્બે).

આવૃત્તિ ૧૫મી નકલ ૨૦૦૦ કુલ નકલ ૩૯,૦૦૦

"સતસૂર્ય છૂપે નહિ બાદલ છાયો"

(The Basket of Flowers)

: પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ
અમદાવાદ. ૩૮૦૦૦૬

મુદ્રક : ફોટ્રોનિકસ, ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસીંગ
પાસે, નવરંગપુરા અમદાવાદ. ફોન નં : ૪૬ ૫૧ ૨૭

# અનુક્રમણિકા


| અનુક્રમ | | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| પ્રકરણ ૧ | જેમ્સ અને તેની દીકરી | ૧ |
| પ્રકરણ ૨ | જન્મદિવસની ભેટ | ૫ |
| પ્રકરણ ૩ | વીંટી ગૂમ | ૧૦ |
| પ્રકરણ ૪ | મેરી જેલમાં | ૧૯ |
| પ્રકરણ ૫ | મેરીના કેસનો ચૂકાદો | ૨૨ |
| પ્રકરણ ૬ | પિતાપુત્રી વચ્ચે જેલમાં મુલાકાત | ૨૬ |
| પ્રકરણ ૭ | મેરીને સજા | ૩૦ |
| પ્રકરણ ૮ | દુઃખમાં સાથ આપનાર મિત્ર | ૩૩ |
| પ્રકરણ ૯ | વટેમાર્ગુને આશરો | ૩૫ |
| પ્રકરણ ૧૦ | સુખી જીવન | ૩૮ |
| પ્રકરણ ૧૧ | જેમ્સની આખરી માંદગી | ૪૧ |
| પ્રકરણ ૧૨ | પિતાનું મૃત્યુ | ૪૪ |
| પ્રકરણ ૧૩ | મેરી પર નવાં દુઃખો | ૪૯ |
| પ્રકરણ ૧૪ | ફરી ગૃહત્યાગ | ૫૨ |
| પ્રકરણ ૧૫ | ઈશ્વરકૃપા અને દુઃખનિવારણ | ૫૫ |
| પ્રકરણ ૧૬ | ઉમરાવપુત્રી કબરસ્તાને શી રીતે આવી | ૫૮ |
| પ્રકરણ ૧૭ | વીંટી જડી | ૬૧ |
| પ્રકરણ ૧૮ | કલંકનિવારણ | ૬૫ |
| પ્રકરણ ૧૯ | શિકારગૃહમાં ગાળેલી સાંજ | ૬૮ |
| પ્રકરણ ૨૦ | પાઈનફાર્મની મુલાકાતે | ૭૧ |
| પ્રકરણ ૨૧ | પાઈનફાર્મમાં બનેલી ઘટના | ૭૫ |
| પ્રકરણ ૨૨ | મેરીની ક્ષમાશીલતા | ૭૯ |
| પ્રકરણ ૨૩ | મેરી ફરી ઈકબર્ગમાં | ૮૧ |
| પ્રકરણ ૨૪ | જેમ્સનો સ્મારકસ્તંભ | ૮૫ |



**ઓલીવર શમુએલ ફ્રેન્ક**

જન્મ ૫-૨-૧૯૧૭ મૃત્યુ ૨૯-૮-૧૯૯૪

અજલપરા તાલુકો આણંદના જૂના ખ્રિસ્તી વિશ્વાસી શ્રી જેઠાલાલ શીવલાલભાઈના સૌથી નાના પુત્ર શમુએલ જેઠાલાલના જ્યેષ્ઠ પુત્ર ઓલીવર શમુએલ ફ્રેન્ક, જેમણે પોતાનું શિક્ષણ અંકલેશ્વર અને સુરત આઈ.પી. મિશન બોયઝ હાઈસ્કૂલમાં લીધું હતું.

નોકરી મિલિટરીમાં ભારતના જુદા જુદા સ્થળે કરી હતી. ત્યાર બાદ અમદાવાદ મ્યુ. કો. માં ઈજનેર ખાતામાંથી નિવૃત્ત થયા. તેમની સર્વિસમાં તેઓ કાર્યનિષ્ઠ, પ્રામાણિક અને સત્યભાષી હતા. નિવૃત્તિ બાદ બહેરામપુરામાં વસવાટ કરી અધિકારીઓનો પ્રેમ સંપાદન કર્યો હતો.

આ પુસ્તકની ૧૦૦૦ નકલના પ્રકાશનના ખર્ચની પૂરેપૂરી રકમ તેમનાં બહેન પુષ્પાબહેન એચ. ઠાકોર તરફથી સપ્રેમ મળી છે. અને આ પુસ્તક મરહૂમ ઓલિવર શમુએલ ફ્રેન્કની સ્મૃતિમાં છાપવામાં આવ્યું છે. આ દાન માટે પુષ્પાબહેનનો આભાર માનીએ છીએ.

# પ્રકરણ ૧

## જેમ્સ અને તેની દીકરી

આશરે સો દોઢસો વર્ષ પહેલાં જર્મની દેશમાં ઈકબર્ગ નામના એક નાના શા ગામડામાં જેમ્સ રોડ નામનો એક ગરીબ સજ્જન રહેતો હતો. તેનાં માબાપ તેને નાની ઉંમરમાં અનાથ છોડીને મરણ પામ્યાં હતાં તેથી તે કિશોર હતો ત્યારથી જ ગામના ઉમરાવ બગીચામાં માળીનું કામ શીખવા તેને રહેવું પડયું હતું. તેથી તેને ઉછેરે તેવું કોઈ અંગત સગુંવહાલું ન હોવાથી તે એકલો જ ગરીબીમાં મોટો થયો હતો. અને એમ ગરીબીમાં પણ સંતોષ માની સુખમાં રહેવાનું તે શીખ્યો હતો. વળી ઈશ્વરની બીક રાખી જીવન જીવવું જોઈએ એ સત્ય પણ તેણે સમજી લીધું હતું, અને એવું જ્ઞાન તો સોનારૂપા કરતાં યે વધુ મૂલ્યવાન છે એમ તે માનતો હતો. તે શાંતિપ્રિય, સુશીલ અને કામમાં નિષ્ઠાવાન હોવાથી ગામધણીને તે ઘણો પ્રિય થઈ પડયો હતો. ઉમરાવનો કારભારી નિવૃત્ત થયો ત્યારે એવી મોટી અને મોભાદાર પદવી જેમ્સને આપવાનું તેમણે વિચાર્યું. પણ જેમ્સને ધમાલિયું જીવન પસંદ ન હોવાથી તેણે તો શાંતિમય કામ જ માગી લીધું. ઈકબર્ગમાં ઉમરાવની જમીન માટે એક વિશ્વાસુ ગણોતિયાની જરૂર ઊભી થતાં ઉમરાવ સાહેબે તરત જ એ જગ્યા જેમ્સને ઓછા ગણોતે ખેડવા આપી. સાથે એક વાડી, બગીચો અને નાનું સુંદર ઘર પણ તેને સોંપી દીધાં. જેમ્સ હવે તેમાં રહેતો, અને શાંતિપૂર્વક પોતાનું કામ કરી બાકીનો સમય ઈશ્વરભક્તિમાં ગાળવા લાગ્યો.

જેમ્સે યોગ્ય પાત્ર જોઈ લગ્ન કર્યાં. પતિપત્ની બંને ઈશ્વરપરાયણ, નિર્દોષ અંતઃકરણવાળાં અને ભોળાં હતાં. તેઓ જોકે ગરીબ હતાં. છતાં દ્રવ્યનો મોહ ન રાખતાં ઈશ્વરની આજ્ઞા ખૂબ ચીવટથી પાળવાનું ધ્યાન રાખતાં અને ઈશ્વરમય જીવન ગાળતાં. બંનેના સ્વભાવ પણ ખૂબ જ મળતા હતા અને તેથી તેઓ એક બીજામાં ઓતપ્રોત થઈને આનંદમય જીવન ગુજારતાં હતાં. તેમના નમ્ર અને સુશીલ સ્વભાવને લીધે ગામલોકોમાં પણ તેઓ પ્રિય થઈ પડયાં હતાં. ઉમરાવ સાહેબના આપેલા ખેતરની ઉપજ તથા વાડીનાં ફળ અને ફૂલોની આવકમાંથી તેઓનું ગુજરાન સારી રીતે ચાલતું.

આમ તેઓનું જીવન સુખમાં વીતતું હતું. તેવામાં ઈશ્વરે તેમના સુખમાં વધારો કરવા તેમને બાળકોની ભેટ આપી. આ પ્રમાણે તેઓએ ઘણાં વર્ષ કુટુંબસુખ ભોગવ્યું. પણ જાણે તેઓ આમ સંસારસુખમાં જ ખૂપી ન જાય એમ ઈશ્વર ઈચ્છતા ના હોય તેમ તેઓ પર દુઃખો આવવા લાગ્યાં અને એક પછી એક બાળકો મૃત્યુશરણ થઈ ગયાં. ફક્ત એક જ પુત્રી જીવતી રહી. ત્યાર બાદ થોડો સમય માંદગી ભોગવી પત્ની પણ મરણ પામી. હવે પિતા અને નાની પત્ની બે જ જણાં કુટુંબમાં રહ્યાં. આમ જીવનના પાછલા સમયમાં જેમ્સ પત્નીના વિયોગનો શોક સહન કરતો એક પુત્રીને જાતે ઉછેરી રહ્યો. આમ ઉપરાછાપરી આઘાતોથી જેમ્સને ઘડપણ પણ વહેલું દાખવવા માંડયું. તેણે વૃદ્ધાવસ્થાનો સઘળો પ્યાર પુત્રી પર રેડવા માંડયો.

પુત્રી મેરી પણ દેખાવે સુંદર હતી અને જેમ જેમ તેનો વિકાસ થતો ગયો તેમ ફૂલની માફક તે વધુ ખીલી ઊઠી. તેના પિતા તેને અનેક રીતે શિક્ષણ આપતા. દિવસે દિવસે તે બધું ઘરકામ શીખીને જેમ્સનો બોજો હળવો કરવા લાગી. માબાપના સંસ્કારો તેને વારસામાં તો મળ્યા જ હતા પણ જેમ્સ પોતે તેના પર શિખામણ, બોધ અને નમૂના દ્વારા ઓપ ચઢાવતો રહ્યો. પંદર વર્ષની થતાંમાં તો તેણે એક ઉત્તમ ગૃહિણી જેટલી કુશળતા પ્રાપ્ત કરી લીધી. તેનું ઘર અને આંગણું હંમેશાં ખૂબ સ્વચ્છ જોવા મળતાં. રસોડાના વાસણો તો તે હંમેશાં ચકચકતાં રાખતી. એનું ઘર આદર્શ ઘર થઈ પડયું હતું.

તે તેના પિતાની ખૂબ સંભાળ રાખતી , કે તેમને કશી જ તકલીફ વેઠવી ન પડે. પત્નીના મરણથી જેમ્સને ઘણો ભારે આઘાત લાગેલો અને તેની કળ વળતાં ઘણો સમય લાગ્યો હતો. પણ હવે પુત્રી મોટી થતાં તેને ઘણો દિલાસો અને રાહત મળવા લાગ્યાં હતાં. ઘરના કામમાંથી નવરાશ મળતાં જ તે બાગમાં જઈને તેના પિતાને સંગત આપતી અને નાનાં નાનાં કાર્યોમાં મદદ પણ કરતી. આમ ફૂલોની વચ્ચે ઉછરવાને લીધે તે ફૂલોની ખૂબ જ શોખીન બની. ફૂલો તો જાણે તેની સખીઓ ન હોય એટલી એમની સાથે તે આત્મીયતા અનુભવતી. તે તેઓની સારસંભાળ અને માવજતમાં ખૂબ ચિત્ત પરોવતી. તેના પિતા સાથે મળીને ખૂબ હોંશ અને આશાથી રોપેલા ફૂલછોડોને કળીઓ બેસે ત્યારથી તેની ઝંખના વધી જતી અને કળી ખીલતી દેખાય તો વધામણી દેવા પિતા પાસે દોડી જતી. તેની આવી ફૂલઘેલછા

જોઈ જેમ્સ હસતો અને તેના નિર્દોષ આનંદ માટે ઈશ્વરનો આભાર માનતો. તે વિચારતો કે લોકો પોતાના બાળકોને શણગારવા કીંમતી વસ્ત્રો અને આભુષણો પહેરાવે છે પણ મારી દીકરી મેરીને આ થોડા ખર્ચે ઉછેરેલાં ફૂલોથી જેટલો આનંદ થાય છે તેનાથી ક્યાં યે ઓછો આનંદ તેઓ માણતાં હશે એની મને ખાતરી છે. વસ્ત્રો અને આભુષણોના શોખથી તો સાચી રસવૃત્તિ નબળી પડે છે, અને સૌંદર્ય માણી શકાતું નથી. એથી મન વ્યર્થતામાં રાચતું થાય છે; જ્યારે ફૂલો દ્વારા સ્વર્ગીય આનંદ માણી શકાય છે.

જેમ્સનો બગીચો પણ માવજતથી ખૂબ સુંદર બન્યો હતો અને આજુબાજુના વિસ્તારમાં ઠીક ઠીક પંકાતો હતો. રસ્તા પરથી જતા-આવતા લોકો બગીચાની શોભા જોઈ ખૂબ પ્રભાવિત થતા. શાળાએ જતાં આવતાં બાળકો વાડમાંથી ડોકિયાં કરીને આનંદ મેળવતાં કે ઝાંપા આગળ આંટા મારતાં, કારણ કે જેમ્સ અને મેરી અવારનવાર તેમને ફૂલ કે છોડનાં ધરુ આપતાં રહેતાં.

મેરીની ફૂલો પરની ઘેલછા પરથી જેમ્સ તેને શિક્ષણ આપતો કે ઈશ્વર પ્રત્યે પણ આપણે એવી જ અનન્ય લગની રાખવી જોઈએ. ફૂલો દ્વારા તે અનેક પાઠ મેરીને તેમ જ અન્ય બાળકોને પણ શીખવતો. ફૂલો જેવાં બાળકોએ પણ નિર્દોષ અને શુદ્ધ રહેવું જોઈએ તો ઈશ્વર પણ આપણી સાથે સર્વદા વાસો કરશે.

જેમ્સને હંમેશા વહેલી સવારે ઊઠવાની ટેવ હતી. એ પ્રમાણે ઊઠીને તે ઈશ્વરનાં વચનોના મનનમાં અને પ્રાર્થનામાં સારો એવો સમય ગાળતો. તેનો મત તો એવો હતો કે જો આપણે સવારે વહેલા ઊઠી ઈશ્વરસ્મરણમાં અમુક સમય ન ગાળી શકીએ તો આપણે સારા ખ્રિસ્તી થઈ શકીએ જ નહિ. જેમ્સ સવારે દીકરીને સાથે રાખી એક લતાકુંજમાં બેસતો અને કુદરતનાં દશ્યો તથા કાર્ય પરથી તેને ઈશ્વર સંબધી શિક્ષણ આપતો. ઊગતો સૂર્ય બતાવી તે સત્યના સૂર્ય વિષે મેરીને સમજ પાડતો. કુદરતમાં ઈશ્વરનાં વિવિધ કાર્યો બતાવીને આપણે પણ ઉદ્યમી જીવન ગાળવું જોઈએ એવું તેના મનમાં ઠસાવતો. આ પ્રમાણે વહેલી સવારે મળેલું શિક્ષણ મેરીને જીવનમાં અતિ ઉપયોગી થઈ પડયું.

મેરીને વાયોલેટ, લીલી, અને ગુલાબનાં ફૂલો વિશેષ પ્રિય હતાં. એક વાર વસંતનું પહેલું ખીલેલું સુંદર વાયોલેટ ફૂલ લઈને ઊભરાતા આનંદસહ

મેરી તેના પિતા પાસે આવી. જેમ્સે તેને કહ્યું, "દીકરી, આ મધુર સુગંધવાળા વાયોલેટ ફૂલ દ્વારા તારે નમ્રતાનો પાઠ ગ્રહણ કરવાનો છે. તે કશો ભભકો કર્યા વિના શાંત રહીને પોતાનું કાર્ય કરતું રહે છે. એમ આપણે પણ ધાંધલ, ધમાલ કે ભારે ઘોષણા વગર આપણી ફરજ બજાવવાની છે. આ ઘેરો આસમાની રંગ શાંત ભાવ દર્શાવે છે. ફૂલ પોતે પાંદડાંના જથ્થામાં છુપાયેલું રહેવા છતાં તેની સુગંધ ઢાંકી રહેતી નથી. એમ આ ફૂલ તને વિવેકમર્યાદામાં રહેવા શીખવે છે. કીંમતી વસ્ત્રો અને આભુષણોનો ભભકો કે ઠઠારો કર્યા વિના સાદાઈનું જીવન જ શ્રેષ્ઠ છે એ બોધ તારે એની પાસેથી લેવાનો છે. ઈશ્વર તો નમ્ર અને ભોળાં મનવાળાં પર પ્રસન્ન રહે છે. ખોટી મોટાઈમાં રાચનારાં ઈશ્વરને પ્રિય થતાં નથી.

આ પ્રમાણે દિવસો વીતતાં મેરી તનની તેમ જ મનની આંખોનો ઉપયોગ કરતાં શીખી, અને બાહ્ય રીતે ઉપરછલ્લું જોવાથી જેટલું જાણવા મળે તે કરતાં તે જ બાબત ઝીણવટથી જોવાની ટેવ હોય તો ઘણું વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય છે એ સત્ય તેની સમજમાં ઊતર્યું. આપણાં મનચક્ષુ તો ઈશ્વર જ ખોલે છે એની તેની કૃપાથી મનચક્ષુ ખુલે તો કેવું કેવું અદ્ભુત જોવા મળે છે! તે રીતે ગીતકર્તા દાવિદની માફક આપણને પણ ઈશ્વરની કુદરતનાં રહસ્યો જાણવા મળે છે, અને ઈશ્વરના ગૌરવનાં દર્શન થાય છે. ઈશ્વર આપણાં મનચક્ષુ ખોલે!

◆◆◆

# પ્રકરણ ૨

## જન્મદિવસની ભેટ

મે માસ ચાલતો હતો. જેમ્સ બાગકામમાં બહુ રોકાયેલો ન હોય ત્યારે નવરાશનો સમય ટોપલા ટોપલીઓ ગૂંથવામાં ગાળતો. એ કાસ તેને તેના પિતાએ શીખવ્યું હતું. આળસુ થઈ સમય બગાડવો તે એક પાપ છે એવું તે માનતો, અને તેથી કદી નવરો બેસી રહેતો નહીં. ટોપલીઓ ગૂંથવા માટે જરૂરી વિલોવૃક્ષની પાતળી સોટીઓ જંગલમાંથી કાપી લાવવાનું કામ મેરીને માથે હતું એ માટે તે ઉનાળાની ખુશનુમા પ્રભાતમાં વહેલી નીકળી પડતી. એ પ્રમાણે એક દિવસ તે ઝાડીમાંથી સોટીઓ કાપી રહી હતી તેવામાં સુંદર લીલીફૂલોના ગુચ્છેગુચ્છા ખીલેલા તેની નજરે પડયા. ખુશ થઈને તેણે તેમાંથી સારાં તાજાં ફૂલો ચૂંટીને બે સરસ કલગી બનાવી, એક પિતા માટે અને બીજી પોતા માટે. એ બધું લઈને વગડાની સાંકડી કેડી પરથી તે ઘર તરફ આવી રહી હતી, ત્યારે સામેથી એ જ કેડી પર ફરવા નીકળેલાં ઉમરાવબાનુ તથા ઉમરાવપુત્રી આવતાં તેની નજરે પડયાં. ગામધણી ઉમરાવ મોટા ભાગે તો કુટુંબ સાથે નજીકના શહેરના આવાસમાં જ રહેતા હતા પણ ઉનાળામાં હવાફેર માટે તેમની જાગીરમાં આવતા. આ વર્ષે પણ તેઓ આગલા દિવસે જ મોડેથી આવ્યાં હતાં અને સવારે ફરવા નીકળ્યાં હતાં. મેરી તેમને પસાર થવા દેવા માટે સભ્યતાથી રસ્તાની બાજુએ ઊભી રહી. મેરીના હાથમાંની કલગીઓ જોઈ ઉમરાવપુત્રી આનંદથી બોલી ઊઠી. "અહા! કેટલાં સુંદર ફૂલ!" એ સાંભળતાં જ ઝટ મેરીએ પોતાના હાથમાંની બંને કલગી તેમની સામે ધરી દીધી. આવી સભ્યતાવાળી યુવતી પ્રત્યે ઉમરાવબાનુ ખૂબ પ્રસન્ન થયાં. તેમણે ફૂલકલગી લીધી અને પોતાનો મખમલનો બટવો ખોલી મેરીને આપવા પૈસા કાઢવા માંડયા. મેરીએ પૂરી સભ્યતાપૂર્વક પૈસા લેવાની ના પાડી. તેણે કહ્યું કે, "અમે તો ઉમરાવ સાહેબનાં ખૂબ જ ઋણી છીએ. એમના જ આશ્રિત તરીકે જીવીએ છીએ. એટલે આપને આટલાં ફૂલ આપું તેમાં કંઈ વિશેષ નથી. કૃપા કરીને મારા તરફથી સ્વીકારી લો તો મને ઘણો આનંદ થશે."

એ પરથી ઉમરાવબાનુએ સહર્ષ કલગીઓ સ્વીકારતાં કહ્યું, "બહેન, મારી પુત્રીને વગડાનાં ફૂલોનો ઘણો શોખ છે, તો તું કોઈ કોઈ વાર આવાં ફૂલ એને લાવી આપીશ?"

મેરીએ કહ્યું, "હા, ઘણી ખુશીથી લાવી આપીશ."

આ પ્રમાણે ફૂલોની મોસમ પૂરી થઈ ત્યાં સુધી રોજ મેરી ફૂલોની કલગી લઈ ગઢમાં આપવા જવા લાગી. એ ફૂલ લઈને જતી ત્યારે ઉમરાવપુત્રીને ખૂબ આનંદ થતો. એને મેરી પર ઘણો ભાવ બંધાયો અને લીલીફૂલો મળતાં બંધ થયા પછી પણ તે મેરીને ગઢમાં અવારનવાર બોલાવવા લાગી. એ પ્રમાણે બન્ને સખી બની ગઈ અને ઘણો સમય સાથે ગાળવા લાગી. ઘણી બાબતોમાં તેમની રુચિ અને વિચારો મળતા આવવાથી તેમની મૈત્રી ઘણી ગાઢ બની. ફૂલોના શોખ અંગે તો કોઈ કોઈથી ઊતરે એવું ન હતું. આમ થોડા જ સમયમાં બન્નેનાં મન ખૂબ મળી ગયાં.

એવામાં ઉમરાવપુત્રીનો જન્મદિવસ નજીક આવવા લાગ્યો. મેરીને વિચાર થયો કે એ દિવસે કુંવરીબાને કંઈક અવનવી સુંદર ભેટ આપવી. ફૂલકલગીઓ તો ઘણી આપી છે. થોડા સમય પહેલાં તેના પિતાએ શહેરની સ્ત્રીઓ ઘરમાં સીવણની સામગ્રી રાખવાની ટોપલીઓ રાખે છે તેવી ટોપલીઓ પોતાની તદ્દન આગવી કળા વાપરી તૈયાર કરી હતી. એમાં સૌથી સુંદર ટોપલી તેણે મેરીને ભેટ આપી હતી. મેરીએ એ ટોપલી ઉમરાવ પુત્રીને ભેટ આપવાનો વિચાર કરી પિતાની સંમતિ પૂછી. પિતાએ સંમતિ યે આપી, અને વળી એ ટોપલીની સુંદરતા વધારવા તેના પર ઉમરાવપુત્રીના નામના આદ્યાક્ષરો તેમ જ ઉમરાવકુળની સંજ્ઞા પણ કારીગરીથી ગૂંથી આપ્યાં. એથી તો જોતાં જ મનને આકર્ષી લે તેવી ટોપલી બની ગઈ.

જન્મદિવસની સવારે મેરીએ લાલ, પીળાં અને સફેદ ગુલાબ ચૂંટી લાવી પાંદડાં વચ્ચે ગૂંથણી કરી સુંદર ગજરો બનાવ્યો. ટોપલીની ચારે બાજુ પણ ગુલાબકળીઓની સેર ગૂંથી અને ટોપલી વધુ સુશોભિત કરી. ઉમરાવપુત્રીના નામ પર નાનાં નાનાં ફૂલોનો સુંદર મુગટ ગૂંથ્યો. એ બધાંથી ટોપલીનું આકર્ષણ ઓર વધી ગયું. મેરી એ ભેટ આપવા જવા તૈયાર થઈ ત્યારે તેના હાથમાં ટોપલી જોતાં જેમ્સ બોલી ઊઠયો, "દીકરી, જરા મને ધારીને એ જોઈ લેવા દે! અહા, કેવી સુંદર ભેટ બની છે!"

થોડી વાર પછી મેરી ટોપલી લઈ ગઢમાં ગઈ અને ઉમરાવપુત્રીને ભેટ ધરીને અભિનંદન આપ્યાં. ઉમરાવપુત્રી તો ટોપલી જોઈને આશ્ચર્યમુગ્ધ બની ગઈ. આવી સુંદર ભેટ લાવી તેથી મેરી પર તેનો ભાવ ઊભરાવા લાગ્યો. તેનો કેવી રીતે આભાર માનવો તે પણ તેને સૂઝ્યું નહિ. થોડી વારે સ્વસ્થ થઈને તે બોલી, "બહેન મેરી, આ ભેટ આપીને તો તેં હદ કરી છે!

આમાં તો તારા બગીચાની બધી શોભા અને તારા પિતાની શ્રેષ્ઠ કારીગરીનો સમન્વય થયો છે. અને તેથી જ આવી બેનમૂન ટોપલી બની શકી છે. એ ભેટ પાછળ તમે જે પરિશ્રમ ઊઠાવ્યો છે તે તમારો મારા પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. અહા! આવી સુંદર ઘાટવાળી અને કારીગરીભરી ટોપલી મેં કદી જોઈ નથી. ચાલ, આપણે તે મારાં માતુશ્રીને બતાવીએ.''

આમ કહી મેરીનો હાથ પકડી એમેલ્યા તેને તેની માતાના ખંડમાં લઈ ગઈ. દ્વાર આગળથી જ તે પોકારી ઊઠી કે ''મા, જુઓ તો ખરાં! મેરી મારા માટે કેવી સરસ ભેટ લઈ આવી છે! તમને કેવી લાગે છે? આવી સુંદર ટોપલી તો તમે પણ પહેલાં ભાગ્યે જ જોઈ હશે!''

ઉમરાવબાનુ પણ સુંદર ટોપલી જોઈ અચંબો પામ્યાં. તેમણે પણ કહ્યું કે,''ટોપલી ખરેખર સુંદર છે. મને તો થાય છે કે આ ટોપલીનું જ એક સુંદર ચિત્ર તૈયાર કરાવીએ. મેરીની રસવૃત્તિ અને પ્રેમનું આ એક ચિહ્ન છે.'' પછી મેરીને ત્યાં જ થોભવાનું કહીને પુત્રીને ઈશારત કરી ઉમરાવબાનુ જોડેના ખંડમાં ગયાં. એમેલ્યા પણ તેમની પાછળ ગઈ. તેમણે પુત્રીને કહ્યું, ''મેરીએ આટલો પરિશ્રમ ઉઠાવી તને સુંદર ભેટ આપી છે, તો તેને કંઈ આપ્યા વિના ખાલી હાથે જવા ન દેવાય.''

એમેલ્યા થોડો વિચાર કરી બોલી. ''મા, મારો પેલો રાતાં અને સફેદ ફૂલોવાળો લીલો પોષાક એને આપીએ તો કેવું? એ તો નવો જ રહ્યો છે કારણ કે એ સીવડાવ્યા પછી મારી ઊંચાઈ વધવાથી મેં કદી પહેર્યો જ નથી. મેરીને તો બંધબેસતો આવી રહેશે. તમને યોગ્ય લાગે તો એ પોષાક આપું.''

ઉમરાવબાનુને એ યોગ્ય લાગ્યું, કારણ કે મેરી પોષાકનો ઉપયોગ પણ કરી શકે તેમ હતું અને તેને શોભે તેવો પણ હતો.

એ પછી એમેલ્યા પોતાના ખંડમાં ગઈ અને તેની દાસીને કહ્યું કે ''પેલો મારો લીલો પોષાક જલદી કાઢી લાવ.'' દાસી માર્ગરેટ એ સાંભળી પોષાક લાવવામાં ગલ્લાંતલ્લાં કરવા લાગી. તે વખત બગાડવા પૂછવા લાગી, ''તમારે અત્યારે જ એ પહેરવો છે?''

એટલે એમેલ્યા જરા ગરમ થઈને બોલી, ''ના, એ તો હું મેરીને આપી દેવા માગું છું.'' એ સાંભળી માર્ગરેટ જોરથી બોલી ઊઠી, ''શું કહો

છો ? મેરીને આપી દો છો? આપનાં માતુશ્રીને એની ખબર છે?" એમેલ્યાએ ખામોશી રાખી કહ્યું, "માર્ગરિટ, તારું કામ તો જે કહેવામાં આવે તે પ્રમાણે કરવાનું છે. તને એટલું યે ભાન નથી? જા, હવે ઝટ જઈને પોષાક લઈ આવ."

માર્ગરિટ પોતાની નાખુશી છુપાવતી એ ઓરડામાંથી ચાલી ગઈ. ગુસ્સામાં ને ગુસ્સામાં પોષાક ખોળવા આખું કબાટ ફેંદી નાખ્યું. તે મનમાં બબડવા લાગી કે આ બધા પોષાક ફાડીને ચીંથરા કરી નાખવાનું મળે તો કેવી મઝા! એ ફૂલવાળી છોકરી પર તો મને એટલો કાળ ચઢે છે! એણે જ એમેલ્યાનું મન ફેરવી નાખ્યું છે. આ પોષાક મને કેટલો ગમે છે! વહેલો મોડો મને જ મળત પણ એ હરામજાદી વચ્ચે આવીને પડાવી ગઈ. ભલે હમણાં એ ફાવે પણ હું એનું વેર વાળું નહિ તો મારું નામ માર્ગરિટ નહિ! મનમાં તો ખૂબ ઉકળાટ હોવા છતાં માર્ગરિટ એમ પાછી કાચી માયા ન હતી. તે પોતાની વેરવૃત્તિ મનમાં ઢબૂરી દઈ મોં હસતું રાખી પેલો પોષાક લઈને કુંવરીબા એમેલ્યા પાસે આવી.

ઉમરાવપુત્રી મેરીને પોષાક આપતાં બોલી, "પ્રિય સખી! આજ સુધીમાં મને ઘણી ભેટો મળી છે, અને તેમાંની ઘણી તો ખૂબ કીંમતી છે; પણ આજે તેં આપેલી આ ભેટ મારી રુચિને અનુરૂપ હોવાથી મને જેટલો આનંદ થયો છે એટલો આગાઉ કદી થયો નથી. આથી આ પોષાક તને ભેટ આપી એનું સંભારણું રાખવા હું ઇચ્છું છું. તે તું સ્વીકારીશ તો મને અત્યંત આનંદ થશે. તને માફક આવે તેવો છે માટે સમય આવે વાપરજે. તારા પિતાએ ટોપલી સુશોભિત કરવામાં લીધેલો શ્રમ ખૂબ સફળ થયો છે. તેમને મારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન આપજે."

મેરી પોષાક લઈને આભાર માની વિદાય થઈ, એ પછી ઉમરાવપુત્રી એમેલ્યાની નજર માર્ગરિટ પર પડી તો તેને લાગ્યું કે માર્ગરિટનું મોં ઊતરી ગયેલું છે. તેથી તેણે ભાવથી તેને પૂછ્યું,"માર્ગરિટ, તું આમ ઉદાસ કેમ દેખાય છે? પેલો પોષાક મેરીને આપી દીધો તે તને ના ગમ્યું?"

માર્ગરિટ એકદમ મોં પર હાસ્ય લાવી બોલી, "કુંવરીબા, તમે ઉદાર થઈને ભેટ આપો તેમાં મારે ગમોઅણગમો રાખવાનું શું કારણ હોય! હું એવું મનમાં લાવું તો મારી નાલાયકી જ દેખાય!"

ઉમરાવપુત્રી આ જવાબ સાંભળી રાજી થઈ, અને આવા સારા વિચારો ધરાવવા માટે તેને પ્રોત્સાહન આપ્યું.

પોષાક લઈને મેરી ઝટ ઘેર પહોંચી અને હોંશથી પિતાને પોષાક બતાવવા લાગી. એને તો આશા હતી, પિતાજી પણ ખુશ થઈને પોષાકની પ્રશંસા કરશે પણ જેમ્સ તો એ વિષે તદ્દન ઉદાસીન રહ્યો. ધીરે રહીને તે બોલ્યો, "દીકરી, મને હવે થાય છે કે તું એ ભેટ ગઢમાં લઈ ગઈ જ નહોત તો સારું. આ પોષાક ખૂબ કીંમતી અને સુંદર છે એ ખરું, પણ મને દહેશત રહે છે કે એને લીધે આપણા પડોશીઓમાં આપણી સામે ઈર્ષા ઊભી થશે. વળી આ પોષાકથી તારા દિલમાં વ્યર્થ ભપકો કરવાના અને અભિમાનથી ફૂલાઈ જવાના વિચારો ઊઠશે તો તે મને નહિ ગમે. મારે તને એ બાબતમાં ખાસ સાવધ રાખવી પડશે. સારાં વસ્ત્રો પહેરવાનો યે વધુ પડતો મોહ સારો નહિ. આવા પોષાક અને આભુષણો કરતાં આપણા માટે તો વિનય અને શીલ જ ઉત્તમ શણગાર સમ છે. શાસ્ત્રવચન પણ એ બાબતે આપણને સરસ શિક્ષણ આપે છે."

◆◆◆

## પ્રકરણ ૩

## વીંટી ગૂમ

મેરીને ગઢ છોડયાને થોડી જ વાર થઈ હશે ને ગઢમાં એક ગજબ બીના બની. ઉમરાવબાનુના ખંડમાંથી તેમના ટેબલ પરથી તેમની કીંમતી વીંટી ગૂમ થયેલી જણાઈ. થોડા જ વખત પહેલાં તેમણે એ વીંટી આંગળીએથી કાઢીને ટેબલ પર મૂકી હતી. થોડી જ મિનિટો બાદ પુત્રી એમેલ્યા મેરીને લઈને તેની ભેટ તેમને બતાવવા ત્યાં આવી હતી અને પછી મેરીને ત્યાં એકલી જ થોડી વાર રાખીને બંને વિચાર કરવા બાજુના ખંડમાં ગયાં હતાં એ બધી વાત સ્પષ્ટ રીતે તેમને યાદ હતી. એ વીંટીવાળા ખંડમાં મેરી વિના બીજું કોઈ ગયું ન હતું એની પણ તેમને ખાતરી હતી. આથી તદ્દન સહજ રીતે મેરી પર જ શંકા આવી. એમેલ્યા તો એવો વિચાર જ સહી ન શકી. તેણે માતાને વિનંતી કરી કે આ બાબત થોડીવાર ગુપ્ત રાખો અને હું જઈને મેરીને સમજાવીને જો તેણે ભૂલ કરી હોય તો તેની પાસેથી વીંટી પાછી લાવું. તેને એમ લાગ્યું કે ત્યાં પડેલી જોઈ સામાન્ય વીંટી ગણી તેને ઉપાડી લેવાની મેરીને લાલચ થઈ આવી હોય તો તેની ફજેતી થાય નહિ અને વીંટી પાછી મળી જાય તો સારું. કશી હોહા કર્યા વિના વીંટી મળી જાય તો વાત ત્યાં જ દબાવી દેવાની તેની ઈચ્છા હતી.

મેરીએ પિતાને પોષાક બતાવ્યો પછી તે તેની બરાબર ગડી વાળીને કબાટમાં ગોઠવવા જતી હતી ત્યાં વાડીનો ઝાંપો ઉઘડવાનો અને ઝડપથી કોઈના આવવાનો અવાજ સંભળાયો. મેરી જોવા દ્વાર ખોલી ઘરમાંથી બહાર આવી તો કુંવરીબા હાંફળીફાંફળી ઝડપથી આવી રહી હતી. તેના ચહેરા પરથી નૂર ઊડી ગયું હતું, અને તે ખૂબ ગભરાયેલી હતી. આવતાંની સાથે જ તે બોલી,

"અરે મેરી! ગજબ થઈ ગયો છે! મારાં માની કીંમતી વીંટી તું ઊભી હતી તે ખંડમાંથી ગૂમ થઈ છે. એ ખંડમાં તારા વગર બીજું કોઈ આજ સવારે ગયું નથી એ નિશ્ચિત છે, એટલે સ્વાભાવિક જ તારા પર શંકા બેસે છે. તું વીંટી ઉપાડે એ વાત મારા ગળે ઊતરતી જ નથી. પણ કદાચ ક્ષણિક મોહમાં ભાન ભૂલી તારાથી જો ભૂલ થઈ હોય તો તું ગૂપચાપ મને એ વીંટી આપી દે એટલે હું માને સમજાવીને વાત અહીંથી જ દબાવી દઈશ, અને કોઈને કશી જાણ થશે નહિ."

મેરીને પ્રથમ તો શી વાત છે તે જ સમજ ન પડી. પણ પછી વાતનો ખ્યાલ આવતાં તે મૂઢ જેવી બની ગઈ. થોડીવારે મન સ્વસ્થ થતાં તે બોલી, "કુંવરીબા, આ શી વાત કરો છો તે જ મને તો સમજાતું નથી. મેં તો કોઈ વીંટી જોઈ નથી કે લીધી નથી. હું એ ખંડમાં હતી ત્યારે મારી જગ્યાએથી જરા યે આઘીપાછી પણ થઈ નહોતી, કે કશી વસ્તુને અડકી પણ નહોતી."

ઉમરાવપુત્રી મેરીને સમજાવતાં બોલી, "સખી મેરી, આ તો ઘણી ગંભીર બાબત છે. કદાચ તને ખ્યાલ નહિ હોય પણ એ વીંટીમાંનું નંગ જ અઢી ત્રણ હજાર રૂપિયાનું હશે! એટલે વાત જાહેર થતાં જ એનું પરિણામ ખૂબ ખતરનાક આવવાનું. કદાચ ક્ષણિક મોહથી સામાન્ય હલકી વસ્તુ ધારી તેં ઉપાડી હોય તો મારી આગળ માની જા અને મને વીંટી પાછી આપી દે, તો હું તારો ગુનો માફ કરાવી દઈશ, અને તારી તથા તારા પિતાની ફજેતી થતી અટકાવીશ. બાળક ગણીને તને શિક્ષામાંથી પણ બચાવી લઈશ."

હવે મેરીને ખ્યાલ આવ્યો કે તેના પર આવેલું આળ કેટલું ભયંકર છે. તેનો ચહેરો ઊતરી ગયો અને શરીર ધ્રૂજવા લાગ્યું. તે ભયથી ફિક્કી પડી ગઈ અને આંખનાં આંસુ પણ સુકાઈ ગયાં. તેનું મોં પણ સુકાઈ ગયું. તે બોલી પણ ન શકી. તે મહા પરાણે મંદ સ્વરે બોલી, "કુંવરીબા, હું સાચેસાચ કહું છું કે એ વીંટી મેં જોઈ જ નથી, અને લીધી યે નથી. એ વિષે મને કશી જ ખબર નથી. મારા પિતાએ મને બાળપણથી શિક્ષણ આપ્યું છે કે પારકી વસ્તુ કદી લેવી નહિ. એ પ્રમાણે મેં કદી કોઈ પારકી ચીજ, નજીવી કે કીંમતી હોય, પણ કદી હાથમાં લીધી નથી. તો પછી ગઢમાંથી આવી કીંમતી ચીજ ઉપાડી લેવાનો મને વિચાર જ કેમ આવે?"

એટલામાં જેમ્સે દૂરથી જોયું કે ઉમરાવપુત્રી વહેલી વહેલી મેરીની પાછળ જ આવી છે, એટલે તે બાગમાંનું કામ છોડીને ઘરમાં આવ્યો. આવા અચાનક આગમનથી તે જરા બેચેન પણ થયો હતો. આવતાં જ તેણે પૂછ્યું કે શું થયું છે?

ઉમરાવપુત્રી એમેલ્યાએ બનેલી હકીકત કહી સંભળાવી, અને મેરીને સમજાવી તેની પાસે વીંટી હોય તો તે લેવા પોતે આવી છે તે કહ્યું. જેમ્સ તો આ વાત સાંભળીને ખૂબ જ ગભરાઈ ગયો. તેના પગ પાણી પાણી થઈ ગયા, અને ટેબલનો ટેકો ન લીધો હોત તો તે નીચે જ પછડાઈ પડયો હોત. ધીમે રહીને સ્વસ્થ થતાં પુત્રીને કહેવા લાગ્યો,

"દીકરી મેરી! આ તો અતિ ભારે ગુનો છે અને એના માટે આ દેશમાં તો દેહાંતદંડની સજા છે, પણ હું તો એ દેહાંતદંડ કરતાં યે ઈશ્વરની નાપસંદગી થાય એને વધારે ગંભીર ગણું છું. ફક્ત રાજ્યની શિક્ષાથી જ પતી જતું નથી. એવાં પર તો ઈશ્વર પણ નારાજ થાય છે. ઈશ્વર તો અંતર્યામી હોવાથી તેમની આગળ જૂઠાણું કે બહાનું ચાલે એમ નથી. માટે, દીકરી, જે સાચેસાચું હોય તેજ કહી દેજે. આમાં તો સંજોગો એવા છે કે તું જૂઠું બોલી છટકવા પ્રયત્ન કરીશ તો યે ઉમરાવ સાહેબ કે ન્યાયાધીશ કોઈ માનવાના નથી, અને તું શિક્ષામાંથી બચવાની નથી. કદાચ કોઈ અકળ રીતે તું આ ગુનામાંથી આ દુનિયામાં બચી જાય તો યે ઈશ્વરના ન્યાયમાંથી તું છટકી શકવાની નથી. માટે ઈશ્વર આગળ ન્યાય સહ્ય થાય એટલા ખાતર પણ તેં ગુનો કર્યો હોય તો કબૂલ કરી લે એ હિતાવહ છે. ભલે એથી સજા વેઠવાની આવે અને અપમાન થાય. કદાચ ક્ષણિક લાલચમાં તણાઈને લાંબો વિચાર કરવાની સમજ ગુમાવીને તેં વીંટી લીધી હોય તો અત્યારે કુંવરીબા આગળ કબૂલ કરી દે એ જ યોગ્ય છે. એથી ઈશ્વર પણ રાજી થશે. અરેરે! મારી પુત્રી આવું કરી બેસે એવું તો મેં સ્વપ્નમાં યે કદી કલ્પ્યું ન હતું!"

પિતાને અફસોસ કરતા સાંભળી મેરીનો જીવ કપાઈ જવા લાગ્યો. તે બોલી, "બાપુજી, શું તમે પણ તમારી પુત્રીને હજી ઓળખી નથી? તમે જ મને કેળવી છે અને શિક્ષણ આપ્યું છે અને તમને તમારી પુત્રીમાં એટલી યે શ્રદ્ધા નથી કે હું તમારા શિક્ષણને તજીને કશો ખોટો વહેવાર કદી જ ન કરું?" એ વીંટી મેં નથી જોઈ કે નથી તેને હાથ લગાડયો, પણ એને માટે તમને શી રીતે ખાતરી કરાવું? તમારા મનમાંથી શંકા શી રીતે દૂર કરવી તે મને સૂઝતું નથી. આ તો વીંટી ચોરીને લઈ લેવાની વાત છે પણ હું સત્ય કહું છું કે એવી વીંટી કે બીજું કંઈ મને રસ્તામાંથી જડે તોપણ તે લઈ લેવાનું દિલ મને થાય નહિ. ઉલટું, એના માલિકને શોધીને તેને પહોંચાડયા વિના મને જંપ જ ન વળે. બાપુજી, ખાતરીથી માનજો કે મેં વીંટી લીધી નથી કે એ જોઈ નથી. પછી વીંટી મારી પાસે હોય જ ક્યાંથી?"

જેમ્સ તો મનથી ખાતરીથી માનતો હતો કે મેરી એવું અધમ કૃત્ય કરે તેવી છે જ નહિ. પણ તેમ છતાં તે કડક થઈને મેરી સાથે ગુસ્સે હોવાનો દેખાવ કરી રહ્યો હતો. તે હવે બોલ્યો, "દીકરી, હું તો તને ક્યાં નથી ઓળખતો, પણ સંજોગો અને જીવનની કઠણાઈઓ એવી આવી પડે કે ન

કરવાનું થઈ જાય માટે જ હું તારી કસોટી કરી રહ્યો હતો. કુંવરીબાને પણ તારા વિષે ખાતરી છે છતાં સંજોગો જ એવા ભેગા થયા છે કે કોઈને યે તારા પર જ શંકા ઉપજે. કુંવરીબા પણ તારા પર આવું આળ આવવાથી ખૂબ દુઃખી થયાં છે, અને તને સમજાવીને સજા તેમ જ ફજેતીમાંથી ઉગારી લેવા બિચારાં દોડયાં આવી પહોંચ્યાં છે. માટે મારી સલાહ છે કે ખુલ્લા દિલે, નિષ્કપટ ભાવે જે સાચેસાચું હોય તે તારે તેમને સ્પષ્ટ કહી દેવું જોઈએ."

મેરીએ દઢતાપૂર્વક જવાબ આપ્યો, "પિતાજી, આજ સુધી મેં કદી એક પાઈ પણ બીજા કોઈની ઉપાડી નથી. બીજા કોઈની વાડીમાં જાઉં ત્યારે પણ ત્યાંથી ફળ કે ફૂલ ઉપાડી લેવાની દાનત કદી કરી નથી. આ વીંટી સંબંધી પણ મારે એટલું જ કહેવાનું છે કે મેં એ જોઈ નથી, લીધી નથી અને તે મારી પાસે છે જ નહિ. હું તમારી આગળ કદી જૂઠું બોલી નથી, છતાં તમે પણ મારા પર શંકા લાવી બેઠા તે મારાથી સહન થતું નથી. આના કરતાં તો મોત આવ્યું હોત તો સારું."

છતાં હજી જેમ્સ તેને તાવી રહ્યો. "દીકરી, મારા ઘડપણમાં આવું કંઈ પણ અધમ કૃત્ય કરી મારા દિલને તોડી નાખતી નહિ. તેં પાપ કર્યું હોય તો હજી તેને વળગી રહીને મને દુઃખસાગરમાં ડુબાડીશ નહિ. અને આખરે ઈશ્વરને તો તારે જવાબ દેવો જ પડવાનો છે, માટે તેને માથે રાખીને જે સત્ય હોય તે કુંવરીબા આગળ કબૂલ કરી દે તે જ હિતકારક છે, એવો મારો આગ્રહ છે."

પિતાનાં આવાં કઠોર વચન સાંભળીને મેરી ભાંગી પડી અને ચોધાર આંસુ વહાવી રહી. તે બે હાથ જોડી, આકાશ તરફ જોઈ દૃઢતાથી બોલી, "કુંવરીબા, હું સત્ય જ જાહેર કરું છું અને ઈશ્વર સાક્ષી છે કે એ વીંટી મેં જોઈ નથી, કે લીધી નથી અને મારી પાસે છે જ નહિ."

હવે જેમ્સ બોલ્યો, "બેટી, તારી વાત સત્ય છે એની મને ખાતરી થઈ ચૂકી છે. હું માનું છું કે તું એવી ચોરીનું પાપ કદી ન જ કરે. તું નિરપરાધી છે એટલે મારા મનમાં હવે કશું દુઃખ નથી. તું પણ હવે રડીશ નહિ. હિંમત રાખજે. તારે પાપ સિવાય બીજા કશાથી ડરવાનું નથી. આપણે સાચાં હોઈએ તો કેદ, અપમાન અને મરણ કશાનો ડર રાખવાની જરૂર નથી. આપણે સત્યના પક્ષે હોઈએ તો ગમે તેવાં દુઃખો આવે તે સહન કરવાની શક્તિ ઈશ્વર પૂરી પાડતા જ રહે છે. બીજાં બધાં આપણને તરછોડી

દે ત્યારે પણ ઈશ્વર તો આપણને છોડી દેતા નથી. તે જ આપણો ગાઢ સ્નેહી, દુ:ખમાં ધીરજ આપી ટકાવી રાખનાર અને અંતે આપણને યોગ્ય ન્યાય અપાવનાર છે."

ઉમરાવપુત્રી આ વાતચીત સાંભળી રહી હતી. પિતાપુત્રીનો ભક્તિભાવ તથા ઈશ્વરશ્રદ્ધા જોઈને તે ખૂબ પ્રભાવિત થઈ ગઈ, અને તેની આંખમાંથી પણ આંસુ વહી રહ્યાં. થોડી વારે સ્વસ્થ થઈ તે બોલી, "મુરબ્બી, તમારી આ વાતો તેમ જ મેરીના નિર્દોષ ચહેરાથી મને તો દિલમાં ખાતરી થઈ ગઈ છે કે મેરી સાવ નિર્દોષ છે. પણ ત્યારના સંજોગોનો વિચાર કરતાં મેરીની વિરુદ્ધ મામલો અતિ ગંભીર છે તેનો ખ્યાલ આવે છે. એમાંથી મેરીને શી રીતે નિર્વિઘ્ને બચાવવી તે સૂઝતું નથી. માતાને તો ચોક્કસ યાદ છે કે તેમણે વીંટી એ જ ખંડમાં આંગળીએથી કાઢીને બારી પાસેના ટેબલ પર જ રાખી હતી. એ ખંડમાં માતા એકલાં જ હતાં, અને હું મેરીને ત્યાં લઈ ગઈ હતી. ત્યાં મેરીને એકલી છોડીને હું મારાં માતા સાથે થોડી મિનિટો બીજા ખંડમાં ગયેલી. પછી એ ખંડમાં કોઈ ગયું નથી. વીંટી ન મળી ત્યારે તેની શોધ પણ માતાએ એકલાંએ જ ચલાવેલી. તેમની દાસીને પણ ખંડમાં પેસવા દીધી ન હતી. એટલે બધા સંજોગો મેરી વિરુદ્ધ જ એકઠા થયા છે. એ શી રીતે દૂર કરવા?"

જેમ્સ બોલ્યો, "આ તો ઈશ્વરની કોઈ ગૂઢ લીલા હોઈ આપણે તેનો પાર પામી શકીએ એમ મને લાગતું નથી. મેરી વિરુદ્ધ આવા સંજોગો ઊભા કરીને ઈશ્વરે અમારી અગ્નિપરીક્ષા કરવા ધારી હોય તો અમે તેમના હાથમાં છીએ. તે જે કરશે તે મંગલકારી જ હશે એવી શ્રદ્ધા સાથે અમે તેમના હાથમાં પડીએ છીએ. તેમના નામને ધન્ય હો! આમ બોલી તે આકાશ તરફ જોઈ પ્રાર્થનાના ભાવે બોલ્યો, હે પ્રભુ ! અમે તો તમારાં છીએ અને તમારા હાથમાં છીએ. અમારી મારફતે તમારી ઈચ્છા પરિપૂર્ણ થાવ. અમારી તો એટલી જ માગણી છે કે અમારી ગમે તેવી પરીક્ષા થાય તેમાં અમે દઢપણે ટકી રહીએ તેટલી શ્રદ્ધાનું બળ અમારામાં પૂરજો."

એમેલ્યા હતાશ થઈ વિલાપ કરતાં બોલી, "હાય રે! હવે શું થશે? વીંટી વગર ખાલી હાથે ગઢમાં પાછા જતાં મારો તો પગ જ ઉપડતો નથી. મેરીને બચાવી લેવાની મારી તીવ્ર ભાવના છે પણ મને કશો ઉપાય સૂઝતો નથી. મારાથી એને કશી મદદ કરાશે નહિ તે જાણી મારું મન સાવ હતાશ

થઈ ગયું છે. આ વાત હવે છૂપી રાખી શકાશે નહિ. પિતાજી ઘેર આવશે ત્યારે આજે મારા જન્મદિવસે માતાની આંગળીએ એ વીંટી નહિ જુએ તો તરત પૂછવાના કે વીંટી કેમ પહેરી નથી? કારણ કે એ વીંટી પિતાજીએ મારા જન્મદિને માતાને ભેટ આપેલી અને દરેક વર્ષગાંઠે તે પહેરતાં આવ્યાં છે. પૂછપરછ થતાં વીંટી ગૂમ થયાની વાત બહાર આવવાની અને મેરી પણ તેમાં સંડોવાશે જ. હું તો મેરીને નિરપરાધી માનું છું, પણ માતાપિતા એવું શી રીતે માનશે?''

આખરે નિરાશામાં ડૂબી ભાંગેલા પગલે ઉમરાવપુત્રી ગઢ તરફ ચાલી. દુઃખમાં ડૂબેલી મેરી તેને વિદાયવચન પણ કહી શકી નહિ. જેમ્સ તો શૂન્યમનસ્ક થઈને ટેબલ આગળ ખુરસી પર બેસી ટેબલ પર માથું નાખી પ્રાર્થનામાં લીન થઈ ગયો હતો. આમ ને આમ ક્યાંય સુધી પિતાપુત્રી કશું બોલ્યા વગર પોતપોતાના વિચારમાં ડૂબેલાં રહ્યાં.

આખરે આવો મૌનનો ભાર અસહ્ય થતાં મેરી તેના પિતાના પગ પાસે જઈને બેસી પડી અને ઊંચે જેમ્સના મુખ તરફ જોઈને બોલી, ''પિતાજી, હું ઈશ્વરને માથે રાખીને સાચું જ કહું છું કે મેં કશો અપરાધ કર્યો નથી. ઈશ્વર તે જાણે જ છે. મને ઊંડી શ્રદ્ધા છે કે ઈશ્વર આપણા પડખે રહેશે જ. પણ તમે મને દોષિત ગણતા નથી એટલું તમારા મુખે બોલો કે મારા મનને શાંતિ થાય.''

જેમ્સે પુત્રીને ઊભી કરી અને પોતાની પાસે ખેંચી લઈને તેની પીઠે હાથ પસવારતાં તે બોલ્યો, ''બેટા, હું ખરેખર માનું છું કે તેં કશો દોષ કર્યો નથી. આ તારો નિર્દોષ ચહેરો જ મને પૂરી ખાતરી કરાવે છે.''

મેરી દુઃખના ભાવ સાથે બોલી, ''બાપુજી, આ આફતનો કોણ જાણે શો અંત આવશે? ફક્ત મારા પર જ આ આફત આવી હોત તો હું તો ગમે તેમ કરીને વેઠી લેત. પણ આ પાછલી જિંદગીમાં તમારે મારે લીધે આવું વેઠવાનું આવ્યું તે વિચારથી મારો જીવ ખૂબ બળે છે.''

જેમ્સ બોલ્યો, ''દીકરી, આપણે ઈશ્વર પર બધો ભાર નાખી દઈએ. આપણે પૂરી શ્રદ્ધા રાખીએ કે ઈશ્વર વિના કશું બનતું નથી, અને ઈશ્વરને હૈયે આપણું હિત વસેલું છે. આમ કરીએ તો આપણે એકબીજા માટે ચિંતા કરવાની કે દુઃખી થવાની જરુર જ નહિ રહે.''

મેરી બોલી, "બાપુજી, તમારી વાત તદ્દન ખરી છે. છતાં મારે લીધે જ તમારે પણ આ દુઃખમાં સંડોવાવું પડયું છે એ વિચાર મારા મનમાંથી દૂર થતો નથી. ઈશ્વરનાં કામ તો આપણા જેવાંને અકળ લાગે છે. હું તો ઈશ્વર પાસે એટલું જ માગું છું કે તે મને કોઈ પણ જાતના પાપમાંથી સાચવી રાખે."

જેમ્સે એ વિચારને ટેકો આપતાં કહ્યું. "દીકરી, તારી તપાસ ચાલશે ત્યારે તું સત્યને જ પકડી રાખજે. તારા કથનમાં ક્યાં યે અસત્યની છાંટ ન આવી જાય તેનું ધ્યાન રાખજે. સત્યને વળગી રહેવું એ માણસની પ્રથમ ફરજ છે. તારી પાસે ખોટી કબૂલાત કરાવવા તેઓ તને લાલચ કે ધાકધમકી પણ આપે, પણ તારે સત્ય માર્ગેથી ચળવું નહિ. જેનું મન ચોખ્ખું હોય તે નિરાંતે ઊંઘી શકે છે, કારણ કે તેને કશાનો ડર લાગતો નથી. તેઓ કદાચ આપણને એકબીજાથી અલગ કરી દેશે પણ ઈશ્વરથી તો કોઈ આપણને અલગ કરી શકવાનું નથી. કદાચ હું તારા દુઃખમાં ભાગ લેવા તારી પાસે ન હોઉં પણ ઈશ્વર તો સદા તારી પાસે રહેશે જ. અને તેની તરફથી મળતી મદદ કોઈ અટકાવી શકે તેમ નથી. આપણા ઈશ્વરપિતા સ્વર્ગમાં છે ખરા પણ તે આપણી પાસે પણ હોય છે."

પિતાપુત્રી આ પ્રમાણે વાતો કરી એકબીજાને દિલાસો અને બળ આપી રહ્યાં હતાં, તેવામાં પોલિસ અધિકારી પોલિસો સાથે ધમધમ કરતો ઝાંપા આગળ આવી પહોંચ્યો. ઝાંપો ઝટ ઝટ ખોલી તે પોલિસોને લઈને વાડીમાં ધસી આવ્યો અને જેમ્સના મકાનનાં બારણાં ધમધમાવવા લાગ્યો. જેમ્સે તરત બારણું ખોલ્યું. પોલિસોને જોઈને જ મેરી બીકની મારી બેભાન થઈને ઢળી પડી.

પોલિસ અમલદારે એ કશાની પરવા કર્યા વિના કઠોર વાણીમાં પોલિસોને આજ્ઞા કરી, "આ બાપદીકરીને અલગ કરો. છોકરીને હાથ પગ બાંધી કેદમાં લઈ ચાલો. બાપને પણ નજરકેદમાં લઈ લો, કે જરુર જણાતાં ધરપકડ કરી શકાય. વાડી પર અને મકાન પર સખત ચોકીપહેરો બેસાડી દો. કોઈ અંદર જાય નહિ."

પોલિસોએ ઝડપથી બધી આજ્ઞાઓનો અમલ કર્યો. પોલિસ આવી ત્યારથી જ એક ચીસ પાડીને મેરી તો મૂર્છામાં ઢળી પડી હતી તેથી ત્યાર પછી શું બન્યું તેની તેને કશી ખબર ન રહી. પોલિસો તેને બાંધીને લઈ ચાલ્યા અને પાછળ પિતાને પણ લઈ ગયા.

આ પ્રમાણે પકડી બાંધીને પિતાપુત્રીને ગામ વચ્ચેથી પોલિસો લઈ જતા હતા તે જોવા માટે લોકોનાં ટોળેટોળાં ભેગાં થવા લાગ્યાં. લોકોમાં એ બંનેના જીવન વિષે ભિન્ન ભિન્ન મત હતા. ઘણા લોકો માનતા કે જેમ્સ અને મેરી ઘણાં ધાર્મિક અને સુશીલ છે. જેમ્સ અને મેરી પોતાના કામમાં જ હંમેશાં રોકાયેલાં રહેતાં તેથી લોકો સાથે નકામા બેસીને ગપ્પાં મારવાની તેમને ટેવ ન હતી. ગામડાની અભણ સ્ત્રીઓની અસભ્ય વાતો અને કશા અર્થવગરના ટોળટપ્પા મેરીને ગમતા નહિ, તેથી તે એવી સ્ત્રીઓ સાથે ભળતી ન હતી. તે તો પોતે ભલી અને પોતાનું કામ ભલું, એમ જ જીવન ગાળતી. આથી કેટલીક સ્ત્રીઓ તેને ગર્વિષ્ટ અને અતડી ગણી તેનું ભૂંડુ બોલતી. તેઓને આ પ્રસંગ મળતાં તેઓ કહેવા લાગી, "જોયાં ને ડહાપણ અને મોટાઈ આ લોકોનાં! સારાં દેખાવાનો ડોળ તો બહુ કર્યો, પણ આખરે ઉઘાડાં પડી ગયાં ને! ધૂળ પડી એમના જીવતરમાં! એમના મનમાં તો પોતા જેવાં સારાં દુનિયામાં કોઈ છે જ નહિ એવો ફાંકો હતો! જોયું, કેવી દશા થઈ છે હવે!"

ઈકબર્ગમાં કેટલાક સારાની કદર કરનારા લોકો પણ હતા ખરા. તેઓ જેમ્સ પ્રત્યે પૂરો આદરભાવ રાખતા. તેમને એમની આ દશા જોઈ ખૂબ દુઃખ થયું. છતાં તેઓએ ગુનો નહિ કર્યો હોય એવું તેઓ માનવા તૈયાર ન હતા. આ મોટી માનવ નિર્બળતા છે કે માનવમન બીજાના ભૂંડામાં જ રાચે છે! કોઈ એક જણ તો બોલી પણ ગયો કે, "માનવ સ્વભાવ કેટલો ચંચળ છે! બાકી જેમ્સ અને મેરી જેવાં આવું કરી બેસશે એવો ખ્યાલ કોઈને કદી આવે યે ખરો!"

તો કોઈ બીજો સહાનુભૂતિ દર્શાવતાં બોલ્યો, "જેમ્સ અને મેરીના આચારવિચારનો મને સારો પરિચય છે. એ ગુનેગાર છે એમ ખાતરીથી કોણ કહી શકે? કોઈના ભરમાવ્યાથી કે કપટભાવથી તો આ આળ તેઓના પર ખોટેખોટું નહિ આવ્યું હોય ? હે દયાળુ પિતા, તમે તેઓને સહાય કરજો, અને લોકો સમક્ષ તેઓ વહેલાં નિર્દોષ જાહેર થાય તેવું કરજો. તમને તો સર્વ શક્ય છે. તમે આપો તેટલાં જ માન, આબરુ અમને પ્રાપ્ત થઈ શકે છે. હું માનું છું કે તેમના પર આ જૂઠું આળ આવ્યું છે અને છતાં ચંચળ મનથી ભૂલ થઈ ગઈ હોય તો તેમને પસ્તાવો કરવાનું મન દેજો કે ક્ષમાપાત્ર થઈ શકે." આ પિતાપુત્રીની સ્થિતિ જોઈ લોકો ઈશ્વર પાસે પ્રાર્થી રહ્યા કે તેમને

પાપમાં પડવાની લાલચ ન થાય. ઈશ્વર જ તેમને સુમાર્ગે દૃઢ રીતે ચલાવી શકે તેવા છે તે તેમના મનમાં સારી રીતે ઠસ્યું. માનવ મન કેવું ભૂલને પાત્ર છે તે પણ તેમને ખ્યાલમાં આવ્યું અને તેઓ ઈશ્વરી કૃપા યાચી રહ્યા.

બાળકો તો જેમ્સ અને મેરીને આ પ્રમાણે પકડી લઈ જવાતાં જોઈને રડારોળ કરવા લાગ્યાં, કારણ કે તેઓ પર બાળકોને ખૂબ ભાવ હતો. તેઓ તો કહેવા લાગ્યાં કે કયા દુષ્ટે આમને કેદમાં નાખવાનો પ્રયત્ન કર્યો છે? એમના જેવાં ભલાં માણસો કદી આવું ભૂંડું કામ કરે એ મનાય તેવું જ નથી. હવે અમને ફૂલ ફળ કોણ આપશે ? અમારી સાથે મીઠી મીઠી વાતો કોણ કરશે? તેઓ તો બધાં સરકારી અધિકારીઓને દુષ્ટ અને વિવેકહીન કહેવા લાગ્યાં. ઘણાંને એમની ભલાઈનો વિચાર આવતાં હવે તેમનું શું થશે તેની ચિંતા થવા લાગી. ઘણાં જણ તેમને નિરપરાધી માનતાં હતાં છતાં તેમના માટે કંઈ કરવાની જિગર કરી શક્યાં નહિ. તેઓમાંથી કોઈ દિલાસાના બે શબ્દો બોલવાની હિંમત કરી શક્યું નહીં.

દુનિયાની રીત જ આવી છે. માણસની રહેમનજરનો કશો ભરોસો રખાય નહિ. સારા માણસ પર આવાં ખોટાં આળ આવવાથી બીજા સારા થવા પ્રયત્ન કરનાર હતાશ થઈ જાય તે સ્વાભાવિક છે. બિચારા જેમ્સ પર તો કશા આધાર વગર જ દોષ મૂકવામાં આવ્યો હતો. તેને તો ફક્ત એક જ મિત્ર બચાવી શકે તેવો હતો. અને આપણા બધાંના હકકમાં એ મિત્ર ભાઈ કરતાં યે વિશેષ છે; તે તો આપણો ઈશ્વર છે.

◆◆◆

# પ્રકરણ ૪

# મેરી જેલમાં

મેરીને આ પ્રમાણે મૂર્છામાં જ કેદખાને લઈ જવામાં આવી. ત્યાં નીચે ભોંય પર પાથરેલા પરાળ પર તેને સુવાડવામાં આવી. ધીરે ધીરે ભાનમાં આવતાં તેને પરિસ્થિતિનું ભાન થવા લાગ્યું. પોતે કેદખાનામાં એકલી અટૂલી છે તે જોઈ તે ચોધાર આંસુએ રુદન કરવા લાગી. દુ:ખના ભારથી અને રુદનથી થાકીને આખરે તે ઊંઘમાં પડી. કેટલોક સમય ઊંઘ્યા પછી જાગી ત્યારે તો રાત પડી ગઈ હતી અને ચારે બાજુ અંધકાર વ્યાપી ગયો હતો. અંધકારમાં તેને ખબર ન પડી કે પોતે ક્યાં પડી છે. આગળ બની ગયેલી ઘટનાઓ જાણે એક દુ:સ્વપ્ન આવ્યું હશે એમ જ તેને લાગવા માંડયું. પણ હાથ પર ભાર લાગવાથી જોતાં તેને હાથે નાખેલી બેડીઓ જણાઈ ત્યારે સાચી હકીકત તેને યાદ આવી ગઈ. પ્રથમ તો તે ચમકી ગઈ અને બીકથી ધ્રૂજી ગઈ, પણ પછી સ્વસ્થ થઈને ઘૂંટણિયે પડીને ઈશ્વરની પ્રાર્થના કરવા લાગી, ''હે પ્રભુ! આ મારા દુ:ખમાં હું તમારા સિવાય બીજા કોને આશરે જાઉં? તમારા સિવાય મારું કોણ સાંભળે તેવું છે ? બીજાં બધાં મને તજી દે, પણ તમે મને કદી તજી નહિ દો એવી મને શ્રદ્ધા છે. હે પરમ કૃપાળુ, મારા પર દયા કરો! મારા ઘરડા પિતા પર દયા કરો! તમારો દિલાસો અમને આપો, અમે નિરપરાધી છીએ તે સત્ય વાત બધાંના ધ્યાન પર લાવો. મારા પિતાને આ દુ:ખમાંથી છોડાવી લો. એમના બદલે મારા પર ભલે દુ:ખો આવતાં.''

પિતાના દુ:ખનો વિચાર આવતાં મેરી ફરી રડવા લાગી. મૂંગી મૂંગી ક્યાંય સુધી તે રડતી રહી. ત્યાં તેને છાની રાખનાર કોઈ ન હતું. ઘણો સમય વીત્યા બાદ કેદખાનાની ઊંચી બારીમાંથી ઓરડીમાં ચંદ્રનું અજવાળુ પડવા લાગ્યું. એ અજવાળાની મદદથી મેરીને કેદની ઓરડી જોવા મળી. દીવાલો ખૂબ પૂરાણી થઈ ગયેલી હતી, અને કદી સાફ થતી ન હોવાથી ધૂળના થર અને કરોળિયાનાં જાળાં ઠેરેઠેર બાઝેલાં હતાં. લૂણો લાગવાથી ઈંટો ખવાઈ ગયેલી હતી. ઓરડીમાં એક ખૂણે એક ઘોડી પર પાણીનો ઘડો અને એક માટીની તાવડી મૂકેલી હતી. બીજું કશું રાચરચીલું ઓરડીમાં ન હતું. એકલી અટૂલી હોવાથી તે દુ:ખમાં ડૂબેલી હતી પણ ચંદ્રપ્રકાશ તેને એક જૂના સ્નેહી

સમાન લાગવા માંડયો. તેને પોતાનું નાનું સુંદર ઘર યાદ આવ્યું. અને ચંદ્રપ્રકાશ ઘરમાં દાખલ થતો ત્યારે તેનું મન કેવું ખુશખુશાલ બની જતું તે યાદ કરવા લાગી.

ચંદ્ર સામે જોતાં તેને પોતાના પિતાનું મુખ યાદ આવી ગયું. જાણે તેના પિતા પ્રેમથી તેની સામે જોઈ રહ્યા ન હોય! આ પ્રમાણે મેરી પોતાનું દુઃખ ભૂલી રહી હતી ત્યારે ઓરડીમાં પ્રસરી રહેલી સુગંધ તેના ધ્યાનમાં આવી. તેને નવાઈ લાગી કે અહીં કેદખાનામાં આટલી રાત્રે આ સુગંધ ક્યાંથી? કેટલાયે સમય પછી એના ધ્યાન પર આવ્યું કે એ સુગંધ તો તેના અંબોડામાં બાંધેલી વેણીમાંથી આવતી હતી. સવારમાં ગઢમાં જતાં પહેલાં તેણે એ વેણી બાંધી હતી અને હજી સુધી એની સુગંધ ચાલુ હતી તે જાણી તે આશ્ચર્ય પામી. વેણી છોડી તેને ચંદ્રના પ્રકાશમાં ધરીને તે ફૂલ જોવા લાગી. તે વિચારી રહી, "સવારે ગુલાબની કળીઓ વીણી વીણીને હું ગૂંથી રહી હતી ત્યારે કોઈને સ્વપ્ને યે ખ્યાલ આવ્યો હોત ખરો કે રાત પડતાં પહેલાં હું જેલમાં પૂરાઈ ગઈ હોઈશ! પેલી ટોપલી શણગારતી વખતે કોણે કલ્પ્યું હોત કે સાંજે મારા હાથમાં બેડીઓ પડવાની છે. આ પરથી માનવીનું ભાવિ કેટલું અકળ અને દુઃખમય હોય છે તે સમજવાનું છે. ભલા ભોળા માણસોને પણ કદી કદી અણધાર્યા દુઃખ ભોગવવાં પડે છે. આપણે તો પ્રભુને શરણે જઈ તેમના આશરે જીવવાનું છે."

આવા આવા વિચારો આવતાં ફરી તેને દિલમાં લાગી આવતાં આંખમાંથી આંસુ સરીને ફૂલો પર પડતાં તે ઝાકળબિંદુ સમાન ચમકી રહ્યાં. તેના બગીચામાં સવારે સૂર્યપ્રકાશમાં ચમકતાં ઝાકળબિંદુની યાદ આવી જતાં ઈશ્વરકૃપાનો ખ્યાલ તેને આવવા લાગ્યો. "ફૂલો પર ઈશ્વર આટલી રહેમ નજર રાખે છે તો મને ઈશ્વર કેમ વિસરી જશે? પ્રભુ! ચીમળાતાં ફૂલોને તાજાં કરવા ઝાકળ તમે જ મોકલો છો, તો અમ પિતાપુત્રીને આ કસોટીના તાપથી રક્ષવા તમારી કૃપાનાં બિંદુ અમારા પર પડવા દો." મેરીને તેના પિતાની શિખામણની વાતો યાદ આવવા લાગી. અને તેથી તેને દિલમાં શાંતિનો અનુભવ થવા લાગ્યો. કાંટાની વચ્ચે કેવાં સુંદર ગુલાબ ખીલે છે! આ દુઃખોમાંથી જ ઈશ્વર સુખનો અનુભવ કરાવશે એવી શ્રદ્ધા મારે રાખવી જોઈએ મેરી આશ્વાસન મેળવવા લાગી. ફૂલની કળીને અકાળે ખીલવવી ન જોઈએ. તે તેના સમયે જ ખીલીને સુંદર પુષ્પ બને છે. મારે પણ સુખ પામતાં પહેલાં આ દુઃખના સમયમાં પૂરી ધીરજ રાખીને આધીન થવું જરુરી

છે. યોગ્ય સમયે ઈશ્વર પૂર્ણ સુખમય સ્થિતિ ખીલવશે, અને તેની સુવાસ સર્વત્ર ફેલાવશે. મારે શ્રદ્ધા રાખીને દુઃખ સહન કરવાં જોઈએ, અને બીજું બધું ઈશ્વર પર છોડવું જોઈએ. મેં તો આ ફૂલોને છોડ પરથી ચૂંટીને અલગ કર્યાં, છતાં તેમણે પોતાની સુગંધ આપવાનું છોડયું નહિ, આ જેલની ઓરડીને પણ સુગંધથી ભરી દીધી, અને મારા મનને પ્રફૂલ્લ કરી દીધું. મારા અવગુણનો બદલો ગુણથી વાળ્યો. મારે પણ એમ જ કરવું જોઈએ. મારે એ બધાંને દિલથી ક્ષમા આપવી જોઈએ. હું તેમને માફ કરીશ અને તેમના હિત માટે પ્રાર્થના કરતી રહીશ.

મેરીના મનમાં આમ મંથન ચાલતું હતું તેવામાં ચંદ્ર આડે વાદળ આવવાથી ઓરડીમાં અંધારું વ્યાપી ગયું, અને ફૂલો દેખાતાં બંધ થયાં. પણ થોડી જ વારમાં વાદળ પસાર થઈ ગયું એટલે ફરીથી ઓરડીમાં અજવાળું પથરાઈ ગયું. એ પરથી મેરીએ મનમાં આશ્વાસન લીધું કે ખોટું આળ આવવાથી મારું નિર્દોષપણું આ ચંદ્રની પેઠે થોડો સમય ઢંકાઈ ગયું છે, પણ વહેલું કે મોડું એ ખુલ્લું થયા વિના રહેવાનું નથી. મારું નિરપરાધીપણું ફરી જાહેર થશે ત્યારે ઓર પ્રકાશી ઊઠશે.

આ પ્રમાણે વિચારો કરતી કરતી મેરી ફરીથી ભોંય પર પાથરેલા પરાળ પર સૂઈ ગઈ. સૂતાં સૂતાં તે બાઇબલનાં જે વચનો તેને મોઢે હતાં તે બોલવા લાગી. ધીરે ધીરે તેના મનમાં શાંતિ વળતાં તે ઊંઘી ગઈ. તે ઊંઘમાં સ્વપ્ન જોવા લાગી. જાણે કોઈ અરણ્ય જેવા પ્રદેશમાં એક વાડીમાં તે ફરતી હતી. વાડીમાં મોટાં મોટાં ઝાડ હતાં, અને સુંદર ફૂલછોડ પણ હતા. વાડીમાં સંપૂર્ણ શાંતિ અને સુખનું વાતાવરણ જામેલું હતું. વાતાવરણ ખુશનુમા હતું. ત્યાં તેના પિતા સુખચેનથી રહેતા જણાયા. મેરી તેમને જોતાં જ દોડીને જઈને ભેટી પડી. પિતાને મળવાથી તેને હર્ષનાં આંસુ આવ્યાં અને તેથી તેના ગાલ ભીંજાયા. તે જાગી ઊઠી, તો આ તો સ્વપ્ન હતું એ ખબર પડતાં તે જરા નિરાશ તો થઈ, પણ પિતાને સુખમાં જોવાનો આનંદ ક્યાંય સુધી તે વાગોળી રહી.

◆◆◆

## પ્રકરણ ૫

# મેરીના કેસનો ચુકાદો

સવારે પોલિસ અધિકારી મેરીને કચેરીમાં લઈ જવા આવ્યો ત્યારે મેરી તો માંડ ઊંઘમાંથી જાગી હતી. પ્રાતઃકર્મ પતાવી તે કોર્ટમાં આવી ત્યારે ત્યાંની બધી કાર્યવાહી જોઈ તે ગભરાઈ ગઈ. કોર્ટના ખંડમાં લગભગ અંધારું જ રહેતું હતું. ન્યાયાધીશની ખુરશી પર કીરમજી ચાદર પાથરેલી હતી. તેના આસનથી સહેજ નીચે એક જૂના કાળા પડી ગયેલા ટેબલ પાસે શિરસ્તેદાર બેઠો હતો. ન્યાયાધીશે મેરીને ઉલટસુલટમાં ઘણા પ્રશ્નો પૂછ્યા, પણ મેરીએ તો જે સત્ય હતું તે જ જણાવ્યું. પોતે નિર્દોષ છે એ વાત મેરીએ રડતાં રડતાં જણાવી ત્યારે ન્યાયાધીશ કડકાઈથી બોલ્યો, "એમ જૂઠું બોલીને તું મને છેતરવા જઈશ તે ચાલવાનું નથી. તારા વગર બીજું કોઈ એ ખંડમાં ગયું નથી એ ચોક્કસ છે માટે તું જ ચોર છે. હવે બીજી ચાલાકી છોડીને ગુનો કબૂલ કરી લે તો સારું!"

મેરીએ રડતાં રડતાં જણાવ્યું, "નામદાર! હું અસત્ય બોલતી નથી. મેં વીંટી જોઈ નથી કે લીધી નથી, એ જ સત્ય છે."

ન્યાયાધીશ : "એ વીંટી તારા હાથમાં જોનાર સાક્ષી છે, એનો તારી પાસે જવાબ છે?"

મેરી : "એમ બને એ શક્ય જ નથી, નામદાર!"

આ સાંભળી ન્યાયાધીશે હુકમ આપ્યો કે માર્ગરિટને બોલાવવામાં આવે.

આ દાસી માર્ગરિટ દરેકના મોઢે કહેતી ફરતી હતી કે મેરીએ જ એ વીંટી લીધી છે, એ મેં જોયું છે. આવો ખોટો આરોપ મૂકવાનું કારણ એટલું જ કે તેને મેરીની ઈર્ષા આવતી હતી. કુંવરી એમેલ્યા મેરી પર વધુ ભાવ રાખવા લાગી તે તેનાથી સહન થતું ન હતું. મેરીને પોષાક ભેટમાં આપ્યો ત્યારે તો તેનો જીવ જ જાણે કપાઈ ગયો. આથી મેરી પર આ આરોપ ઢોળીને તે તેનો પગ ગઢમાંથી ટાળવા માગતી હતી. તે તો એટલે સુધી કહેતી હતી કે મેરી ગઢમાંથી નીકળી ઘેર જતી હતી ત્યારે એ વીંટી તેની આંગળી પર પહેરેલી હતી! તેમાંનું નંગ ઝગઝગતું મેં મારી નજરે જોયું હતું! મેરી પણ ઘડી ઘડી એ વીંટી જોયા કરતી હતી! પણ અચાનક મારા પર નજર પડતાં

તેણે એકદમ હાથ સંતાડી દીધો હતો! હું તો ત્યારે જ જાહેર કરત પણ કદાચ વીંટી પણ તેને ભેટ આપી હોય તો મારે ભોંઠા પડવાનું થાય ધારી હું ચૂપ રહી હતી.

માર્ગરેટ હાજર થઈ એટલે ન્યાયાધીશે માર્ગરેટને સોગંદ પર સાચું બોલવાની તાકીદ કરી વીંટી વિષે તેને જે કંઈ જાણકારી હોય તે કોર્ટમાં જાહેર કરવા જણાવ્યું. માર્ગરેટ તો મનમાં ખૂબ ગભરાઈ પણ હવે થૂંકેલું પાછું ગળાય તેમ ન હતું એટલે તેણે બેધડક જૂઠાણું ચાલુ જ રાખ્યું. તેણે ન્યાયાધીશ આગળ જ મેરીને મોં પર કહ્યું કે "વીંટી તેં જ લીધી છે. મેં તે તારી આંગળીએ જોઈ હતી."

મેરી આ જૂઠાણું સાંભળી કંપી ઊઠી. તેણે માર્ગરેટને આટલું જ કહ્યું "માર્ગરેટ, આ સાચું નથી એ તારું મન જાણે છે, તેં વીંટી મારા હાથે જોઈ જ નથી. મેં તારું કદી યે કશું બગાડયું નથી, છતાં સોગન ખાઈને આવું જૂઠું બોલી પાપમાં શા માટે પડે છે ?"

પણ માર્ગરેટ હવે પોતાનું વેણ પાછું ખેંચી શકે એમ હતું જ નહિ. ન્યાયાધીશે તેને આમતેમ થોડા પ્રશ્નો પૂછીને જવાની રજા આપી. ન્યાયાધીશના મનમાં હવે મેરી જ ગુનેગાર છે એવી ખાતરી થઈ ચૂકી હતી. તેણે મેરીને કહ્યું.

"મેરી, સઘળા પુરાવા તારી વિરુદ્ધમાં જાય છે. જોનારે તારા હાથમાં વીંટી જોઈ છે, એ હકીકત છે, માટે હવે તો કબૂલાત કરીને વીંટી સંતાડી હોય ત્યાંથી કાઢી આપવાનું જ તારા હિતમાં છે."

મેરી શાંત રહીને દઢતાથી બોલી, "મેં વીંટી જોઈ નથી અને તે મારી પાસે છે જ નહિ, એ જ સત્ય હકીકત છે."

આ સાંભળી ન્યાયાધીશે દેશના ધારા પ્રમાણે ગુનો કબૂલ કરાવવા માટે મેરીને નિર્દય રીતે ફટકા મારવાની આજ્ઞા કરી. ફટકાનો અસહ્ય માર સહન ન થવાથી મેરી ચિસો પાડતી હતી. તેના શરીર પર સોળ ફૂટી નીકળ્યા અને લોહીના ટસિયા ઉપસી આવ્યા. છતાં તે સત્યને વળગી રહી અને પોતે વીંટી સંબંધી નિર્દોષ છે એ વાત જ પકડી રાખી. અંતે તેને અંધારી ઓરડીમાં પૂરી દેવાનો હુકમ અપાયો. મારથી ખૂબ જ નિર્ગત થયેલી મેરીને વેદનાને લીધે અંધારી ઓરડીમાં પણ ચેન પડયું નહિ કે નિદ્રા આવી નહિ. આવા

મહાદુઃખના સમયે પિતાનાં વચનો તેને યાદ આવી દિલાસારૂપ બની રહ્યાં, "દીકરી, હવે હું તારાથી વિખૂટો પડીશ, પણ પ્રભુ તો સતત તારી સાથે જ રહેશે, માટે તેમને વળગી રહેજે. તારા ઉદ્ધારક પ્રભુની પ્રાર્થના કરવાનું ચૂકતી નહિ." ખૂબ વેદના વચ્ચે પણ તે પ્રભુ તરફ પ્રાર્થનામાં તલ્લીન થઈ અને તેને મીઠી નિદ્રા ક્યારે આવી તેની યે ખબર ન રહી.

બીજે દિવસે મેરીને ફરી કોર્ટમાં હાજર કરવામાં આવી. ન્યાયાધીશે હવે સખતાઈ છોડી બીજી રીતે લાલચમાં નાખવાનો વિચાર કર્યો. તેણે કહ્યું,

"દીકરી, હઠ કરીને તું જીવનું જોખમ શા માટે વહોરી રહી છે? ચોરીની સજા તો મોત જ છે એ તું નથી જાણતી ? તું જો એટલું જ કહી દે કે વીંટી અણસમજમાં મેં લીધી હતી તો તને કશી હાનિ પહોંચવાની નથી." જોકે ન્યાયાધીશ આ ખોટું બોલ્યો હતો. મેરી કબૂલાત કરે પછી તો તેને સજામાંથી કોઈ જ બચાવી શકે તેમ ન હતું. પણ મેરી સત્યમાં દૃઢ હતી તેથી ન્યાયાધીશનાં આવાં વચનથી ભરમાઈ નહિ. તે તો એક જ વાત કહેતી રહી કે "વીંટી મેં જોઈ નથી કે લીધી નથી."

ન્યાયાધીશે એક બીજો ઉપાય અજમાવી જોયો, તેણે ચોરીના ગુનામાં તેના પિતાને સંડોવવાનો વિચાર કરી મેરીને કહ્યું,

"હઠીલી છોકરી, તું એમ ન સમજતી કે તારો બાપ આમાંથી કોરો છટકી જશે. આ તો તમારા બંનેનું કાવતરું છે એ અમે સમજીએ છીએ, અને તું કબૂલ કરે કે ન કરે પણ બંને જણને અમારે સજા કરવી પડશે. અને અમે પહેલાં તારી નજર સામે તારા બાપને ફાંસી દઈશું કે તારા પાપે બાપને મરવું પડે છે તે તને ખબર પડે. પછી તારો વારો આવશે, સમજી ? તું તો જુવાન છે અને આવેશમાં જીવ ગુમાવવા બેઠી છે, પણ તારા વૃદ્ધ પિતાની તો દયા ખા! એમને શા માટે કમોતે મારવા બેઠી છે ? તારામાં આટલી હઠીલાઈ આવી છે તેનું કારણ તારા બાપની શિખામણ જ હોવી જોઈએ."

ન્યાયાધીશની આવી અવળવાણી સાંભળી મેરી ખૂબ દુઃખી થઈ. તે ખૂબ જ મૂંઝવણમાં પડી ગઈ અને શું કરવું ને શું ન કરવું તેનું તે ભાન ગુમાવી બેઠી. પોતે જ પિતાના મોતનું નિમિત્ત બનશે એ ખ્યાલથી તે દુઃખી દુઃખી થઈ ગઈ. આમ મેરીને શૂનમૂન બનેલી જોઈ ન્યાયાધીશ બોલ્યો,

"મેરી, તું તારો ગુનો કબૂલી લે તો તારા પિતા નિર્દોષ ઠરી જશે."

મેરી માટે આ અતિ આકરી કસોટી હતી. સૂઝ ન પડવાથી તે મૌન ધારણ કરી ઊભી રહી. પિતાનો જીવ બચાવવા તેને જૂઠું બોલવાનું મન થઈ આવ્યું, પણ તેના પિતાની વાત યાદ આવતાં તે ફરી દઢ થઈ ગઈ. કોઈ પણ ભોગે જૂઠું તો બોલવું જ નહિ એવો નિશ્ચય તેણે કર્યો. ભલે પિતાપુત્રી બંનેને મોત સહેવું પડે. પિતાનો જીવ બચાવવા ઈશ્વર વિરુદ્ધ પાપ આચરવું યોગ્ય નથી. પ્રભુ, તમે જ અમારો બચાવ કરનાર છો. અમારા જીવ બચાવવા ખાતર પણ જૂઠું બોલવાની મારાથી હિંમત થવાની નથી. આખરે તે મોટેથી બોલી, "તમારી ક્રૂર ધારણા બર લાવવા ભલે તમે પ્રાણ લો, પણ કૃપા કરી મારા પિતાને આમાં સંડોવશો નહિ." ન્યાયાધીશ કડક હોવા છતાં કંઈક નરમ પડયો.

◆◆◆

## પ્રકરણ ૬

# પિતાપુત્રી વચ્ચે જેલમાં મુલાકાત

હવે આ બાબતમાં શું કરવું તેની ન્યાયાધીશને ખૂબ વિમાસણ થઈ. તેણે પોતાના શિરસ્તેદાર સાથે કેસ વિષે ચર્ચા કરતાં કહ્યું,

"આજે ત્રણ ત્રણ દિવસથી આ તપાસ ચાલી રહી હોવા છતાં હજી ગુનેગાર કે મુદામાલની ભાળ મળી શકી નથી. આ યુવતી તો સાલસ અને ભોળી દેખાય છે. બીજું કોઈ ગુનેગાર છે એટલું માલૂમ પડે તો તરત હું એને છોડી દઉં, પણ એની વિરુદ્ધ સંજોગોના પુરાવા એટલા ચોક્કસ છે કે મારે લાચારીથી તેને જ ગુનેગાર માનવી પડે છે."

ન્યાયાધીશે ફરી ઉમરાવબાનુની ઉલટ તપાસ લીધી. માર્ગરિટને ફરી તપાસ માટે બોલાવી. તેણે ઘટનાનાં બધાં પાસાં વિષે ઝીણવટથી મંથન કર્યું. પછી છેક સાંજે જેમ્સને પોતાની પાસે બોલાવ્યો.

જેમ્સ હાજર થયો ત્યારે ન્યાયાધીશે તેને કહ્યું:

"લોકો મને ખૂબ કડક ન્યાયાધીશ તરીકે ઓળખે છે, પણ હું કોઈને વગર વાંકે કદી સજા કરું એવો નથી. તમારી પુત્રીને બચાવી શકાય તો બચાવવા હું ખૂબ આતુર છું, પણ સંજોગો તેની વિરુદ્ધ જાય છે. ખાસ તો માર્ગરિટની જુબાની તેના માટે ખતરનાક છે. હવે મને એક વિચાર આવે છે કે મેરી જો કબૂલ કરે કે મેં વીંટી લીધી છે ખરી અને અજ્ઞાનતામાં થયેલી એ ભૂલની માફી માગે અને વીંટી પાછી આપે તો તેની નાની ઉંમર ધ્યાનમાં લઈ તેને કદાચ દેહાંતદંડને બદલે હળવી શિક્ષા કરવામાં આવે, પણ ગુનાનો ઈનકાર જ કર્યા કરશે તો બચવાની કોઈ જ આશા નથી. માટે તમે પિતા તરીકે તેનું હિત ચાહીને તેને સમજાવો તો સારું. આ મારું સૂચન તમે સફળ રીતે પાર નહિ પાડી શકો તો અમારે એમ જ માનવું પડશે કે તમે પણ કાવતરામાં સામેલ છો, અને વીંટી નહિ રજૂ કરો તો પરિણામ અતિ ભયંકર આવશે એ પણ ખયાલમાં રાખજો."

જેમ્સ : "નામદાર, આપનું કહેવું યોગ્ય છે, મારી દીકરી સાથે વાત કરીને સત્ય શોધી જાહેર કરવા હું તૈયાર છું. મેરીને સમજાવવાનો પ્રયત્ન હું કરીશ ખરો, પણ મને ખાતરી છે કે આ બાબતમાં મેરી નિર્દોષ છે અને મેરી સત્ય જ કહેતી હોવાથી તેનું મન ફેરવવાનું શક્ય નથી. છતાં હું તેને

મળવા જવા તૈયાર છું. નિર્દોષ હોવા છતાં તેને મરવું પડશે એ દુઃખની બાબત છે. પણ તેના મરણ પહેલાં અમારો મિલાપ થવાથી અમને અરસપરસ આશ્વાસન મળશે.''

એ પછી કેદખાનાનો દરોગો જેમ્સને મેરી પાસે તેડી ગયો. મેરી તો હતાશ થઈને તેની પરાળની પથારી પર આડી પડી હતી. પગલાંના અવાજથી મેરી બેઠી થઈ અને નજર કરી તો ફાનસના અજવાળામાં તેના પિતાને ઓરડી તરફ આવતા દીઠા. જેમ્સ ઓરડીમાં આવતાં જ તે તેને વળગી પડીને કંઈ પણ બોલ્યા વિના તેની સામે જોઈ રહી. પિતાની સ્થિતિ પણ એવી જ હતી.

થોડી ક્ષણો બાદ સ્વસ્થ થઈને જેમ્સે પોતાના આવવાનું પ્રયોજન જણાવ્યું. બધી વાત સાંભળી મેરી રડતાં રડતાં બોલી,

''પિતાજી, શું હજી તમને મારા પર શંકા છે? શું તમારા દિલમાં મારી નિર્દોષતા સંબંધી ખાતરી નથી થઈ ? પિતાજી, હું આગ્રહપૂર્વક આજીજી કરીને જણાવું છું કે હું નિર્દોષ છું, મેં વીંટી જોઈ જ નથી કે લીધી નથી એ જ સત્ય છે એ મારી વાત માનો.''

મેરીની આવી દઢતાથી જેમ્સની ખાતરી વધુ દઢ થઈ. તે બોલ્યો, ''બેટી! તું દુઃખી ન થઈશ, તારા મનમાં ખાતરી રાખજે કે, હું તને નિર્દોષ માનું છું અને કોઈ મને એ માન્યતામાંથી ડગાવી શકવાનું નથી. હું તો ન્યાયાધીશની આજ્ઞા માની તને પૂછવા આવ્યો છું. તને મળીને આશ્વાસન મેળવવાની પણ ઝંખના તો હતી જ.''

બે ચાર દિવસમાં જ મેરીની થયેલી બેહાલ દશા જોઈને જેમ્સનું હૃદય દ્રવી ગયું. રડી રડીને મેરીની આંખો સૂઝી ગઈ હતી. તેના ગાલ પર આંસુના ડાઘ હતા. ભૂખ વેઠવાથી ગાલમાં ખાડા પડી ગયા હતા. તેના વાળ તથા પહેરેલાં કપડાં અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. હંમેશાં સુઘડ અને વ્યવસ્થિત રહેતી મેરીની આવી અવદશા જોઈ જેમ્સ કલ્પાંત કરતાં બોલ્યો,

''દીકરી, આ તેં શી દશા કરી નાખી છે તારી જાતની! ઈશ્વરે તારી ખૂબ જ આકરી તાવણી કરવા માંડી છે. તારી આટલી નાની, કાચી વયમાં તારા પર આ શો ગજબ જુલમ થઈ રહ્યો છે! અરેરે! આ તો હજી શરૂઆત જ લાગે છે અને કોણ જાણે આ બધાનો શો અંજામ આવશે? તું નિરપરાધી છે પણ તારી એ વાત કોઈ માનશે નહિ અને જાતજાતના

જુલમ તારે વેઠવા પડશે. આ લોકો ભલે સારા દેખાય પણ તેઓની નિર્દયતાનો પાર નથી. એમાં તો તેમને મઝા પડે છે. દીકરી! તારું મન દઢ રાખજે. આ લોક તારો જીવ લીધા વિના છોડશે નહિ એમ જ મને લાગે છે."

જેમ્સ ખૂબ દુ:ખી થઈ ઈશ્વરને વિનવી રહ્યો, "હે દીનબંધુ ગરીબોના સ્વામી તમે બધું જાણો છો. અમારા વિષે તમારી શી યોજના હશે તે અમો પામર મનુષ્યો ક્યાંથી સમજી શકીએ ? પ્રભુ! શું મારી આ નાજુક નિર્દોષ બાળકીનો દેહાંત થશે ? અમે બીજું તો શું કહીએ, પણ તમારી ઈચ્છા અમારામાં અને અમારી મારફતે પરિપૂર્ણ થાઓ! અમે તો તમારે શરણે છીએ!"

એ પછી મેરી હિંમતપૂર્વક પિતાને આશ્વાસન આપતાં બોલી, "પિતાજી! મને મારી તો લગારે ચિંતા નથી. મારા પર આવનારાં દુ:ખો સહેવા તો હું તૈયાર જ છું. પણ આ વૃદ્ધાવસ્થામાં તમારાથી એકલા આ બધું શી રીતે સહન થશે એની મને ચિંતા થયા કરે છે. હું નહિ હોઉં ત્યારે તમારી સંભાળ કોણ લેશે? વળી કશા દોષ વગર તમને પણ દેહાંતદંડ દેવાની વાતો આ લોકો તો કરી રહ્યા છે. હું તો આ બધી વાતોથી ડરી ગઈ છું."

જેમ્સ : "મને તો કશી આંચ આવવાની નથી. આ તો તને ગભરાવી નાખી કબૂલ કરાવવાની યુક્તિ છે, માટે મારી ચિંતા છોડી દે. મારા વિષેની ન્યાયાધીશે આપેલી ધમકી તો ખાલી જ છે."

મેરી : "આ શબ્દો સાંભળી મને શાંતિ વળે છે. મને તો મરવાની જરાયે બીક નથી. મૃત્યુ પછી તો મારા ઉદ્ધારકની પાસે જવાશે અને ત્યાં મારી વહાલી માતાને મળવાનું થશે એ કેટલા આનંદની વાત કહેવાય."

દીકરીના મરણની વાતથી જેમ્સના હૃદય પરનો કાબૂ છૂટી ગયો, અને એક સ્ત્રીની પેઠે તે મોકળા દિલે રડી પડયો. થોડીવાર રડવાથી મન શાંત થતાં તે બોલ્યો,

"ઈશ્વરે તને આવી નમ્ર અને સુશીલ બનાવી છે તે માટે હું તેમનો આભાર માનું છું. પણ આ ઉંમરે એકની એક પુત્રી આ રીતે ખોવી પડે એ દુ:ખની તો કલ્પના જ કોણ કરી શકે ? મારું તો સર્વસ્વ જવા બેઠું છે, છતાં હું ઈશ્વરને શરણે છું. તેમને ઠીક લાગે તે ખરું! દીકરી, હવે મારે જવાનો સમય થયો છે. ઈશ્વર જે ભોગ માગે તે ધરી દેવા હું તૈયાર છું. અત્યારે તે તારી માગણી કરી રહ્યા છે, તેથી હું તને તેમને હવાલે સોંપું છું. કદાચ ઈશ્વર

તને આ રીતે વહેલા લઈ લઈને ભાવિના ભારે દુ:ખો અને પાપોથી ઉગારી લેવા માગતા હશે. હવે હું મારી છેલ્લી શિખામણ આપતો જાઉં. તારા પર આ દોષ સાબિત થાય તેમાં માર્ગરેટની જુબાની ખૂબ જ મહત્વની છે. છતાં તું તેના પર વેરભાવ સેવીશ નહિ. મરતાં પહેલાં તેનો એ ગુનો તેને માફ કરી દેજે. અત્યારે તો તું દુ:ખ ભોગવે છે અને તે સુખચેનમાં રહે છે, પણ તું નિરપરાધી હોવાથી તેના કરતાં અનેકગણી વધુ સુખી છે. આપણા પ્રભુએ પોતાને ક્રૂસે જડનારાને ક્ષમા આપી હતી. તારે માટે પણ એવો જ સમય આવ્યો છે. તો તારો પ્રભુપ્રેમ દેખાડવાનું ચૂકીશ નહિ."

મેરી : "પિતાજી, તમારી વાત ખરી છે. હું તેના પર પ્રેમ દાખવીને તેને ખરા મનથી માફ કરું છું. તેને પોતાના કર્મનું ભાન થશે ત્યારે ખૂબ પસ્તાવો થશે. હું ઈશ્વર પાસે માગું છું કે તે તેને પસ્તાવો કરવાનું મન આપે અને પોતા તરફ વાળે."

એટલામાં જેમ્સને લેવા આવતા દરોગાના પગલા સંભળાયાં, એટલે જેમ્સે અંતિમ વિદાયવચન બોલતાં કહ્યું,

"દીકરી, હવે મારે જવું પડશે. હવે તને આપણા ઉદ્ધારક પ્રભુના હાથમાં સોંપું છું. તેમના પર શ્રદ્ધા રાખજે. તે તને જોઈતી શક્તિ પૂરી પાડશે. હવે આપણો ભેટો થવાની મને કોઈ આશા નથી, પણ આ દુનિયા છોડીને ગયા પછી સ્વર્ગે મળીશું. તારા અને મારા મૃત્યુને બહુ છેટું નહિ પડે."

દરોગાએ સૂચના કરી એટલે જેમ્સ જવા તૈયાર થયો, પણ મેરી તો તેને વળગી જ રહી. તે કેમે કરી છૂટી થવા માગતી ન હતી. આખરે જેમ્સે તેને હળવેથી છૂટી કરી ત્યારે તે બેશુદ્ધ થઈને ઢળી પડી. જેમ્સને ન્યાયાધીશ પાસે રજૂ કરવામાં આવ્યો અને ત્યાં તેણે આકાશ તરફ હાથ ઊંચા કરીને ઘોષણા કરી કે "નામદાર ! હું સોગંદપૂર્વક કહું છું કે મારી દીકરી નિર્દોષ છે એવી દૃઢ ખાતરી છે."

ન્યાયાધીશ પણ તેની આ જાહેરાત સાથે સંમત થયા . પણ તેમણે કહ્યું કે, "અન્ય પૂરાવા સામે તમારી આટલી જાહેરાતથી હું તેને નિર્દોષ છોડી મૂકવા અસમર્થ છું. મારે કાયદા પ્રમાણે તેને સજા કરવી પડશે."

◆◆◆

# પ્રકરણ ૭

## મેરીને સજા

ગામના લોકો તેમ જ ગઢમાં રહેનારાં બધાં મેરીને શી સજા થાય છે તે જાણવા આતુર હતાં. લોકો ને ડર હતો કે અત્યારના ધારા પ્રમાણે ચોરને દેહાંતદંડ દેવામાં આવે છે તે મેરીને પણ લાગુ પડાશે. ગમે તેવી હલકી વસ્તુની ચોરી માટે પણ દેહાંતદંડ દેવાનો કાયદો હતો. ઉમરાવ આશા રાખતા હતા કે કોઈ રીતે પણ મેરી નિર્દોષ ઠરશે અને તેને બચાવી લેવાશે. તેમણે બધા પૂરાવા ફરી તપાસી જોયા અને ન્યાયાધીશને ખૂબ ઝીણવટથી પ્રશ્નો પૂછ્યા. પણ મેરીને ઉગારી લેવાનો કોઈ જ ઉપાય હાથ ન આવ્યો, ત્યારે તે પણ નિરાશ થઈ ગયા. ઉમરાવપત્ની તથા ઉમરાવપુત્રી પણ મેરી નિર્દોષ ઠરે માટે પ્રયત્નો કરી રહ્યાં હતાં. તેઓએ જાતે ન્યાયાધીશને વિનંતિ કરી કે મેરીને દેહાંતદંડમાંથી બચાવી લો તો સારું. ઉમરાપુત્રી તો એટલું કહેતાં રડી પડી હતી. મેરીના પિતા તો બીજી કોઈ રીતે કંઈ કરી શકે તેમ હતું જ નહિ તેથી તે રાતદિવસ પ્રાર્થનામાં ઈશ્વર પાસે સતત માગ્યા કરતા હતા કે "પ્રભુ! મારી પુત્રીની નિર્દોષતા બધાંને જોવા મળે એટલી કૃપા કરો."

મેરીને તો દેહાંતદંડ દેવાશે તેવી વાત બધે ચર્ચાવા લાગી ત્યારથી દાસી માર્ગરેટની તો ઊંઘ જ ઊડી ગઈ હતી. તેને જરાયે ચેન પડતું ન હતું. તે ન છૂટકે બે કોળિયા ખાતી. તે પોતાનું દુઃખ છુપાવવા ખૂબ મથતી. કોઈ કોઈ વાર તો ઊંઘમાં ભયંકર સ્વપ્ન જોઈ તે ચીસ પાડીને જાગી જતી. એક વાર તો મેરીને દેહાંતદંડ દેવાયો અને તેનું શિરચ્છેદ થતાં તેનું લોહીવાળું માથું માર્ગરેટને સ્વપ્નમાં દેખાયું, ત્યારે તો તે ખૂબ જ છળી ઊઠી. તેને એટલે સુધી વિચાર થઈ આવ્યો કે ન્યાયાધીશ આગળ જઈને જૂઠી શાહેદી પૂર્યાની ક્ષમા માગું. પણ તેની દુષ્ટ ભાવના વધુ બળવાન હતી. તેથી ગુસ્સો લાવી તે મનમાં બબડી. " છો ને જે થવાનું હોય તે થાય. એવી એ ચાંપલી તો એ જ લાગની છે. હું હવે મારું બોલેલું ફેરવી બધાંની હાંસીનું પાત્ર શું કરવા થાઉં?" એમ વિચારી તેણે પોતાનું મન વધુ હઠીલું કર્યું.

આખરે ન્યાયાધીશે મેરીને આ પ્રમાણે સજા ફરમાવી : "આરોપી મેરીએ ઉમરાવ નામદારના ગઢમાંથી વીંટીની ચોરી કરી છે એવો પુરાવો મળે છે અને તે સખત શિક્ષાને પાત્ર છે, પણ તેની ઉંમર તેમ જ તેની

આગલી જિંદગીમાંની સારી ચાલચલગત ધ્યાનમાં લેતાં તેને ફાંસી ન દેતાં દેશનિકાલની સજા કરવામાં આવે છે. તેના પિતાએ તેને સન્માર્ગનું શિક્ષણ ન આપ્યું અને આ ગુનામાં ઉત્તેજન આપ્યું હોય એવી શંકા ઊઠે છે, તેથી તેનો પણ અપરાધ ગણીને બંનેને સાથે જ હદપારીનો હુકમ આપવામાં આવે છે. આ ગુનાની તપાસમાં ઉમરાવ નામદારને તેમ જ સરકારને ખર્ચ કરવું પડયું છે તે માટે તેમની બધી મિલકત જપ્ત કરવામાં આવે છે. આ શિક્ષાનો અમલ આવતી કાલ સવારથી જ થાય એવો હુકમ કરવામાં આવે છે.''

બીજા દિવસે વહેલી સવારે એક પોલીસ અમલદાર સજાનો અમલ કરવા મેરી તથા તેના પિતાને ઉમરાવની જાગીરની હદ પાર કરવા લઈ જતા હતો ત્યારે ગઢની બારીએથી માર્ગરિટની નજર તેઓ પર પડી. મેરીને હદપાર કરી તેથી તે ખૂબ જ ખુશ થઈ હતી. મેરી આમ જીવતી રહી તેથી તેની અદેખાઈ વધુ તીવ્ર બની અને તેને હજી વધુ દુઃખ દેવા તે તત્પર થઈ.

મેરીએ જે ટોપલી કુંવરીને ભેટ આપી હતી તે તેના ખંડમાં એક ટેબલ પર મૂકવામાં આવી હતી. પણ જ્યારે જ્યારે એ ટોપલી પર નજર પડે ત્યારે કુંવરી ખૂબ દુઃખી થતી હતી, તેથી તેણે માર્ગરિટને આજ્ઞા કરી કે તું આ ટોપલી મારી નજરે ન પડે તેમ ક્યાંક મૂકી દે. માર્ગરિટ એ ટોપલી પોતાની ઓરડીમાં લઈ જઈને મૂકી હતી. સજા જાહેર કર્યાના બીજા દિવસે મેરી અને જેમ્સ ગઢ આગળથી નીકળ્યાં ત્યારે માર્ગરિટે એ ટોપલી લાવીને બારીમાંથી મેરી પર ફેંકી. પછી બોલી : ''મેરી, લે આ તારી અપશુકનિયાળ ભેટ. એને જોતાં જ કુંવરીબાને ખૂબ રોષ ચઢે છે. તારા જેવી પાસેથી ભેટ સ્વીકારી તેનો જ તેમને ખૂબ અફસોસ થાય છે, અને જોજે મનમાં ખાંડ ખાતી કે કુંવરીબાને તારા પર ખૂબ ભાવ છે. એ બધી વાતો હવે તો ભૂતકાળની થઈ ગઈ છે. આ તારાં ફૂલની પેઠે ચીમળાઈ ગઈ છે એમ જ સમજજે. તારી આ ટોપલીની બલા અહીંથી કાઢતાં મને પણ ઘણો આનંદ થાય છે.''

આમ નર્યા તિરસ્કારનાં વેણ કાઢતી માર્ગરિટે ટોપલી ફેંકીને તરત જ અંદર જઈ જોરથી બારી વાસી દીધી. બિચારી મેરી એક પણ શબ્દ બોલ્યા વિના ટોપલી ઉપાડી લઈ આગળ ચાલી. તેમની બધી મિલકત જપ્ત થવાથી વૃદ્ધ જેમ્સને ટેકો લઈ ચાલવા માટે એક લાકડી પણ સાથે રહી ન હતી. તે લથડતી ચાલે મેરી સાથે ચાલી રહ્યો હતો. મેરી પાસે પણ આ નકાર પામીને પાછી આવેલી ટોપલી સિવાય બીજું કંઈ જ ન હતું.

તેઓ ધીમે ધીમે આગળ વધતાં હતાં. રસ્તામાં તેનું ઘર અને વાડી આવ્યાં. ત્યાં તો મેરી બાળપણથી સુખમાં ઉછરી હતી. અને સ્મૃતિઓ હૃદયમાં ઊભરાઈ આવી. તેનું હૈયું એકદમ ભરાઈ આવ્યું. આ ઘર સદાને માટે છોડવું પડે છે અને તે કેવી નાલેશી સાથે એ વિચારથી તે હતાશ થઈ ગઈ. આગળ જતાં ગામનું દેવળ આવ્યું. નાનપણથી તે આ દેવળમાં કેવી નિયમિત ભજન કરવા જતી અને શાંતિ તથા આનંદનો અનુભવ કરતી તે યાદ આવતાં તેને દિલમાં ઓછું આવ્યું કે ઈશ્વરે આવું કેમ થવા દીધું હશે? પણ તેને કોઈ ખુલાસો મળ્યો નહિ.

પોલિસ અધિકારી તેમને દૂર દૂર વગડામાં દોરી ગયો. વચ્ચે એક ટેકરી આવવાથી હવે તેમને પોતાનું વતન નજરે પડતું ન હતું. જેમ્સ ખૂબ થાકી ગયો હોવાથી ત્યાં જ એક પથરા પર તે બેસી પડયો. પોલિસ અધિકારી તેમને ત્યાં જ છોડી ચાલ્યો ગયો.

જેમ્સ થોડી વારે સ્વસ્થ થયો. તેણે મેરીને પોતાના પડખામાં લઈને માથે હાથ ફેરવતાં કહ્યું.

"દીકરી, આપણે વતન છોડવા વારો આવ્યો છે તો આપણે ઈશ્વરની પ્રાર્થના કરી તેમની સહાય માગી તે જ્યાં લઈ જવા માગતો હોય ત્યાં જવા આધીન થઈએ. પ્રથમ તો ઈશ્વરે તારો જીવ બચાવ્યો છે માટે તેમનો આભાર માનીએ. વળી કેદમાં ગોંધાઈ રહેવાના બદલે ઈશ્વરની પ્રકૃતિ માણવા આપણને છૂટાં રાખ્યાં એ પણ તેમની કૃપા જ છે."

પછી બંને જણ ત્યાં જ ઘૂંટણિયે પડયાં અને ઈશ્વરની પ્રાર્થનામાં તલ્લીન થઈ ગયાં. તેઓ ઈશ્વર પાસે દયા અને માર્ગદર્શન યાચી રહ્યાં. જેમ્સે ઈશ્વર પાસે રક્ષણ માગ્યું અને ક્યાંક પડી રહેવાનું મળે એવી વિનંતિ પણ રજૂ કરી. ઈશ્વર પાસે બળ માગી તેઓ પોતાના પ્રવાસમાં આગળ વધવા તૈયાર થયાં. ઈશ્વરને શરણે જવાથી પ્રાર્થના પૂરી કરીને જેમ્સ ઊઠયો ત્યારે તેને શરીરમાં ઘણી સ્ફૂર્તિ જણાઈ. તેના ચહેરા પર પણ ચમક દેખાવા લાગી. બંનેને દિલમાં ખૂબ શાંતિ વળી.

◆◆◆

## પ્રકરણ ૮

# દુઃખમાં સાથ આપનાર મિત્ર

આ પ્રમાણે બળ અને શાતા પામીને જેમ્સ ઊભો થયો ત્યાં જ કોઈનાં પગલાંનો અવાજ સંભળાયો. તે તરફ નજર કરી તો જંગલનો રક્ષક વૃદ્ધ એન્ટોની તેમની તરફ આવી રહ્યો હતો. એને અને જેમ્સને ઘણી નિકટની મિત્રતા હતી. તેઓ વારંવાર ઉમરાવની સાથે શિકારે અને પ્રવાસમાં જતા અને બંને વચ્ચે ઘણો સારો મેળ જામ્યો હતો. તેઓના સ્વભાવ એકબીજાને અનુકૂળ હોવાથી સારો મનમેળ થઈ શક્યો હતો. એન્ટોની અત્યારના પહોરમાં જંગલની દેખભાળ માટે ફરવા નીકળ્યો હતો અને ઈશ્વરેચ્છા પ્રમાણે તેઓનો ભેટો અહીં અચાનક જ થઈ ગયો.

એન્ટોની : "ભાઈ જેમ્સ, તમને છેલ્લે છેલ્લા મળવાની આ તક મળી ગઈ તેથી ઠીક થયું. હું માનું છું કે તમને ભારે અન્યાય થયો છે. આટલી ઉંમરે વતન છોડી નીકળી જવું પડે એ નાનુંસુનું દુઃખ નથી, પણ ઈશ્વરની ઈચ્છા માની એને આધીન થવું એ જ આપણી ફરજ બની રહે છે."

જેમ્સ : "ભાઈ એન્ટોની, તમારી લાગણી માટે આભાર. પણ હું તો માનું છું કે આ નીલ આકાશ નીચે સર્વત્ર મારો પ્રભુ છે અને તે જ્યાં હોય ત્યાં મારું વતન છે એમ ગણું છું. એ પિતાના વતનમાંથી તો કોઈ મને દેશનિકાલ કરી શકવાનો નથી. આપણે તો અહીં પ્રવાસી અને પરદેશી છીએ. આપણું સાચું વતન તો સ્વર્ગ જ છે."

એન્ટોની તેમની સામે થોડી વાર જોઈ રહ્યા પછી આવેશપૂર્વક બોલ્યોઃ "આ ઠંડીની ઋતુમાં મુસાફરીને યોગ્ય વસ્ત્રો તમને લેવા દીધાં નથી? કેટલું શરમભરેલું!"

જેમ્સ શાંતિથી બોલ્યો "ઈશ્વર બધું પૂરું પાડશે."

એન્ટોની : "કંઈ થોડા ઘણા પૈસા આપ્યા છે કે નહિ ?"

જેમ્સ : "ભાઈ, અમને પૂરી શ્રદ્ધા છે કે ઈશ્વર કશી તંગી પડવા નહિ દે. મારા પિતા ટોપલીઓ બનાવવાનો ધંધો કરતા હતા. હું તેમની પાસેથી એ હુન્નર શીખ્યો છું. મને આળસું બેસી રહેવાનું ગમતું નથી. એ ટેવ પણ તેમણે જ મને શીખવી છે. પિતા મને વારસામાં ખૂબ ધન આપી ગયા હોત પણ હું આળસુ થઈ ગયો હોત તો મારું અધઃપતન થાત. પણ તેના બદલે મને હુન્નર શીખવીને ઉદ્યમી બનાવ્યો છે તે મારે માટે આશીર્વાદરૂપ થઈ પડશે. હું તો માનું છું કે મનની ચોખ્ખાઈ, સુશીલ સ્વભાવ, નેકીનો ધંધો અને શરીરની તંદુરસ્તી આ જ સાચી સંપત્તિ છે."

એન્ટોની : "આવા ભારે દુઃખમાં પણ તમારી આ ધીરજ અને શ્રદ્ધા

જોઈ મારું માથું આદરથી ઝૂકી જાય છે. તમને તો માળીના કામની પણ સારી આવડત છે. ક્યાંક માળીનું કામ જ શોધી કાઢો તો શું ખોટું ?"

જેમ્સ : "એ તો બધું ઈશ્વરને હાથ છે. તે જ્યાં દોરી જશે ત્યાં કોઈ સાવ અજાણ્યા પ્રદેશમાં હું તો ચાલ્યો જઈશ. અને ઈશ્વર જે સુઝાડશે તે પ્રમાણે કરીશ."

આ પ્રમાણે વાતચીત થયા પછી વૃદ્ધ એન્ટોનીએ પોતાની લાકડી તથા થોડાઘણા પૈસા આપવા માંડયા. જેમ્સે લાકડી લીધી. પણ પૈસા લેવા આનાકાની કરવા લાગ્યો. પણ એન્ટોનીના અતિ આગ્રહ આગળ તેને નમતું મૂકવું પડયું. એન્ટોનીનો આભાર માની તે દીકરીને કહેવા લાગ્યો.

"બેટી, જોયું ? આપણે હજી તે વતન છોડ્યું યે નથી એટલામાં જ ઈશ્વરે આપણી પ્રાર્થના સાંભળી સહાય મોકલવા માંડી છે. માટે ધીરજ ગુમાવીએ નહિ. ઈશ્વર હાજરાહજૂર છે."

વિદાય લેતાં એન્ટોની પણ ગળગળો થઈ ગયો. તે બોલ્યો, "જેમ્સ ભાઈ, સાચે જ તમે નિર્દોષ છો એ વિષે મારા દિલમાં સહેજ પણ શંકા રહી નથી. ઈશ્વર તમને આશિષ આપો."

મેરીને પણ હિંમત આપતાં એન્ટોની બોલ્યો. "દીકરી મેરી, તું ગુનો કરે એ વાત જ મારા ગળે ઊતરે તેવી નથી. હું તો તને નિર્દોષ જ માનું છું. નાનપણમાં તારા પર અસહ્ય દુઃખ આવી પડ્યું છે પણ વાંધો નહિ. અંતે તો સત્યનો જ વિજય થાય છે એ ભૂલીશ નહિ. તમારી શ્રદ્ધાના આશરે ઈશ્વર તમને પણ વિજય પમાડી સુખના દિવસો બતાવશે."

આટલું કહી વિદાય લઈ એન્ટોની પોતાના કામે ચાલ્યો ગયો.

જેમ્સ અને મેરી પણ વાત કરતાં કરતાં રસ્તો કાપવા લાગ્યાં. જેમ્સે મેરીને કહ્યું "બેટી, અત્યારે આપણે ઘરબાર વગરનાં, સગાંસ્નેહીથી તજાયેલાં, એકલાં પડી ગયાં છીએ, પણ આપણે શ્રદ્ધા રાખીએ કે ઈશ્વર આપણને કદી તજી દેવાના નથી જ. શાસ્ત્રમાં દાવિદ ભક્તે પોતાની શ્રદ્ધાનું દર્શન કરાવતાં આમ કહ્યું છે :

"હે મારા આત્મા, તું કેમ ઉદાસ થયો છે ?
ને તું મારામાં કેમ ગભરાયો છે ?
તું ઈશ્વરની આશા રાખ, કેમ કે જે મારા મુખનું
તારણ તથા મારો દેવ છે
તેને હું હજી સ્તવીશ."

◆◆◆

# પ્રકરણ ૯

## વટેમાર્ગુને આશ્રો

જેમ્સ અને મેરીએ ચાલતાં ચાલતાં ત્રીસ પાંત્રીસેક કીલોમીટર જેટલો રસ્તો કાપ્યો પણ ક્યાંય રહેવાનું કે ધંધો કરવાનું સ્થાન જોવા મળ્યું નહિ. બહુ કરકસરથી વાપરવા છતાં એન્ટોનીએ આપેલા પૈસા વપરાઈ ગયા હતા, એટલે હવે ભીખ માગવા સિવાય બીજો ઉપાય રહ્યો ન હતો. ભીખ માગવાનું તો તેમને જરા ય ગમતું ન હતું, પણ થાય શું ? જેવો સમય આવે તેવો માથે લીધા વિના છુટકો જ ન હતો. મેરી ઘણે સ્થળે માગવા ગઈ ત્યારે કોઈ કોઈ સ્થળે સૂકી પાંઉના થોડા ટુકડા મળ્યા, પણ સાથે કડવાં વેણ પણ સાંભળવાં પડયાં. છતાં આભાર સાથે મેરી તે લઈ આવી. એક પાણીના નાળા પાસે બેસી જે મળેલું તે વહેંચી ખાધું અને નાળાનું પાણી પી લીધું. ઘણા દિવસ સુધી આમ, મળે ત્યારે ખાય, નહિ તો લાંઘણ ખેંચી કાઢે, એમ તેમણે દહાડા ટૂંકા કરવા માંડયા. તેઓ પ્રવાસમાં આગળ ને આગળ ચાલ્યાં જતાં હતાં. એમ કરતાં કરતાં તેઓ એક ઉજ્જડ લાગતા પ્રદેશમાં આવી પહોંચ્યાં. ત્યાં તો દૂરદૂર સુધી વસતી જેવું કંઈ જ જોવા મળ્યું નહિ. ભૂખ, તરસ અને શ્રમથી જેમ્સ તો ત્યાં જ ભાંગી પડયો. મેરી ગભરાઈ ગઈ. શું કરવું તે તેને સૂઝ્યું નહિ. તેણે પાણી માટે ચારે બાજુ ફાંફાં માર્યાં પણ ક્યાં ય જોવા મળ્યું નહિ. તેણે સહાય માટે જોરથી હાંકો મારી પણ કશો જવાબ મળ્યો નહિ. બાજુમાં જ એક નાની ટેકરી જોઈ મેરી તેના પર ઉતાવળે ચઢી અને ચારે બાજુ દૂરદૂર નજર નાખી. ખાસું દૂર ઝાડોની વચ્ચે તેણે એક મકાન જોયું. તે મકાનની ચારે બાજુ અનાજનાં ખેતરો પણ તેના ધ્યાનમાં આવ્યાં. વહેલી વહેલી ટેકરી પરથી ઊતરીને તે નજરે પડેલા ઘર તરફ દોડી. ત્યાં ઘરધણી તથા તેની સ્ત્રીને આંસુ સાથે પોતાના પિતાની સ્થિતિ વિષે વાત કરીને મદદ માટે કાલાવાલા કર્યાં. તે ખેડૂત અને સ્ત્રી બંને ધાર્મિક વૃત્તિવાળાં વૃદ્ધ સજ્જન હતાં. તેઓને મેરીની દશા જાણી ખૂબ દયા આવી. વૃદ્ધ સ્ત્રીએ પોતાના ધણીને સૂચન કર્યું કે "ઝટ કરો. ગાડું જોડીને એ બિમાર અશક્ત માણસને આપણે ત્યાં લઈ આવો."

ઝટપટ ગાડું તૈયાર કરી તેમાં ગોદડી પાથરી અને પાણીનો કૂજો પણ ભરીને સાથે લઈ તે વૃદ્ધ નીકળી પડયો. જેમ્સને તાજગી માટે એક શીશીમાં

થોડો આસવ પણ લીધો. મેરીએ જોયું કે ગાડાવાટ તો ઘણો ચકરાવો ખાઈને જાય છે ત્યારે તે તો પગદંડીએ પાણી અને આસવની શીશી લઈને ઝડપથી ચાલી નીકળી. મેરી પિતા પાસે પહોંચી ત્યારે આરામ મળવાથી જેમ્સને કંઈક સ્વસ્થતા આવી હતી. તે બેસીને ચારે બાજુ મેરીની શોધ કરતો હતો. મેરી પાસેથી આસવ તથા પાણી લઈને પીવાથી તેને ઘણું સારું લાગ્યું. શરીરમાં સ્ફૂર્તિ જણાતી લાગી.

થોડી વારમાં ગાડું લઈને ખેડૂત પણ આવી પહોંચ્યો. તેણે અને મેરીએ મળીને જેમ્સને ગાડામાં સુવાડયો અને મેરી પાસે બેઠી. ભલો ખેડૂત સંભાળથી ગાડું હાંકી તેમને પોતાને ઘેર લઈ આવ્યો, અને પોતાના મકાન પાછળ મજૂરો માટે કોટડીઓ બાંધેલી હતી તેમાં એક ખાલી હતી તે જેમ્સ અને મેરીને રહેવા આપી. ખેડૂતની સ્ત્રીએ તેમાં જેમ્સ માટે પથારી પણ તૈયાર રાખી હતી. બીજી સાધનસામગ્રી પણ મૂકી હતી.

જેમ્સ અને મેરી પાસે તો કશું જ હતું નહિ. આથી વૃદ્ધ ખેડૂત દંપતીએ તેમને મદદ કરવાનું નક્કી કર્યું. દર વર્ષે નજીકના શહેરમાં એક ધાર્મિક ઉત્સવ થતો અને મોટો મેળો ભરાતો. આ ખેડૂત ત્યાં જઈ અમુક નાણાં વાપરતો, પણ આ વર્ષે એમણે ત્યાં જવાનું માંડી વાળી એ નાણાં જેમ્સ અને મેરી માટે વાપરવાનું નક્કી કર્યું. જેમ્સને માટે દવા, સારો ખોરાક વગેરેનું ખર્ચ પણ તેમણે રાજીખુશીથી માથે લઈ લીધું, મેરી રોજ પોતાની પ્રાર્થનામાં આ વૃદ્ધ દંપતી માટે ઈશ્વરની દુઆ માગતી.

મેરી લગભગ આખો સમય પિતાની પાસે જ રહીને તેની સેવા ચાકરી કર્યા કરતી હતી. પણ તે આળસુ બેસી ન રહેતાં સાથે સાથે સીવણગૂંથણનું કંઈ ને કંઈ કામ કર્યા કરતી હતી. તેની આવી ચપળતા, ઉદ્યોગ તથા સુશીલતાથી વૃદ્ધ ખેડૂત પત્ની ઘણી ખુશ હતી. જેમ્સનું સ્વાસ્થ્ય સુધરતાં તેને શરીરમાં શક્તિ આવી કે તરત તે પણ પોતાનો જૂનો ધંધો કરવા તૈયાર થઈ ગયો. તેણે જરૂરી માલસામાન લાવી ટોપલી બનાવવાનું શરૂ કરી દીધું અને પહેલો જ એક સુંદર નમૂનો બનાવી ભલી ખેડૂત પત્નીને આપ્યો.

જેમ્સની તબીયત બરાબર સારી થતાં જ તે પ્રવાસે નીકળી પડવા તૈયાર થયો. પોતાને આશરો આપનાર ખેડૂત દંપતીને કૃતજ્ઞતાસહ તેણે કહ્યું:

"મેં તમને ઘણી તસ્દી આપી છે. હવે હું સારો થયો છું, તો મારે બીજે ક્યાંક જઈને કામધંધો ખોળવો જોઈએ. તમારી ભલાઈનો અણછાજતો લાભ ઉઠાવવો ન જોઈએ."

એ સાંભળી તે ભલો ખેડૂત બોલ્યો : "અરે ભલા ભાઈ, આ તમે શી વાત કરો છો? અમારા પ્રત્યે કંઈ ઓછું આવ્યું કે શું? તમને જવાનો વિચાર કેમ આવ્યો? અમારી કંઈ કસુર?"

ખેડૂત પત્ની તો ગળગળી થઈ ગઈ. આ પિતાપુત્રીને અહીં શું દુઃખ છે કે આ સ્થળ છોડી ચાલ્યા જવું પડે? મેરી સાથે તો તેને દીકરી જેવું મન મળી ગયું હતું. તેણે તો સીધી જ વાત કરી, "જેમ્સભાઈ અને મેરી, તમારે અહીંથી ક્યાંય જવાનું નથી. સામે શિયાળો આવે છે તે ખબર છે? ઘરબાર વગર ઠંડીમાં રખડવાનું થાય તો ફરી માંદા પડી જશો, સમજ્યા?"

જેમ્સે આભાર સાથે જવાબ દીધો, "એક જ જણાને બોજારૂપ થવું યોગ્ય નથી. એટલે જ મેં વિદાય લેવા વિચાર કર્યો હતો."

વૃદ્ધ ખેડૂતે જવાબ દીધો, "તમારો વળી શો બોજો અમારે વેઠવો પડે છે ? તમને આપેલી કોટડી તો ખાલી જ પડી રહી હતી. ત્યાં રહેવાથી અમને શું નડતર થાય ? વળી અમે તમને ખવડાવીએ છીએ તે કરતાં ક્યાંય વધારે કામ તમે અમને કરી આપો છો. એનું મહેનતાણું તમે ક્યાં લો છો?

વૃદ્ધ પત્ની પણ બોલી, "ખરી વાત છે. મેરીના સીવણગૂંથણમાંથી જ તમારા ગુજરાન કરતાં વધુ આવક થાય તેમ છે. વળી તમે વધુ કામ કરી શકો ત્યારે તમારી ગૂંથેલી ટોપલીઓના વેચાણમાંથી પણ સારી એવી આવક થશે. તમારી ગૂંથેલી ટોપલી લઈ એક વાર હું પાસેના કારખાને ગઈ હતી, ત્યારે ઘણી સ્ત્રીઓએ એવી ટોપલી મારી પાસે માગી હતી. તમારાથી પહોંચી ન વળાય એટલા ઘરાક હું લઈ આવીશ."

ખેડૂત દંપતીનો આટલો બધો આગ્રહ જાણી જેમ્સ અને મેરીએ ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. એથી ખેડૂત દંપતી તો ખુશ ખુશ થઈ ગયાં.

◆◆◆

# પ્રકરણ ૧૦
## સુખી જીવન

જેમ્સ અને મેરીએ ત્યાં જ રહેવાનું નક્કી કર્યું એટલે જરૂરી ચીજ વસ્તુઓ વસાવવા માંડી. આજ સુધી તેઓ ખેડૂતને ત્યાં જમતાં હતાં પણ હવે મેરીએ પોતે રાંધવાનું શરૂ કર્યું. હવે પોતે પિતાને મનગમતો ખોરાક રાંધીને ખવડાવી શકશે એ વિચારથી મેરીને ખૂબ આનંદ થયો. આવા પ્રસંગ માટે તેણે ઈશ્વરનો આભાર માન્યો. મેરી રસોઈ કરતી ત્યારે જેમ્સ બાગમાં કામ કરતો. ઘરકામથી પરવારી મેરી સીવવા ગૂંથવા બેસે ત્યારે જેમ્સ પણ પાસે બેસી ટોપલીઓ બનાવતો. કામ કરતાં કરતાં પિતાપુત્રી આગલા દિવસો યાદ કરતાં અને ઈશ્વરની કૃપા વિષે વિચાર કરતાં. શિયાળાની ઠંડીમાં સાંજના જેમ્સ, મેરી અને ખેડૂતપરિવારનાં બધાં તાપણું સળગાવી ચારે બાજુ બેસતાં. એ વખતે જેમ્સ ઘણી જ્ઞાનની વાતો કહેતો અને નીતિશિક્ષણ આપતો. આવી વાતો સાંભળવાનું બધાંને ખૂબ ગમતું.

ખેડૂતના ઘર પાસે જ મોટો બગીચો હતો. ખેતીના કામમાં આ બગીચા પર બિલકુલ ધ્યાન અપાતું નહિ. જેમ્સે એ જોયું અને બગીચાની વ્યવસ્થા પોતાના હાથમાં લીધી. જેમ્સે બી, ધરૂ, રોપા વગેરે મેળવીને બગીચામાં વ્યવસ્થિત વાવવા રોપવા માંડયા. જાતજાતના ઘાટના ક્યારા બનાવ્યા. થોડા સમય પછી જ બગીચો ફૂલછોડથી શોભી ઊઠયો. જેમ્સે પોતાની બાગકામની બધી આવડત વાપરીને સુંદર બગીચો તૈયાર કરી દીધો. યોસેફના હાથે પોટીફારનું ઘર આશીર્વાદિત થયું તેમ જેમ્સના હાથે આ બગીચો ખૂબ જ આબાદ થયો. ઈશ્વરે સફળતા આપી તેથી જેમ્સ પણ ખુશ થયો અને પોતાની પુત્રીને વિવિધ રીતે બાગમાં ઉપદેશ આપવા લાગ્યો.

વસંત ઋતુ આવતાં મેરીએ વગડામાંથી વાયોલેટ નામનાં ફૂલો લાવી ગજરો બનાવી પિતાને ભેટ આપ્યો ત્યારે જેમ્સે કહ્યું : "દીકરી, આ ફૂલ કાંટામાં થાય છે અને ઝટ નજરે પડતાં નથી, પણ શોધનારને તો જડે છે. એ પરથી શીખ લેવાની કે કોઈ પણ સ્થિતિમાંથી સુખ મેળવવા પ્રયત્ન કરીએ તો તે પ્રાપ્ત થાય છે જ. તું જ વિચાર કર કે આ વગડામાં આપણે આવી પડયાં ત્યારે તને કલ્પના પણ આવેલી કે આ જગ્યાએ આવો સરસ આશરો આપણને મળી રહેશે?"

એક દિવસે પાસેના ગામની એક સ્ત્રી ખેડૂતને ત્યાંથી શણ વેચાતું લેવા આવી. તેની સાથે તેનો નાનો દીકરો પણ હતો. ખેડૂત સ્ત્રી સાથે શણનો સોદો ચાલતો હતો ત્યારે પેલો છોકરો બગીચાનો ઝાંપો ઉઘાડો જોઈ અંદર પેસી ગયો. અંદર તો સુંદર ગુલાબનાં ફૂલ જોઈ તે ફૂલ તોડવા લલચાયો. પણ ગુબાલના છોડને તો કાંટા હોય છે તે તેને ખબર નહિ, એટલે એકદમ ફૂલ લેવા જતાં હાથે કાંટા ભોંકાયા એટલે તે રડવા લાગ્યો. એ સાંભળી તેની મા અને ખેડૂત પત્ની બહાર આવ્યાં. પાછળ પાછળ મેરી અને જેમ્સ પણ આવી ગયાં. છોકરાને હાથે ઉઝરડા થવાથી તેમાંથી લોહી નીકળતું હતું. એ જોઈ જેમ્સ બોલ્યો, "જોયું ને? આ છોકરો ગુલાબ લેવા ગયો પણ કાંટા સંબંધી અજાણ હોવાથી દુઃખી થયો. ઘણા માણસો બાહ્ય દેખાવથી મોહ પામી તે પ્રાપ્ત કરવા ધસી જાય છે, પણ તેની સાથે વળગેલી મુશ્કેલીઓ તૂટી પડતાં દુઃખી થાય છે. યોગ્ય આનંદ પણ મર્યાદા કરતાં વધુ ભોગવવા જતાં તેમાંથી પછી સુખને બદલે દુઃખ જ અનુભવાય છે. પછી આપણે પોતાની ભૂલ ન જોતાં બીજાં બહાનાં કાઢીએ છીએ કે બીજાનો દોષ કાઢીએ છીએ. આમ આપણા યોગ્ય ઉપભોગ પણ નિયમસર ભોગવવાની જરૂર છે. આ દુન્યાઈ સુખની પાછળ તો થોડું ઘણું યે દુઃખ જોડાયેલું જ હોય છે માટે સ્વર્ગીય નિર્ભેળ સુખની આશામાં જીવન ગાળીએ એ જ ઉત્તમ છે."

એકવાર બે દિવસ સતત વરસાદ વરસ્યા કર્યો. ત્રીજે દિવસે આકાશ નિર્મળ થતાં મેરી બાગમાં ફરવા નીકળી. સુંદર લીલીફૂલો ખીલેલાં જોઈને તેને ખૂબ આનંદ થયો. તે ઝટ ઘરમાં જઈ પિતાને તે જોવા તેડી લાવી. જેમ્સ પણ ફૂલો જોઈને ખુશ થયો. મેરીએ જણાવ્યું કે એ ફૂલ તો એવાં કાંટાળા ઝાંખરાં નીચે ઊગ્યાં છે કે મને લેવામાં ખૂબ તકલીફ પડે.

જેમ્સે જણાવ્યું કે ખ્રિસ્તી ધર્મસંઘને પણ બાઇબલમાં કાંટામાંના લીલીફૂલ સાથે સરખાવ્યો છે. વળી ઈસુ ખ્રિસ્તને પણ ખીણમાંના લીલીફૂલની ઉપમા આપી છે. છોડ માત્ર સૂર્ય તરફ ફરે છે તે પરથી માણસે શીખવાનું છે કે માણસનો આત્મા સ્વર્ગ માટે સર્જાયેલો હોઈ સ્વર્ગદષ્ટિ કેળવવાની જરૂર છે. આ જગતની જંજાળમાં ન લપટાતાં સ્વર્ગ તરફ જવાના પ્રયત્નો ચાલુ રાખવા.

એકવાર જેમ્સ નવા રોપા રોપતો હતો અને મેરી છોડવાની આજુબાજુથી નિંદણ કાઢતી હતી ત્યારે જેમ્સે કહ્યું : "આપણા જીવનમાં

આવું બેવડું કાર્ય કરવાનું છે. આપણા મનમાંથી નઠારી વૃત્તિઓ જડમૂળથી ઉખેડી નાખવા પ્રયત્નશીલ રહેવું અને સારી ટેવો, રીતભાત અને સભ્યતાની ટેવો પાડવા પ્રયત્નો કરવા એ આપણી ફરજ છે. છોડવાને ઉગવા અને વધવા માટે સૂર્યપ્રકાશ તેમ જ વરસાદની જરૂર રહે છે તેમ માણસને પણ આધ્યાત્મિક જીવનમાં વિકાસ પામવા ઈશ્વરકૃપાની જરૂર રહે છે."

આ પ્રમાણે સુખશાંતિમાં એ "પાઈનફાર્મ" માં જેમ્સ અને મેરીનાં ત્રણ વર્ષ ખૂબ ઝડપથી વહી ગયાં. ત્રણ વર્ષના અંતે પાનખર ઋતુની શરૂઆતથી જ જેમ્સની તબીયત નબળી જણાવા લાગી. ઋતુની ઠંડી વધતી ચાલી તેમ તેની અશક્તિ પણ વધતી ગઈ અને બાગમાં કામ બધું મેરીને માથે પડ્યું. એક વાર બાગમાં એક સુંદર મોટું ગુલાબ ફૂલ નજરે પડતાં મેરી તે સંભાળપૂર્વક તોડવા ગઈ પણ તેની પાંખડી છૂટી પડીને વેરાઈ ગઈ! જેમ્સ એ જોઈ રહ્યો હતો. તે હળવેથી બોલ્યો, "દીકરી, મનુષ્ય જીવન પણ આવું જ છે. દેહ પણ મુદત પૂરી થતાં આમ જ ખરી જાય છે. માટે આ ક્ષણભંગુર દેહનો અભિમાન ન કરતાં આધ્યાત્મિક સૌંદર્ય પ્રાપ્ત કરવા ઈશ્વર ભક્તિમાં ચિત્ત લગાડવું."

એક વાર સફરજન ફળો ઝાડ પરથી વેડી લેતાં તેને પોતાની વૃદ્ધાવસ્થાને લીધે જણાતી અશક્તિ ખૂબ સાલી. તે મેરીને કહેવા લાગ્યો : "દીકરી, હું વૃદ્ધ થયો છું અને તારો પણ વારો આવશે. માટે આ ફળઝાડની માફક આપણે સદાચરણનાં ફળો લોકોને આપી તેઓને ઉપયોગી નીવડીએ, કે આ વિશ્વબાગના માલિક ઈશ્વરને સંતોષ પમાડી શકીએ."

મેરીને જમીનમાં બી રોપતી જોઈને જેમ્સે કહ્યું, "આમ જ આપણા દેહને એકવાર જમીનમાં દાટવામાં આવશે. પણ પછી સ્વર્ગીય જીવનમાં અકલ્પ્યપણે ખીલીશું!"

◆◆◆

# પ્રકરણ ૧૧

## જેમ્સની આખરી માંદગી

શિયાળાની ઋતુમાં ખૂબ જ ઠંડી પડવા લાગી. વારંવાર બરફ પડવા લાગ્યો. જેમ્સ પણ જાણે સમજી ગયો હોય તેમ વારંવાર મરણનો ઉલ્લેખ કરવા લાગ્યો. તે મેરીને આશ્વાસન આપતો અને કહેતો કે, "બેટી, તું મારા મરણથી દુ:ખી ન થતી, કારણ કે હું તો મોતના દ્વારમાં થઈને અનંતજીવનમાં પ્રવેશ કરતો હોઈશ. આપણા તારનારે મોત પર વિજય મેળવેલો છે. તેથી જ સંત પાઉલ મોતને સંબોધીને કહે છે : "અરે મરણ, તારો જય ક્યાં છે? મરણનો ડંખ તો પાપ છે; અને પાપનું સામર્થ્ય નિયમ છે; પણ ઈશ્વર આપણને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે જય આપે છે. તેમનો જય હો!"

પિતાના આવા શબ્દો સાંભળી મેરીનું હૈયું ભાંગી જતું, પણ તે પિતાને જણાવા દેતી નહિ. માંદગી વધી જતાં મેરીએ તબીબને બોલાવવા ઈચ્છા દર્શાવી. વૃદ્ધ ખેડૂત બરફ પર સરકતા વગર પૈડાના (સ્લેજ) વાહનમાં બેસી નજીકના શહેરમાં ગયો અને તબીબને લઈ આવ્યો. તબીબે આવીને તપાસીને દવાઓ લખી આપી. તબીબ પાછો વળ્યો ત્યારે મેરી તેનો અભિપ્રાય જાણવા બહાર ગઈ. તબીબે જણાવ્યું કે તાત્કાલિક જોખમ નથી પણ લાંબા ગાળે, વૃદ્ધાવસ્થાને લીધે અસાધ્ય રોગ લાગવા સંભવ છે. એ સાંભળી મેરી પ્રથમ તો ગભરાઈ ગઈ, પણ પછી મન કઠણ રાખીને પિતા પાસે ગઈ. પિતાને દુ:ખ ન થાય માટે તેની આગળ તો તે ખુશમિજાજ જ રહેતી હતી. પિતાની સેવા ચાકરીમાં પણ સહેજે ઉણપ આવવા દેતી નહિ. ખોરાકમાં ખૂબ ધ્યાન આપતી. વળી વખત મળે કે તરત પિતા પાસે બેસીને બાઈબલની ચર્ચા વાર્તા કરી પ્રાર્થના પણ કરતી રહેતી. પિતાને લાંબુ જીવન મળે માટે સતત ઈશ્વરની પ્રાર્થના કરતી ખરી, પણ છેલ્લે તો તે ઈશ્વરેચ્છાને આધીન થતી.

જેમ્સને મનમાં ખાતરી થઈ ચૂકી હતી કે હવે તેનો અંતકાળ બહુ દૂર નથી. પણ તેને મોતનો ડર ન હોવાથી તે સ્વસ્થ જ રહેતો. એક વાર તે પોતાના આવનાર મૃત્યુ વિષે બોલતો હતો ત્યારે મેરીએ કહ્યું "પિતાજી, આવું ન બોલશો. તમારા સિવાય આ દુનિયામાં મારું કોઈ નથી અને તમે જશો તો હું તદ્દન અનાથ અને નિરાધાર થઈ જઈશ." આટલું બોલી તે રડવા લાગી.

જેમ્સ એ જોઈ કહેવા લાગ્યો, "બેટી, રડ નહિ. હું તો તારો મર્ત્ય પિતા છું, પણ હું નહિ હોઉં ત્યારે તું તો દયાળુ અને મહાસમર્થ ઈશ્વરપિતાના હાથમાં હોઈશ. તે તારી સંભાળ લેશે અને તારી સર્વ ગરજો પૂરી પાડશે. બાઈબલમાં વચન છે કે "સિંહનાં બચ્ચાં લાચાર તથા ભૂખ્યાં હોય, પણ જેઓ પ્રભુને શોધે છે, તેઓને કોઈ પણ સારાં વાનાંની અછત પડશે નહિ" (ગીત. ૩૪:૧૦). વળી બાઈબલમાં આદેશ છે કે આપણે ખાવાપીવાની ચિંતા ન કરવી. ઈશ્વરને એની ખબર છે. આપણે પ્રથમ ઈશ્વરના રાજ્યની તથા તેના ન્યાયીપણાની શોધ કરીએ તો બીજી બધી બાબતો ઈશ્વર પૂરી પાડશે જ. કાલની ચિંતા ન કરો. કાલની ચિંતા આવતી કાલ પોતે કરશે. આજના માટે આજનું દુઃખ બસ છે (માથ્થી ૬:૩૧-૩૪).

"દીકરી, આમાં જે પ્રથમ શોધવાનું છે તે હંમેશા ધ્યાનમાં રાખજે. તું એકલવાસમાં મારી પાસે ઊછરી છે અને તેથી ઘણાં પરીક્ષણોમાંથી તું દૂર રહી ઊગરી ગઈ છે. પણ મારા મરણ પછી તારે જાતજાતના લોકો સાથે કામ પડશે. મને ડર રહે છે કે ત્યારે તું ભૂલમાં પડે કે લોભમાં લલચાય. આપણને ફસાવનાર ત્રણ બાબતો, જગત, શેતાન અને આપણો પોતાનો દેહ છે. એ ત્રણેથી તારે બચવાનું છે. તું દુષ્ટોથી તો દૂર જ રહીશ એવી મારી ખાતરી છે. પણ શેતાન ઘણાં રૂપ ધરીને તને ભુલાવામાં નાખવા પ્રયત્ન કરશે. એવા વખતે પોતાની સમજ કે ડહાપણ પર આધાર ન રાખતી, નહિ તો છેતરાઈ જઈશ. જ્યારે મુશ્કેલી જણાય ત્યારે ઈશ્વરવચન પર શ્રદ્ધા રાખજે. 'તારા શુદ્ધ મનથી પ્રભુ પર ભરોસો રાખ, અને તે તારા રસ્તાઓ પાધરા કરશે ' (નીતિ. ૩ : ૫, ૬). પાપના ફંદામાંથી બચવા માટે ઈશ્વરના નિયમો પાળવા,તેની શક્તિ પ્રાપ્ત કરવા પ્રયત્નો આદરવા, અને પ્રાર્થના કરતા રહેવું. આળસ, બેદરકારી કે અભિમાન માણસની પ્રાર્થનામાં અવરોધ નાખે છે. જો તું એ પરીક્ષણોને તાબે થશે તો ઈશ્વરવિમુખ થઈ ભ્રષ્ટ થઈ જશે. એવાં પરીક્ષણો આવતાં જ ઈશ્વરને શરણે જઈને તેની સહાય માગજે. એ શત્રુઓ સામે ભૌતિક શસ્ત્રોની જરૂર નથી, પણ આધ્યાત્મિક શસ્ત્રોની જરૂર પડે છે. એ શસ્ત્રો વિષે મેં તને અવારનવાર વાત કરેલી જ છે (એફેસી.૬: ૧૦-૧૨). એ શસ્ત્રો સજેલાં હશે તો ઈશ્વરકૃપાથી તારે કશાથી ડરવાની જરૂર નહિ રહે. પ્રભુ ઈસુએ સર્વ પર ક્યારનો વિજય પ્રાપ્ત કરી લીધો છે. હવે તેઓનું કંઈ જોર તારા પર ચાલશે નહિ.

"દીકરી, ઈશ્વરે મારા પર જે ઉપકારો કર્યા છે તે યાદ કરતાં હું તેમનો આભાર માન્યા વિના રહી શકતો નથી. ઈશ્વરે મારી કસોટી તો ઘણી રીતે કરી છે, પણ તે બધું તેમણે મારા પર પ્રેમ હોવાથી આવવા દીધું હતું એમ હું માનું છું (હિબ્રૂ. ૧૨:૬). તારી માના મરણ વખતે હું છેક જ ભાંગી પડયો હતો, પણ ઈશ્વરે મારા મનનું સમાધાન કરી મને બળ આપ્યું હતું. એ રીતે તેણે દુન્યાઈ બાબતો પરથી મારું મન ઉઠાડી લેવડાવ્યું કે હું સ્વર્ગી બાબતો પર ધ્યાન આપતો થાઉં.

"ઈશ્વર તો ભક્તો પ્રત્યે ખૂબ દયાળુ છે. પેલા દિવસે હું થાક, ભૂખ, અને અશક્તિથી કેવો બેભાન થઈ રસ્તા પર ઢળી પડયો હતો. પણ ઈશ્વરે એમાંથી ઉગારી લઈ અહીં કેટલા સુખચેનમાં રહેવાનું આપ્યું છે. આવાં સારાં સ્નેહી લોકોનો પરિચય કરાવ્યો. તારા પર ચોરીનું આળ આવ્યું તો પાછળથી આવાં સારાં લોકોની મૈત્રી પણ મળી. કદાચ કુંવરીબાની રહેમ નજરને લીધે તારે ઘણી લાલચોનો સામનો કરવો પડત. આમ વિપત્તિ દુઃખદાયક હોવા છતાં છેવટે લાભદાયક નીવડે છે. એટલે આ પરિસ્થિતિ તો છૂપા રૂપમાં આશિષ સમ છે. શિક્ષા શરૂઆતમાં દુઃખ આપે છે, પણ પાછળથી કસોટી પામેલાને ન્યાયીપણાનું શાંતિફળ પ્રાપ્ત થાય છે."

જેમ્સનાં વચનોથી મેરીને ઘણું આશ્વાસન મળતું. અંત સુધી જેમ્સે આ પ્રમાણે મેરીને સારી શિખામણો આપવાનું ચાલુ રાખ્યું.

◆◆◆

# પ્રકરણ ૧૨

## પિતાનું મૃત્યુ

સમય જતાં જેમ્સની માંદગી ગંભીર રૂપ લેવા લાગી. આથી મેરીએ તે વિસ્તારના ધર્મોપદેશકનો સંપર્ક સાધી જેમ્સની સ્થિતિ વિષે વાત કરી. એ ધર્મોપદેશક પવિત્ર ભાવનાવાળો, પ્રેમાળ હોઈ તે જેમ્સની મુલાકાતે વધુ વાર આવવા લાગ્યો, અને તેની સાથે વધુ સમય ગાળી ઉચ્ચ આધ્યાત્મિક બાબતો તરફ મન વાળી દિલાસો અને શાંતિ પમાડતો રહ્યો. એવી જ રીતે એક વાર તે આવ્યો ત્યારે જેમ્સની સ્થિતિ તેને ઘણી ગંભીર લાગી. તેણે લાંબો સમય જેમ્સ પાસે ગાળી તેને હિંમત આપી. તેના ગયા પછી જેમ્સે પણ મેરીને કહ્યું કે, "દીકરી, હવે હું દેવળમાં તો કદી જઈ શકવાનો નથી, અને કદાચ વધુ સમય જીવવાનો પણ નથી. આથી મારી ઈચ્છા છે કે હું પ્રભુભોજનનો સંસ્કાર લઉં." જેમ્સની આવી વાણી સાંભળી મેરીને ખૂબ આઘાત લાગ્યો. પિતા હવે વધુ જીવવાની આશા રાખતા નથી એ જાણી તે ખૂબ હતાશ થઈ ગઈ. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. પણ તે પિતાની નજરે ન પડી જાય એવી તકેદારી રાખી તેણે મન કઠણ કરી લીધું. જેમ્સની શક્તિ પણ ઘણી ક્ષીણ થઈ જવાથી તે જોરથી બોલી શકતો ન હતો, છતાં તે મનમાં સતત પ્રાર્થના કર્યા કરતો હતો. જેમ્સની ઈચ્છા પ્રમાણે બીજે દિવસે ધર્મસેવક આવ્યા અને જેમ્સની નાની ઓરડીમાં એક નાની સભા ભરાઈ. તેમાં ખેડૂત દંપતી અને કેટલાક મજૂરો પણ હાજર રહ્યા.

મેરીની તનતોડ મહેનત છતાં જેમ્સ દિવસે દિવસે ક્ષીણ થતો જતો હતો. તેની આવી નબળાઈ જોઈ મેરી ખેડૂતપત્નીને વારંવાર પૂછતી કે મારા પિતા મોડા મોડા યે સારા તો થશે ને? પહેલાં તો તે શાણી સ્ત્રી કંઈ બોલતી નહિ, પણ પછી મેરીને ખોટી આશામાં અટવાવા દેવાનું યોગ્ય ન લાગવાથી એક વાર ખુલાસો કરતાં કહ્યું, "મેરી, આશા તો અમર છે અને 'શ્વાસ ત્યાં લગ આશ' એમ કહેવાય છે, છતાં તારા પિતા ઉનાળો જોવા પામે એમ હવે મને લાગતું નથી."

આ પહેલાં મેરી શિયાળો ઊતરવાની અને વસંત આવવાની ખૂબ તીવ્ર ઝંખના કરતી, પણ હવે તેને ઉનાળો આવે જ નહિ તો કેવું સારું એવું મનમાં થવા લાગ્યું. વસંત ઋતુ આવતાં કુદરતમાં નવજીવન આવતું જણાતું.

સુંદર ફૂલો ખીલતાં, પક્ષીઓ મધુર રાગે ગાતાં અને મંદ પવન બાગની સુવાસ પ્રસરાવતો, પણ મેરીના દિલમાં ચેન ન હતું. બધી બાબતો જીવંત અને ચેતનવંતી બની રહી હતી ત્યારે જેમ્સ પોતાની જીવનસફરના અંતિમ દિવસો પસાર કરી રહ્યો હતો.

આવી અંધકારમય સ્થિતિમાં મેરીને પિતાના ઉપદેશમાંથી કંઈકંઈ વાતો યાદ આવી જતી. ઈશ્વર પાસે સહન કરવાની શક્તિ માગી તે વિચારવા લાગી, "આ વૃદ્ધ જર્જરિત થયેલા દેહમાંથી પિતા મુક્ત થઈ સ્વર્ગીય દેહ પ્રાપ્ત કરશે. એ આશા અચળ અને શાશ્વત છે. તે તો આ ક્ષણભંગુર બાબતો તજીને પ્રભુ ઈસુ પાસે નિત્ય ટકનાર બાબતોમાં પ્રવેશ કરશે, અને અમરતા પ્રાપ્ત કરશે. પછી મારે દુઃખી થવાની શી જરૂર?"

મેરી આ સમયે તેના પિતા પાસે બેસીને મોટેથી બાઈબલવાચન કરી તેને સંભળાવતી. તેનો સૂર મધૂર હોવાથી જેમ્સને ઘણો આનંદ થતો. બિમારની સેવા કરનાર માટે આ ગુણ ખૂબ અગત્યનો છે. મધુર સ્વરે સ્પષ્ટ વાચન કરવાથી સાંભળનારને શાંતિ મળે છે, અને તેમનું દુઃખ ઓછું થઈ જાય છે. સ્ત્રીઓમાં આ આવડત અતિ અગત્યની છે કારણ કે બાળઉછેર તેમ જ માંદાની સારવાર કરવાનું સ્ત્રીઓને માથે કદીક તો આવે જ છે.

એક દિવસ મેરી તેના પિતાની સંભાળ લેતી રાત્રે બેઠી હતી. ઓરડીમાં ચંદ્રપ્રકાશ પુષ્કળ આવવાથી તેણે ફાનસ ઓલવી નાખ્યું હતું. થોડી ઊંઘ લઈને તેનો પિતા જાગ્યો, એટલે તેણે મેરીને સૂચના કરી કે પ્રભુ ઈસુએ પોતાના શિષ્યો માટે કરેલી પ્રાર્થના વાંચી સંભળાવ. એટલે મેરીએ યોહાનના શુભસંદેશનો સત્તરમો અધ્યાય વાંચી સંભળાવ્યો.

એ પછી જેમ્સે ધર્મપુસ્તક પોતાના હાથમાં લીધું અને મેરીની સહાયથી તે પથારીમાં બેઠો થયો. પછી તેણે મેરી માટે પ્રાર્થના કરતાં કહ્યું, "હે મારા પ્રભુ! મારા ઉદ્ધારક! તમે મને તમારી પાસે બોલાવી રહ્યા છો. મારી દીકરીને મારે એકલી અહીં છોડવી પડે છે, પણ તમે તેને એકલી નિરાધાર છોડતા નહિ. તમે સદા તેને સાથ આપજો. આ દુનિયામાં તમે તેને રહેવા દો ત્યાં સુધી દરેક પ્રકારનાં પાપથી તમે તેને શુદ્ધ રાખજો અને સત્યના માર્ગમાં ચલાવજો. તમારાં વચન સત્ય છે અને તેની સત્યતા વડે તમે મેરીને શુદ્ધ રાખજો. તમે તેને મારા હવાલામાં સોંપી હતી અને મારાથી બન્યું ત્યાં સુધી

મેં તેને સાચવીને તમારી ભક્તિ કરવાનું શીખવ્યું છે. હવે હું તેનાથી છૂટો પડી તમારી પાસે આવું છું, ત્યાં તમે મને તમારી પાસે રહેવા દેજો, અને યોગ્ય સમયે અમે ફરી સ્વર્ગમાં મળીએ એવી કૃપા પ્રભુ ઈસુના નામમાં માગું છું. આમીન !'

મેરીને ડૂમો ભરાઈ આવ્યો હતો છતાં, ભારે અવાજે તેણે પણ 'આમીન' કહી પ્રાર્થનામાં સૂર પુરાવ્યો.

જેમ્સ આગળ બોલવા લાગ્યો, "દીકરી, તે જ સત્ય છે, મારી શ્રદ્ધા છે કે તેમના વરદાન પ્રમાણે તે આપણને ફરી એકઠાં કરશે. ત્યાં આપણે આપણા ઉદ્ધારકનાં દર્શન પામીશું. આપણા માટે તેમણે તૈયાર કરેલા સ્થાનમાં શોક, દુ:ખ કે મરણ આવનાર નથી. તે પ્રત્યેક આંસુ લૂછી નાખશે. ત્યાં ઈશ્વરનો મહિમા એવો પ્રકાશિત છે કે સૂર્યચંદ્રની જરૂર જ ન પડે."

આટલું બોલતાં થાકીને જેમ્સ બિછાનામાં પડયો. તેને દિલાસો અને હિંમત આપનાર બાઈબલ હજી તેના હાથમાં જ હતું. જેમ્સ આંખો મીંચી શાંત પડી રહ્યો હતો ત્યારે મેરી તેની પાસે ગૂપચૂપ ઊભી રહી હતી.

આરામથી જરા કળ વળતાં જેમ્સ ફરી બોલવા લાગ્યો, "બેટી, મારી માંદગી તો બહુ લાંબી ચાલી, છતાં સહેજે કંટાળો કે થાક બતાવ્યા વિના તેં મારી ચાકરી કરવામાં કશી ઊણપ આવવા દીધી નથી, કે તારા પ્રેમમાં ઓટ આવવા દીધી નથી, તેથી હું તારો આભાર માનું છું. હવે હું તને ઈશ્વરની સંભાળ નીચે મૂકું છું. ઈશ્વર તારું કલ્યાણ કરો. હું તો આ એક પુસ્તક અને મારા આશીર્વાદ સિવાય બીજું કંઈ તારે માટે મૂકી જતો નથી. પણ મારો આશીર્વાદ છે કે ઈશ્વર તારી સર્વ ગરજો પૂરી પાડશે, અને તને કશી ખોટ પડવા દેશે નહિ. મારી શ્રદ્ધા છે કે બીજી ભૌતિક સંપત્તિ કરતાં આ બે બાબતો તને વધુ મૂલ્યવાન જણાશે. આ પુસ્તક તો સોનારૂપા કરતાં વિશેષ કીંમતી ખજાનો છે. એ મારી છેલ્લી બક્ષીસ છે, મારી યાદગીરી તરીકે તેને સાચવજે, અને તેનો રોજ ઉપયોગ કરતી રહેજે. ગમે તેટલું કામ હોય તોપણ આમાંથી થોડું વાંચ્યા વિના દિવસ ખાલી જવા દેતી નહિ. તને ન સમજાય તેવી બાબત વાંચવામાં આવે તો ઈશ્વરને વિનંતિ કરજે કે સમજવાનું જ્ઞાન આપે. એમ કહીશ તો ઈશ્વર મનનો અંધકાર ધીમેધીમે દૂર કરી પોતાની ઓળખ આપશે. એમાંના ખૂબ મહત્વના ભાગો પર યોગ્ય ધ્યાન આપીશ તો ઈશ્વરની

કૃપાથી તને તરત સમજ પડશે. ફક્ત પુસ્તકથી જ જે જ્ઞાન મળે તે અપૂર્ણ રહે છે, પણ કુદરતમાંથી ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય છે. એ માટે આંખ ઉઘાડી રાખવી જોઈએ. કુદરતમાં મને શાંતિ, હિંમત અને ઈશ્વરની ભલાઈનો અનુભવ થયો છે."

એ પછી જેમ્સ ફરી થાકીને બોલતો બંધ થયો. તે રાત્રિના ત્રણેક વાગ્યા સુધી શાંત પડી રહ્યો. પછી તેણે મેરીને બોલાવીને કહ્યું કે, "આ બારી ઉઘાડ. મને અત્યારે બહુ જ સારું લાગે છે."

મેરીએ બારી ખોલી એટલે બહારનું શાંત વાતાવરણ, અને ઠંડી હવાનો આહ્લાદક અનુભવ થયો. આકાશ નિર્મળ હતું અને કોઈ તારા ચમકી રહ્યા હતા. જેમ્સ આકાશ તરફ અહોભાવથી જોઈ રહ્યો. પછી ધીમેથી સ્વગત જ બોલ્યો, "ઉપર કેટલો ભવ્ય મહિમા મળશે. હું હવે ત્યાં જ જાઉં છું. મારો આનંદ માતો નથી. આવો, પ્રભુ ઈસુ,જલદી આવો," આમ બોલી તે પથારીમાં પડયો અને શાંતિમાં તેનો જીવ ચાલ્યો ગયો.

મેરીને તો આ શું બન્યું તેની સમજ પડી નહિ. તેણે ધાર્યુ કે પિતાને મૂર્ચ્છા આવી હશે, અને હમણાં ભાનમાં આવશે. પણ જ્યારે તે તેને જાગૃત કરવા લાગી ત્યારે તેની નિશ્ચેતન સ્થિતિ જોઈ તે ગભરાઈ ગઈ. તેણે તરત જ ખેડૂત દંપતીને જગાડયાં. તેઓએ આવતાં જ જોઈ લીધું કે જેમ્સ મૃત્યુ પામ્યો છે, તેમણે મેરીને એ કહ્યું અને તે સાંભળતાં જ તે બેશુદ્ધ થઈ ઢળી પડી.

થોડીવાર પછી ભાનમાં આવતાં તે શોક કરવા લાગી. તે પિતાને યાદ કરીને કહેવા લાગી, "પિતાજી, તમે તો મારા પર અનેક ઉપકારો કર્યા અને હું બદલો વાળું તે પહેલાં તો તમે ચાલ્યા ગયા." તેને ખૂબ રૂદન કરતી જોઈ તેના પડોશીઓ કહેવા લાગ્યા, "મેરી, તું તો શાણી અને સમજૂક છે, અમે તને શું કહીએ? આપણે ગમે તેટલો શોક કરીએ અને વિલાપ કરીએ તેથી ગયેલું કદી પાછું આવતું નથી. માટે હવે શોક તજીને ઈશ્વર પ્રાર્થના કર કે તને સહન કરવાની શક્તિ મળે. તારા પિતાનાં વચનો યાદ કરીશ તો તેથી ઘણું આશ્વાસન મળશે. એ તો જરા વહેલા સ્વર્ગે પહોંચ્યા છે પણ તેનો મિલાપ કરવા આપણે ત્યાં જ જવાનું છે." તેઓએ મેરીને પિતાની પાસેથી જરા દૂર બીજા ઘરમાં લઈ જવા પ્રયત્ન કર્યો પણ મેરીએ ત્યાંથી ખસવાની ચોખ્ખી ના પાડી.

જેમ્સને દાટવા પહેલાં કોફીન (શબપેટી)માં મૂકવામાં આવ્યો ત્યારે મેરીએ ખૂબ હોંશથી તેને ફૂલોથી ઢાંકી દીધો. પિતાને ફૂલો ખૂબ જ પ્રિય હતાં, માટે ફૂલોની જ અંજલી તેમને શોભે એમ તેને લાગ્યું. પણ શબપેટી બંધ કરીને જ્યારે તેને કબરમાં મૂકવા લઈ જવા માંડી ત્યારે મેરીનું હૈયું હાથ રહ્યું નહિ. સમય વર્તીને ખેડૂત પત્ની તેને બીજી ઓરડીમાં લઈ ગઈ, નહિ તો તે બેશુદ્ધ થઈને ત્યાં જ ઢળી પડત.

જેમ્સ તો પરદેશી જેવો હોવાથી તેને કબરસ્તાનમાં ગામલોકથી અલગ સ્થાન આપવામાં આવ્યું હતું. ત્યાં ઊગેલાં દેવદારનાં બે વૃક્ષોની છાયા તેના પર પડતી હતી. દફનક્રિયા સમયે ધર્મસેવકે મનનપૂર્ણ પ્રવચન કર્યું.

ધર્મપુસ્તકમાં જણાવ્યું છે કે ઘઉંના દાણા જમીનમાં દટાય તો જ તે ઊગે છે અને ઘણા દાણા ઉત્પન્ન કરે છે, પણ જો જમીન પર જ એમને એમ પડી રહે તો તે નિષ્ફળ જાય છે. એ પરથી તેમણે જેમ્સના સદ્‌ગુણો, ધીરજ, અને ઈશ્વર પરની દૃઢ શ્રદ્ધાનો ઉલ્લેખ કરી સર્વને ઉપદેશ આપ્યો. એ પછી તેમણે ખેડૂત દંપતીને મેરીની સોંપણી કરતાં કહ્યું કે, "હવે એના માતાપિતાને ઠેકાણે તમે જ છો. જેમ્સના જીવતાં તમે તેના પર પ્રેમભાવ રાખતાં હતાં, પણ હવે વિશેષ પ્રેમભાવ રાખજો, કારણ કે તે એકલી પડી છે."

આ પ્રમાણે જેમ્સનું જીવન પૂરું થયું, અને મેરી હવે પરપ્રાંતમાં એકલી પડી. તે વારંવાર પોતાના પિતાની કબરે જતી, અને ત્યાં બેસીને તેના પિતાનાં વચનો સંભારતી. વળી દર રવિવારે સાંજના સમયે ત્યાં જઈ તે પિતાને યાદ કરતાં રૂદન કરતી અને કહેતી, "પ્રભુ, હવે મને પણ મારા પિતા પાસે બોલાવી લો." પિતાની કબર પાસે તેને સાંત્વન મળતું, એટલું જ નહિ પણ ત્યાં તે પૂરી એકાગ્રતાથી પ્રભુપ્રાર્થનામાં મન લગાડી શકતી. ત્યાં હોય ત્યાં સુધી તે જગતથી અળગી થઈ જતી અને તેના પિતા પાસે સ્વર્ગમાં ન હોય એવો અનુભવ તેને થતો. એથી હિંમત અને બળ પામીને તે પોતાના ઘેર પાછી જતી.

◆◆◆

# પ્રકરણ ૧૩

## મેરી પર નવાં દુઃખો

જેમ્સના મરણ પછી મેરીનો બધી બાબતોમાંથી જાણે રસ જ ઊડી ગયો. પહેલાં તેને ફૂલો કેટલાં પ્રિય હતાં! પણ પિતાની ગેરહાજરીમાં ફૂલો પ્રત્યે તેને હવે જરા યે આકર્ષણ થતું નહિ. પિતા પાસે બેસીને સીવણગૂંથણ કેટલા રસપૂર્વક તે કરતી! પણ હવે એકલાં એકલાં તેમાં પણ તેનું મન ચોંટતું નહિ. દિવસે દિવસે તે વધુ ને વધુ ઉદાસ રહેવા લાગી. તેને પિતાનાં વચનો, તેમનો પ્રેમ વગેરે યાદ આવતાં તે મનમાં ને મનમાં ઝૂરવા લાગી.

જેમ્સના મરણ બાદ થોડા જ સમયમાં પાઈનફાર્મની વ્યવસ્થામાં મોટો ફેરફાર થયો. વૃદ્ધ ખેડૂતને એક સુશીલ પુત્ર હતો. એ પુત્રનું લગ્ન એક સ્વરૂપવાન અને શ્રીમંત કન્યા સાથે થયું હતું. હવે વૃદ્ધ ખેડૂત દંપતીએ અવસ્થા થવાથી વાનપ્રસ્થ થવાની ઈચ્છા કરી. તેઓએ પોતાની સઘળી સ્થાવરજંગમ મિલકત પોતાના પુત્રના નામે કરી આપી તેનો વહીવટ દીકરાને તથા તેની પત્નીને સોંપી દીધો. ખેડૂતે વસિયતનામામાં એવી શરત મૂકી હતી કે માતાપિતા જીવે ત્યાં સુધી તેમનું ભરણપોષણ પુત્રે કરવું.

હવે એ પુત્રવધૂ સુંદર અને શ્રીમંત હતી ખરી, પણ સુશીલ ન હતી. તેને તો પોતાના રૂપનો અને પૈસાનો ખૂબ ગર્વ હતો. તે પૈસાની લોભી પણ હતી. આ વૃત્તિઓ તેના મોં પરની રેખાઓ દ્વારા દેખાઈ આવતી. તેનું દ્રવ્યમાં ચિત્ત હોવાથી ધર્મ પ્રત્યે આસ્થા જ ન હતી. તેના આવા ગુણને લીધે તેના ઘરમાં સુખ જોવા મળતું નહિ. તેને પોતાના સ્વાર્થના જ વિચાર આવ્યા કરતા, અને વડીલો પ્રત્યે કશી ફરજ હોય એવો ખ્યાલ જ આવતો નહિ. આથી તેણે સાસુસસરાને સાવ વિસારી જ મૂક્યાં. વળી વૃદ્ધ દંપતીને ન ગમે એવી બાબતો કરીને તેમને ચીડવવામાં તેને જાણે મઝા પડતી. પતિનાં માબાપની સેવા કરવાનું તો ક્યાં યે રહ્યું, પણ શરત પ્રમાણે તેમનું ભરણપોષણ કરવામાં પણ તે અખાડા કરતી. ખાવાનું આપતી વખતે મેણાં મારતી કે છણકા કરી વૃદ્ધજનોને દુઃખી દુઃખી કરી દેતી. આખરે આ કર્કશા પુત્રવધૂ સાથે નહિ જ રહેવાય એમ લાગ્યું ત્યારે તેઓ પોતાના મોટા ઘરમાંથી નીકળીને જેમ્સ અને મેરીને આપેલી નાની ઓરડીમાં રહેવા ગયાં કે એ ઝઘડાળુ સ્ત્રીનું મોં વારે ઘડીએ જોવું ન પડે. એ કજિયાખોર સ્ત્રી તેના પતિને

પણ ખૂબ ત્રાસ આપતી. તે પોતે પૈસાદાર હોવાનો અયોગ્ય દેખાડો કરતી અને ધણીને પોતાના કબજામાં રાખવા મથતી. તે જુવાન પુત્રને તો પોતાનાં માબાપ માટે ઘણો ભાવ હતો પણ તે સ્ત્રી તેને જક્ક કરીને પોતાનાં માબાપ પાસે પણ જવા દેતી નહિ. આથી તે બિચારો છાનોમાનો માબાપને મળી આવતો, અને પોતાના મનનો ઉભરો ઠાલવતો.

વૃદ્ધ પિતા પુત્રને કહેતો, "ભાઈ, આમાં તો આપણા બધાની ભારે ભૂલ થઈ છે. તું તેના રૂપ પર મોહી પડયો અને તારી મા એના પૈસાથી લોભમાં પડી. મારે યોગ્ય તપાસ કરવાની જરૂર હતી પણ તેમાં હું ચૂક્યો, અને તમારી વાત માની લીધી. વળી ભલા સજ્જન જેમ્સ જેવાની શિખામણ પર મેં ધ્યાન ન આપ્યું એ પણ મારી મૂર્ખાઈ જ હતી. તેમણે આ લગ્નમાં કદી સંમતિ દર્શાવી ન હતી. જેમ્સ સાથે આ બાબતમાં ચર્ચા થયેલી ત્યારે તારી માએ તો પહેરામણી આવનાર તેર હજાર જેટલા રૂપિયા પર જ આંખ રાખી જેમ્સ આગળ કહેલું કે એટલા પૈસાથી તો કેટલાં બધાં કામ થાય! જેમ્સને તો પૈસાની આ વાત જ ગમતી ન હતી. તેણે કહેલું કે સદગુણી સ્ત્રી મળે તો તે જ ખજાના સમ છે. ભલે તે પોતે રોકડ રકમ બિલકુલ સાથે ન લાવે. તેના સદગુણો જ રત્નો કરતાં વધુ મૂલ્યવાન છે. બિચારો અમારો દીકરો, તને પતિપરાયણ સ્ત્રી ન મળવાથી તું દુઃખી દુઃખી થઈ ગયો છે; એ સ્ત્રીના પૈસાથી કશું સુખ તો મળ્યું નથી, પણ તે ઉલટા દુઃખનું કારણ થઈ પડયા છે. પૈસા પર વધુ પડતો પ્રેમ ન કરવો જોઈએ. એક પુરાણી પ્રાર્થનામાં ભક્તજને માગ્યું છે કે "વ્યર્થતા તથા જૂઠ મારાથી દૂર કર; મને દ્રવ્ય ન આપ અને દરિદ્રતા પણ ન આપ, પણ જરૂરી હોય એટલું આપી મારું પૂરું કર." પાઉલ પ્રેરિતનું વચન પણ છે કે "શ્રીમંત થવાની ઈચ્છા રાખનાર પોતાની મૂર્ખાઈથી નાશકારક તૃષ્ણાને લીધે પરીક્ષણો અને ફાંદામાં ફસાઈ જાય છે, અને તેઓ ભારે હાનિમાં ઊતરી જાય છે. દ્રવ્યનો લોભ એ બધા પ્રકારની ભૂંડાઈનું મૂળ છે. દીકરા, તેં તારી પત્ની વિષે જેમ્સને કહેલું કે એ સુંદર, તેજસ્વી અને તાજા ગુલાબ સમ છે, ત્યારે જેમ્સે શું કહેલું તે યાદ છે? તેણે કહેલું કે નરી સુંદરતા તો કાગળનાં ફૂલ જેવી છે. એની સાથે એમાં પવિત્રતા ભળેલી હોય તો જ તે સુગંધ અને બીજી ઉપયોગી બાબતો પૂરી પાડી શકે. કાગળનાં ફૂલ તો દૂરથી રળિયામણાં લાગે, પણ પાસે આવતાં તેનો કંટાળો આવે છે. જેમ્સનાં આવાં અમૂલ્ય વચન પર આપણે ધ્યાન આપ્યું નહિ અને આજે એનાં દુઃખમય પરિણામો ભોગવી રહ્યાં છીએ. માટે એમાંથી મુક્ત થવા ઈશ્વર પાસે માગતાં રહીએ."

ઘરનાં માણસોની આવી દશા હોય તો પછી મેરી જેવી નિરાધાર યુવતીની શી દશા થાય તે સહેજે સમજી શકાય તેમ છે. એ કર્કશા સ્ત્રીએ મેરીને સતાવવામાં જરાય બાકી ન રાખ્યું. વૃદ્ધ ખેડૂત દંપતી તેની ઓરડીમાં રહેવા આવ્યાં એટલે તેને બીજી ઓરડીમાં રહેવા જવું પડયું. તે સ્ત્રીએ બીજી સારી ઓરડી ખાલી પડી હોવા છતાં એક તદ્દન નકામી થઈ ગયેલી ઝૂંપડી જેવી જગા મેરીને રહેવા આપી. બીજાં કોઈ ન કરે એવું હલકું કામ તેની પાસે કરાવતી અને ખૂબ હડધૂત કરતી. તે સતત તેના કામમાં ખોચા કાઢયા કરતી અને ખૂબ ઠપકો આપી તેના મનની શાંતિ છિન્ન ભિન્ન કરી નાખતી. વૃદ્ધ દંપતી આ બધું જોતાં અને સાંભળતાં, પણ તેઓ પોતે જ લાચાર હતાં.

આખરે અસહ્ય સ્થિતિ થતાં એક દિવસ મેરી વૃદ્ધ ધર્મસેવકની પાસે ગઈ અને પોતાનું દિલ ખાલી કર્યું. બધી વાત ધીરજથી સાંભળી તેણે કહ્યું કે "મેરી, હવે પાઈનફાર્મમાં તારે વધુ સમય રહેવું ઠીક નથી. તારાથી ત્યાં રહીને શુભ જીવન ગાળી શકાય એમ મને લાગતું નથી. તારી શારીરિક શક્તિ પણ સખત કામ માટે અનુરૂપ નથી. હદ કરતાં વધુ શ્રમ પડવાથી કદાચ તારી તંદુરસ્તીને આંચ આવશે. પણ હું તારે યોગ્ય સ્થળ શોધી કાઢું ત્યાં સુધી ત્યાં તું સુખેદુઃખે દિવસ ગાળી કાઢ. ત્યાં સુધી ઈશ્વર તને સહન કરવાની શક્તિ આપો."

મેરી આટલો ભાવ દાખવવા બદલ ધર્મસેવકનો આભાર માની વિદાય થઈ. તે વારંવાર તેના પિતાની કબરે જતી. એ બિચારીને એ સિવાય દિલાસાનું યોગ્ય બીજું કોઈ સ્થાન રહ્યું ન હતું. તેણે કબર પાસે ગુલાબના છોડ રોપ્યા હતા. શિયાળામાં તો છોડ પર એકે પાન દેખાતું ન હતું પણ વસંત બેસતાં નવાં પાન ફૂટયાં અને પછી તો કળીઓ પણ આવી. થોડા સમયમાં તો એ પૂર્ણ ખીલેલાં ફૂલવાળા સુંદર છોડ બની રહ્યા. ત્યારે મેરીને પિતાનો વિવિધ ઉપદેશ સાંભરી આવ્યો. મારી દુઃખની હાલત શિયાળામાંના પેલા પાન વગરના છોડ જેવી જણાય છે, પણ હું ધીરજ રાખું તો સમય આવતાં આ વસંતના ફાલેલા, સુંદર ફૂલોવાળા છોડના જેવી આનંદદાયક થશે જ એવી મને શ્રદ્ધા છે.

◆◆◆

## પ્રકરણ ૧૪
## ફરી ગૃહત્યાગ

મેરી આ પ્રમાણે દુઃખના દહાડા ટૂંકા કરતી હતી તેવામાં જુલાઈની પચીસમી તારીખ આવી. તે જેમ્સનો જન્મદિવસ હતો. જેમ્સ જીવતો હતો ત્યાં સુધી એ દિવસે મેરી ખૂબ આનંદમાં રહેતી. તે પિતાને કંઈક સુંદર ભેટ આપતી અને પિતા તેને ખૂબ પ્રેમથી નવરાવી દેતા. પણ આ વખતે પિતા ન હતા તેથી સવારે તેમની યાદ આવતાં જ તેનું હૃદય ભરાઈ આવ્યું. ત્યાંના લોકો મરેલાંના જન્મદિવસે કબરસ્તાનમાં તેમની કબરો ફૂલ વગેરેથી શણગારતા. એ પ્રમાણે મેરીએ પણ પિતાની કબરે ફૂલો લઈને જવાનો વિચાર કર્યો. દુઃખના કારણરૂપ બનેલી પેલી ટોપલી ખૂણામાં પડી હતી તે લઈને સાફસૂફ કરીને જુદા જુદા રંગનાં ફૂલોની સુંદર રચના કરીને તે કબરસ્તાને લઈ ગઈ. પિતાની કબર પર ટોપલી મૂકતાં તે કહેવા લાગી, "આજે તો મારા પિતાને ભેટ આપવા આ સુંદર ટોપલી વગર બીજું કંઈ જ છે નહિ. પણ તેમને ફૂલો ખૂબ જ ગમતાં એટલે મને ખાતરી છે કે તે આટલાથી પણ આનંદ પામશે જ." તે ટોપલી ત્યાં જ મૂકીને ચાલી ગઈ. બધાં તે જોઈ આશ્ચર્ય પામતાં, પણ કોઈને તે ત્યાંથી ઉપાડી જવાનું મન થયું નહિ. પિતા પ્રત્યે પુત્રીના પ્રેમની બધાં કદર કરતાં હતાં.

બીજે જ દિવસે એક દુઃખદ ઘટના બની. પાઈનફાર્મના મજૂરો તેમ જ મેરી દૂરના એક ખેતરમાં ઘાસ કાપતાં હતાં. ખેડૂતના ઘર પાસે વાડ પર ધોયેલાં કપડાં સુકાતાં હતાં. તેમાં એક રેશમી વસ્ત્ર હતું. અચાનક એ કપડું ગૂમ થઈ ગયું. એ વસ્ત્ર નવી માલિકણનું હતું. તે ગૂમ થયું છે એ ખબર પડતાં જ તેનો ગુસ્સો આસમાને ચઢી ગયો. સાંજે બધાં ખેતરમાંથી પાછાં આવ્યાં ત્યારે માલિકણે એ કપડું ચોરી લેવાનું આળ મેરી પર ચઢાવ્યું.

જેમ્સે પાઈનફાર્મમાં વસવાટ કર્યો પછી ભોળા ભાવે વાતવાતમાં પોતાને મેરી સાથે કેમ વતન છોડવું પડયું તેની વાત કરતાં કહેલું કે મેરી પર વીંટી ચોર્યાનું આળ આવેલું અને સંજોગોના આધાર પર તેને ગુનેગાર ઠરાવી પિતાપુત્રીને હદપાર કરવામાં આવેલાં. એ વાત ફરતી ફરતી માલિકણ પાસે આવેલી. એ પરથી તે સ્ત્રીએ કશી તપાસ કર્યા વિના મેરીને શક પરથી જ ચોર માની લીધી. મેરી થાકેલી અને ભૂખી તરસી ખેતરમાંથી ઘેર આવી કે

તરત જ આ માલિકણ તેના પર તૂટી પડી, અને ગાળોના વરસાદ સાથે કહેવા લાગી કે, "મારું રેશમી વસ્ત્ર એકદમ લાવી દે." મેરી તો આ સાંભળી સ્તબ્ધ થઈ ગઈ. છતાં થોડીવારે શાંતિપૂર્વક બોલી, "બાઈસાહેબ, મેં તમારું વસ્ત્ર જોયું યે નથી કે લીધું પણ નથી. હું તો આખો દિવસ બીજાંઓ સાથે મજૂરી કરતી રહી છું. ત્યાંથી એક પળ પણ હું દૂર થઈ નથી. અમે બધાં ત્યાં ઘાસ વાઢીને સૂકવવામાં મશગૂલ હતાં ત્યારે કોઈ રસ્તે જતો રખડું વાડ પરથી વસ્ત્ર ઉપાડી ગયો હશે." મેરીની વાત તો ખરી હતી, પણ પેલી વઢકણી સ્ત્રી કોઈનું સાંભળવા થોભે એવી હતી જ નહિ. તે તો ઉલટું વધારે જોરથી બૂમો પાડીને કહેવા લાગી કે, "તું ચોર છે એની મને ખબર છે. પહેલાંની ચોરીમાંથી તો ફાંસીએ લટકતાં માંડ બચી છે, પણ હજી તારી ટેવ ગઈ નથી. તારા જેવીને તો આ પાઈનફાર્મમાં રાખવી જ ન જોઈએ. તું અત્યારે જ અહીંથી નીકળી જા! તારું મોં ફરી કદી મને બતાવતી નહિ." મેરીને આમ અપમાન, ઠપકો અને જાકારો અપાતો જોઈ તેના ધણીએ જરા હિંમત કરીને કહ્યું, "મેરીને કશી જ સાબિતી વગર આમ ગુનેગાર ઠરાવે છે અને આટલી મોડી રાતે તેને કાઢી મૂકે છે, તે યોગ્ય નથી. બિચારીએ આખો દિવસ ખેતરમાં કામ કર્યું છે તો અત્યારે ભલે ખાઈને તેની ઓરડીમાં પડી રહે. સવારે જે કરવું હોય તે કરાશે."

પણ તે દુષ્ટ સ્ત્રી તો ઉલટી તેના પતિ પર ગુસ્સે થઈને ગમે તેમ બોલવા લાગી, "એને એક ઘડી યે અહીં હું રહેવા દેવાની નથી. અને તમે વચ્ચે બોલશો તો તમારી યે ખેર નથી." એ સાંભળીને એ બિચારો મૂંગો થઈ ગયો. તેને અનુભવ હતો કે એ કજિયાખોર સ્ત્રી તેનું ધાર્યું જ કરવા ટેવાયેલી હતી. તેણે કજિયો ટાળવા તેની સ્ત્રીને તેની મરજી પ્રમાણે વર્તવા દીધી હતી અને હવે તે માથે ચઢી વાગી હતી. એ પરથી સમજવું કે કોઈ પણ અયોગ્ય બાબતમાં નમતું ન આપતાં તેના પર યોગ્ય કાબૂ બેસાડવો એ હિતાવહ છે. આના જેવી કર્કશા પ્રત્યે ખેડૂતપુત્ર શરૂઆતમાં બેદરકાર રહ્યો અને પોતાનો કાબૂ ન બેસાડયો તો હવે તેનાં કડવાં ફળ બધાને ચાખવાનાં આવ્યાં. હવે તો બહુ મોડું થઈ ગયું હતું.

મેરી સમજતી હતી કે એ દુષ્ટ સ્ત્રી કોઈનું માનવાની નથી, એટલે તેણે તો તરત જ ત્યાંથી ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાનાં જૂજ કપડાં અને વાસણની એક પોટલી બાંધી લીધી. પછી જતાં પહેલાં વૃદ્ધ દંપતીને મળી લેવાની રજા માગી. એટલા પરથી ખીજાઈને તે કુભારજા બોલી, "હા, હા; જા ને જોઈએ એટલી સલામો કરી લે. હું તો કહું છું

એમને યે તારી સાથે લેતી જા તો મારા માથેથી ભાર જાય. અહીં તો કોણ જાણે ક્યાં સુધી મરશે યે નહિ ને મારે ભાર વીંઢાળ્યાં કરવો પડશે.''

વૃદ્ધ દંપતી તેમના ખંડમાંથી આ બધી ધમાલ સાંભળતાં હતાં. તેઓ મેરીની રાહ જ જોઈ રહ્યા હતાં. મેરી વિદાય લેવા આવી ત્યારે તેઓએ બને તેટલો દિલાસો આપ્યો. તેમની પાસે હતા તેટલા બધા પૈસા પણ તેને આપ્યા, કે મેરીને કંઈ કામ મળે ત્યાં સુધી કામ લાગે. તેઓએ દુઃખી દિલથી વિદાય આપતાં કહ્યું કે, ''દીકરી, અમે તને અમારી સાથે રાખીએ તો યે તને સુખથી રહેવાનું મળશે નહિ, પણ ઈશ્વર તારી સાથે અવશ્ય રહેશે અને તારું કલ્યાણ કરશે. તારા પિતા સાથે પણ તે રહ્યા હતા તેમ તને પણ તે તજી દેવાના નથી.''

એ પછી મેરી પોતાની પોટલી લઈને ભાંગતી રાત્રે ત્યાંથી ચાલી નીકળી. એ સ્થળ છોડયા પહેલાં એકવાર પિતાની કબર જોઈ લેવા તે કબરસ્તાન તરફ ચાલી. રાત્રિ હોવા છતાં તે હિંમતથી કબરસ્તાનમાં પિતાની કબર પાસે જઈને ઊંધી પડીને હૈયાફાટ રડવા લાગી. ખૂબ રડયા પછી ધીરે ધીરે તેનું મન શાંત થવા લાગ્યું. મંદમંદ પવનની લહેરોથી તેને શાંતિ વળી. તે પોતાના સ્વર્ગસ્થ પિતાને યાદ કરીને કહેવા લાગીઃ ''હે પિતાજી! તમારા વિના હવે હું એકલી શી રીતે રહીશ? પહેલીવાર ગૃહત્યાગ કરવો પડયો ત્યારે મને સહેજે ચિંતા જેવું લાગતું ન હતું કારણ કે તમે મારી સાથે હતા. પણ આજે તો હું એકલી નિરાધાર થઈ પડી છું. હવે હું શું કરું ને ક્યાં જાઉં તે જ મને સૂઝતું નથી. આજના જેવું દુઃખ તો મેં કદી અનુભવ્યું નથી. કેદખાને પણ મને તમારી હુંફ મળતી હતી. હે પિતા! અત્યારે તમે મારી સાથે હોત તો કેવું સારું! પણ મારે ઈશ્વરનો આભાર માનવો જોઈએ કે મારા પર બીજી વાર આવો આરોપ આવેલો જોવાનો દિવસ તમને આવ્યો નથી. અત્યારે હું ક્યાં રાતવાસો કરું તે જ મને ખબર પડતી નથી. જ્યાં જાઉં ત્યાં લોકો પ્રશ્ન કરશે કે મારે આટલી રાત્રે કેમ રખડવું પડે છે? અને ખરી વાત સાંભળી મને કોણ ઘરમાં પેસવા દેશે? હે પ્રભુ! આટલા બધા દુઃખ કરતાં તો તમે મને તમારી પાસે લઈ લો તો સારું!' આમ બોલી તે બેઠી થઈ અને આજુબાજુ જોવા લાગી તો એક કબર પરનો મોટો પથ્થર તેણે જોયો. તેણે વિચાર્યું કે આ રાત તો હું અહીં જ કાઢીશ. પછી સવારે કોઈ અજાણ્યા પંથે પળીશ.

◆◆◆

# પ્રકરણ ૧૫

# ઈશ્વરકૃપા અને દુ:ખ નિવારણ

મેરી કબરના પથ્થર પર કપાળે હાથ દઈ નિરાશ થઈને બેઠી હતી. ત્યાં ઉગેલાં દેવદારનાં ઝાડની છાયા કબર પર પડતી હતી. આમ તો થોડી વાર બેઠી હશે તેવામાં અચાનક તેના કાને પોતાને "મેરી! મેરી!" કહીને કોઈ બોલાવી રહ્યું હોય એવો અવાજ આવ્યો. પ્રથમ તો મેરી એકદમ ચમકી ગઈ. એવામાં એક સફેદ વસ્ત્રધારી વ્યક્તિ તેના તરફ આવતી દેખાઈ. મેરીને તો પ્રથમ ભયની ઝણઝણાટી થઈ આવી, પણ તેને ઈશ્વરશ્રદ્ધા હોવાથી તે બોલી ઊઠી, "પ્રભુએ મને મદદ કરવા પોતાનો દૂત મોકલ્યો છે કે શું?" સામેથી આવનાર વ્યક્તિએ કહ્યું, "પ્રિય બેહેન મેરી, હું દેવદૂત તો નથી. હું તો તારા જેવી એક મનુષ્ય વ્યક્તિ જ છું. પણ તારી મદદે આવી છું એ વાત ખરી. ઈશ્વરે તારી આજીજી સાંભળીને મને મોકલી છે કે દુ:ખમાંથી તારો ઉદ્ધાર થાય." આમ બોલતી બોલતી તે વ્યક્તિ મેરીની પાસે આવી પહોંચી અને પૂછવા લાગી: "અરે મેરી બહેન! તું મને ઓળખી શકી કે નહિ? તને એમેલ્યા કદી યાદ આવે છે ખરી?" મેરીને કુંવરીબાની ઓળખ પડતાં જ તે તરત બોલી ઊઠી, "અરે, એમ શું બોલો છો, કુંવરીબા? ખરેખર તમે પોતે આટલે દૂર તસ્દી લઈને આવ્યાં છો? અહીં આવી એકાંત ભયાનક જગ્યામાં આટલી રાત્રે તમે શી રીતે મને ખોળતાં આવી શક્યાં?" બંને નજીક આવી જતાં એકબીજાને સ્નેહપૂર્વક ભેટી પડયાં. પછી ત્યાં જ કબરના પથ્થર પર બંને જણ બેસીને વાતો કરવા લાગ્યાં.

એમેલ્યાએ કહ્યું, "હું અત્યારે અહીં કેવી રીતે આવી તે તો ઘણી લાંબી વાત છે, પણ તું મળી તેથી મને અત્યંત આનંદ થયો છે. તને અન્યાયી રીતે ગુનેગાર ઠરાવી હદપાર કરી તેથી અમે કેટલાં દુ:ખી થયાં છીએ તે તો મારાથી શબ્દમાં કહી શકાય તેમ નથી. જ્યારે અમને તારી નિર્દોષતાની ખબર પડી ત્યારે અમારી નિર્દયતાનો ખ્યાલ આવતાં અમે દુ:ખી દુ:ખી થઈ ગયાં. મને કેવી સુંદર ભેટ તેં આપેલી ત્યારે મેં કેવો બદલો વાળ્યો! અમે તો એટલું જ ઝંખીએ છીએ કે મેરી ઉદાર થઈને અમને માફ કરે! અમે તું કહે તેવું પ્રાયશ્ચિત્ત કરી તારી પાસેથી માફી ઈચ્છીએ છીએ!"

એ સાંભળી મેરી તો આનંદવિભોર બની ગઈ. તે પ્રેમસભર વાણીમાં બોલી: "અરે કુંવરીબા! તમારે તો માફી માગવાની હોય જ નહિ. તમે તો સંજોગો અનુસાર જે યોગ્ય હતું તે જ કર્યું. એમાં યે તમે તો મારા બચાવ માટે થાય એટલા પ્રયત્નો કરેલા એ શું હું નથી, જાણતી? મેં તો તમારો કે તમારા માતપિતાનો કદી એ માટે દોષ ગણ્યો નથી, કે તમારી ભલાઈ ભૂલી નથી. મને તો એક જ દુઃખ હતું કે હું નિર્દોષ હોવા છતાં તમારી આગળ અપરાધી અને નિમકહરામ પૂરવાર થઈ હતી. હું વારંવાર ઈશ્વર પાસે માગતી હતી કે તે મને આપ બધાંની આગળ નિર્દોષ જાહેર કરે. હવે અત્યારે તમને જોઈને મને ખાતરી થઈ છે કે ઈશ્વરે મારી પ્રાર્થના સાંભળી છે. હવે મને ખૂબ સુખ થયું છે."

એ સાંભળી એમેલ્યા ફરીથી તેને ભેટી પડી. મેરીની આવી નમ્ર અને ક્ષમાશીલ ભાવનાથી તે ખૂબ જ પ્રભાવિત થઈ. પછી જેમ્સની કબર તરફ નજર પડતાં તે દિલગીરીભર્યા સ્વરે બોલી. "અરેરે! આ પવિત્ર સંત જેવા માણસને અમે કેટલો અન્યાય કરી બેઠાં? હવે એનું પ્રાયશ્ચિત અમે કેવી રીતે કરી શકીશું? હે મહાત્મા! કેવી એ દુષ્ટ ઘડીએ અમને તમારા પર શક ઊપજ્યો કે અમે આવો અન્યાય કરી બેઠાં! તમારી વર્ષોની એકનિષ્ઠ સેવા પણ અમે ભૂલી ગયાં! હું તો તમારા હાથે જ ઘડાયેલા પારણામાં ઝૂલીને મોટી થઈ છું. મારા જન્મ દિવસ માટે તમે કેટલી હોંશપૂર્વક ભેટની ટોપલી ગૂંથેલી? અને એ બધાંનો અમે નગુણાંએ કેવો બદલો વાળ્યો! અફસોસ! અફસોસ! તમારા પર શંકા લાવીને અમે કેવી અધમતા આચરી હતી! અમે શાંત મનથી વિચાર કર્યો હોત અને તમારા ઉત્તમ ચારિત્ર્યનો ખ્યાલ રાખ્યો હોત તો આવી મૂર્ખાઈ ન થઈ હોત. એક નીચ ઈર્ષાળુ દાસીના કહેવાથી આવો અપરાધ થયો ન હોત. અમે તમારો મોટો અપરાધ કર્યો છે, અને તમે જ અમને ક્ષમા આપી ઋણમુકત કરી શકો. અમે જો કંઈક વિચારપૂર્વક કામ લીધું હોત તો તમારો દેહ આ અજાણી ભૂમિમાં પડયો ના હોત, અને તમારી આ સુશીલ ધર્મભીરૂ પુત્રીને આમ એકલાં અટવાવું ન પડત. પણ હવે અફસોસ શા કામનો? ઈશ્વરને જે માન્ય હતું તે થઈ ચૂક્યું છે. પણ હવે ઈશ્વરનો આભાર થયો કે છેક કટોકટીની ઘડીએ હું આવી પહોંચી. મેરી, હવે તારે કશી ચિંતા કરવાની નથી. તું મને એટલું કહે કે તારા પિતાએ મૃત્યુ પહેલા અમને ક્ષમા આપવાની વાત કદી કરી હતી ખરી?"

મેરીએ કહ્યું, "કુંવરીબા, મારા પિતાના મનમાં કદી તમારા કાર્યનો દોષ વસ્યો નથી. તમે તો બહુ માયાળુ વર્તાવ રાખેલો એમ જ તે માનતા હતા. અમારી સામે એવા સજ્જડ પૂરાવા હતા કે કોઈ અમને નિર્દોષ માની શકે જ નહિ. તે તો હંમેશાં તમારા કુટુંબના કલ્યાણ માટે ચૂક્યા વિના દરરોજ પ્રાર્થના કરતા રહ્યા હતા. મરતાં પણ તેમણે તમારા બધા માટે શુભ વચનો જ ઉચ્ચાર્યા હતાં. તે તો છેલ્લે સુધી આશા રાખતા હતા કે અમારી નિર્દોષતા જાણ્યા પછી તરત તમે અમને વતનમાં પાછાં બોલાવ્યા વિના નહિ રહો. કુંવરીબા, તમારા પર તો તમને ખૂબ જ ભાવ હતો અને વારંવાર તમને યાદ કરતા."

આ સાંભળી ઉમરાવપુત્રી ખૂબ અફસોસ કરવા લાગી. "હે સન્માનીય વૃદ્ધજન! હું તમારી શી કદર કરી શકું? પણ મેરી બહેન, તને ખરા અણીના વખતે મદદની ખૂબ જરૂર છે ત્યારે જ ઈશ્વરે મને અહીં મોકલી છે, અને એ ઈશ્વરી સંકેત હું નિષ્ફળ નહિ જવા દઉં એ મારો કોલ છે."

◆◆◆

## પ્રકરણ ૧૬

# ઉમરાવપુત્રી કબરસ્તાને શી રીતે આવી

ઉમરાવપુત્રી એમેલ્યાએ મેરીને કહ્યું, “બહેન મેરી, ઈશ્વરે આજ સુધી તમારી બંનેની સંભાળ લીધી છે અને હવે તે મારી મારફતે એ કામ કરાવવા મને અહીં દોરી લાવ્યા છે. જે દિવસે અમને ખબર પડી કે તું નિર્દોષ છે ત્યારથી અમે તમને પિતાપુત્રીને શોધવામાં કોઈ પ્રયત્ન બાકી રાખ્યો નથી. અમારા અયોગ્ય વર્તનથી તમે જે દુઃખો સહન કરતાં હતાં તેનો ખ્યાલ આવવાથી મને જરાયે ચેન પડતું ન હતું. તમને શોધવાના અમારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. હવે શું કરવું તે સૂઝતું ન હતું.

એવામાં પિતાજીને તેમના રાજ્ય વનઅધિકારી તરીકે આ બાજુ કામ નીકળતાં અમે બધાં અહીં પાસેના ગામે થોડા દિવસથી આવ્યાં છીએ. તેમના કામ અંગે બીજા બે અમીરો પણ સાથે આવ્યા છે. અહીં અમે રાજાના શિકારગૃહમાં ઉતારો રાખ્યો છે. પિતા સાથે બે અમીરો પણ કુટુંબ સહિત આવેલા છે. આજે મારા માતુશ્રી બધાંને રાત્રિભોજન આપવાનાં હોવાથી તેની તૈયારીમાં રોકાયેલાં છે.

સાંજના ખુશનુમા વાતાવરણમાં મેં બહાર ફરવા નીકળવાનો વિચાર કરી માતુશ્રીને પૂછ્યું. તેમણે વનરક્ષકની દીકરીનો સંગાથ કરી આપી થોડે દૂર ફરી આવવા રજા આપી. તે મને ગામમાં તથા આજુબાજુ જોવાલાયક સ્થળો બતાવતી બતાવતી દેવળ તરફ લઈ આવી. દેવળ પાસે કબરસ્તાન હોય છે તેમાંથી કબરો પરના સ્મૃતિલેખો વાંચવાનું મને બહુ ગમે છે એટલે હું કબરસ્તાનમાં પેઠી. વનરક્ષકની દીકરી મને કહેવા લાગી કે અહીં બહુ સુંદર કબરો તો ખાસ નથી પણ તાજેતરમાં જ મરણ પામેલા એક વૃદ્ધની કબર પર તેની પુત્રીએ એક સુંદર ગૂંથણીવાળી ટોપલી મૂકી રાખી છે, તે જોવા જેવી છે. તમારે જોવી હોય તો ચાલો બતાવું. તે મને તે કબર પાસે લઈ ગઈ ત્યારે ટોપલી જોઈને મને આશ્ચર્ય થયું. એ તો મને ભેટ અપાયેલી જ ટોપલી હતી. મેં એ છોકરીને તમારા વિષેની વિગતો પૂછવા માંડી. તમારું પાઈનફાર્મ આવ્યા પછીનું જીવન, જેમ્સની માંદગી અને મૃત્યુ અને તે પછીની તારી હાડમારી, એ બધું જાણવા મળતાં હું ધર્મસેવક પાસે તારી ભાળ કઢાવવા ગઈ. ધર્મસેવક ઘણા ભલા હતા. તેમણે તારાં ખૂબ વખાણ કર્યાં. મેં તને મળવા પાઈનફાર્મ જવા ઈચ્છા દર્શાવી ત્યારે તેમણે તે ઘણું

દૂર હોવાથી ત્યાં જઈને પાછા આવતાં ઘણું મોડું થઈ જશે એવી બીક દર્શાવી. હું ચિંતામાં પડી, કારણ કે બીજે દિવસે સવારે તો અમારો મુકામ અહીંથી ઊઠી જવાનો હતો. એ જોઈ ધર્મસેવકે કબરસ્તાનના ચોકીદારને બોલાવી સૂચના આપી કે પાઈનફાર્મ જઈને મેરીને તેડી લાવો. તેણે કહ્યું કે મેરીનું કામ હોય તો પાઈનફાર્મ સુધી જવાની જરૂર નથી. હું થોડીવાર પર દેવળની ઘડિયાળને ચાવી આપવા ગયો હતો ત્યારે મેં તેને કબરસ્તાનમાં તેના પિતાની કબર તરફ જતી જોઈ છે. તે ત્યાં જ હશે. એ સાંભળી હું કબરસ્તાન તરફ આવવા તૈયાર થઈ. ભલા ધર્મસેવક પણ મારી સાથે આવવા તૈયાર થયા પણ મારે તને એકલાં જ મળવું હતું તેથી તેમને આભાર સહિત ના પાડી હું અહીં આવી અને આપણો મેળાપ થયો. મેં ધર્મસેવકને મારા માતાપિતા પાસે મોકલ્યા છે કે મોડું થવાથી તેઓ મારી ચિંતા ન કરે.''

મેરી એ સાંભળી બંને હાથ જોડી આકાશ તરફ ઊંચા કરીને બોલી, ''પ્રભુએ મારા પર અનહદ કૃપા કરી છે. તેમણે મારી આંસુસહિતની પ્રાર્થના સાંભળી છે અને મારા પર દયા દર્શાવી છે. તે પોતાના દૂતોને મદદ કરવા મોકલે છે અને એ દૂતો માણસના રૂપમાં જ આવતા હોય છે. એ જ પ્રમાણે તેમણે તમને મારી વહારે મોકલ્યાં છે. પ્રભનુ ધન્ય હો!''

મેરીએ એમેલ્યાને દેવદૂત સમી ગણી તેનો તેણે વાંધો લીધો અને પોતે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે વર્તવા ઈચ્છતી એક માનવ વ્યક્તિ જ છે એમ કહી પોતાની નમ્રતા દર્શાવી. જે કંઈ બને છે તે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે થાય છે અને આપણે તો નિમિત્તમાત્ર છીએ, એમ કહીને તેણે વધુ સમાચાર આપવા માંડયા. મેરીને અપરાધી ઠરાવતી જુબાની આપનાર દાસી માર્ગરેટની વાત કરતાં કુંવરીએ કહ્યું કે ''તે તારી ખૂબ ઈર્ષા કરતી હતી અને તને કાઢી મુકાવવા જ તેણે તારા પર ખોટો અપરાધ ચઢાવ્યો હતો તે અમને પાછળથી ખબર પડી. જૂઠું બોલતાં તે જરા પણ અચકાઈ નહિ, પણ જૂઠ તે કેટલું ચાલે? તમે હદપારીમાં જવા નીકળ્યાં ત્યારે અમને પૂછ્યા કર્યા વિના જ પેલી ટોપલી તમારી પર ફેંકીને તમારું અપમાન કરેલું એ અમે પાછળથી જાણ્યું હતું. એ એમ માનતી હતી કે મેરીની ફાંસ નીકળી જવાથી ગઢમાં પોતે હવે યથેચ્છ રહી શકશે અને માલિકોની કૃપા પ્રાપ્ત કરી શકશે. પણ ઈશ્વરે જુદી જ યોજના ઘડી હતી. કારણ કે તારા પિતાની કબર પર એ ટોપલી મારા જોવામાં આવી ત્યારે મને આશા બંધાઈ કે તું આટલામાં જ નજીકમાં ક્યાંક હોવી જોઈએ. આપણે આટલાં પાસે હોવા છતાં આ ટોપલી

જોવા ન મળી હોત તો કદાચ આપણે મળવા ન પામત. પ્રિય મેરી! ઈશ્વરની કૃપા હોય તો શત્રુઓનું કંઈ ચાલતું નથી અને તેમની યોજનાઓ ઊંધી વળે છે, અને સારાં માણસોનું તેઓથી રક્ષણ થાય છે. આ તારી બાબતમાં પણ તારું ભૂંડું ઈચ્છનારના હાથે જ તને ફાયદો થયો છે. માર્ગરેટના ઘણાં દુષ્કૃત્યો પકડાઈ જવાથી આખરે તેને શિક્ષા કરીને ગઢમાંથી કાઢી મૂકી છે. હવે બીજી દાસી રાખી છે તે ઘણી ધર્મપરાયણ છે, અને મને સન્માર્ગે ચલાવવામાં ખૂબ મહેનત લે છે. પણ એ બધું તો ઠીક, પણ આટલી મોડી રાત્રે તારે કબરે કેમ આવવું પડયું?''

એટલે મેરીએ તે દિવસે સાંજના પાઈનફાર્મમાં બનેલી ઘટના કહી સંભળાવી અને પોતા પર આવી પડેલી આફતની પણ વાત કરી. મેરીની વાત સાંભળી એમેલ્યા ખૂબ દુઃખી થઈ. તે બોલી, ''એ વઢકણી સ્ત્રીએ ભલે તને કાઢી મૂકી પણ ઈશ્વર જેનો બેલી હોય તેને કશી આંચ આવતી નથી. એણે તારું ભૂંડું તાક્યું, પણ એથી તો તું અહીં આવી અને આપણો મેળાપ થયો. ઈશ્વરેચ્છાથી જ હું પણ અહીં આવી છું. આમ ઈશ્વર બધી બાબતે આપણા પર ભલાઈ કરી રહ્યો છે. તો ચાલ, હવે મારી સાથે અમારા મુકામે જઈએ. ઘણું મોડું થયું છે અને મારાં માતાપિતા રાહ જોતાં હશે. ઈશ્વરેચ્છા હશે તો હવે આપણે કદી વિખૂટા પડવાનું નહિ આવે.''

હવે આ કબર પાસે ફરી આવવાનું થાય કે ન થાય એ વિચારથી મેરીની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. તે કબર સામે છેલ્લી નજર નાખી ત્યાંથી દૂર જવા લાગી પણ જાણે તેનો પગ જ ઉપડતો ન હતો. આખરે ઉમરાવપુત્રીએ તેનો હાથ પકડીને ત્યાંથી જવાનો આગ્રહ કર્યો, અને સ્મૃતિચિહ્‌ન તરીકે પેલી યાદગાર ટોપલી પણ લઈ લેવાનું કહ્યું. તેણે ટોપલીના કરતાં વધુ ટકાઉ સ્મારક ત્યાં ઊભું કરવાની પોતાની ભાવના પણ મેરી આગળ વ્યક્ત કરી. એવો સ્મરણસ્તંભ તૈયાર થાય ત્યારે મેરીને ફરી ત્યાં આવવાનું મળશે તેની યાદ આપી. બંને વાતો કરતાં કરતાં ઉતારાગૃહ તરફ જવા લાગ્યાં અને રસ્તામાં એમેલ્યાએ વીંટી કેવી અણધારી રીતે મળી આવી તેની વાત સવિસ્તર મેરીને કહી સંભળાવી.

◆◆◆

## પ્રકરણ ૧૭

# વીંટી જડી

શિકારગૃહ તરફ જવાના માર્ગે બંને તરફ ઘટાદાર વૃક્ષોની હાર આવેલી હતી. એમેલ્યા અને મેરી બંને જણ વાતો કરતાં કરતાં રસ્તે ચાલી રહ્યાં હતાં. એમેલ્યાએ વીંટી કેવી રીતે જડી તે વાત કહેવા માંડી: "ગયા વરસે મારા પિતાને ઈકબર્ગમાં ઘણું કામ નીકળવાથી અમે હંમેશ કરતાં વહેલાં રાજદરબાર છોડીને માર્ચની શરૂઆતે જ ગામડે આવી ગયેલાં. ઠંડી પણ ઘણી હતી અને પવનનાં તોફાનો પણ વારંવાર થતાં. એક રાત્રે તો ભારે વાવાઝોડું આવ્યું. મેરી, તને યાદ છે, ગઢના બાગમાં એક મોટું ઊંચું જમરૂખનું ઝાડ હતું? એ તો ખૂબ જીર્ણ થઈ ગયું હતું, અને ગમે ત્યારે તૂટી પડે તેવી બીક હતી. તેનાં ફળ પણ આવતાં બંધ થયાં હતાં. તે રાત્રે પવનનું જોર ઘણું હોવાથી તે એટલું હાલી ગયું કે હવે તેને ઊભું રહેવા દેવામાં જોખમ હતું. આથી પિતાએ હુકમ કર્યો કે સવારે તે કાપી નાખવું. મકાનને નુકસાન ન થાય માટે બધા નોકરોને મદદ કરવા હાજર થવા કહ્યું. અમે બધાં કુટુંબના માણસો પણ ત્યાં હાજર હતાં. એ ઝાડ પર એક પક્ષીએ છેક ઊંચી ડાળીએ પોતાનો માળો બાંધ્યો હતો. ઝાડ પડતાંની સાથે જ મારા ભાઈઓ માળો લેવા દોડયા. પણ ત્યાં પહોંચતાં જ તેઓ આભા બનીને માળામાં જોઈ રહ્યા. પછી મારો ભાઈ ઓગસ્ટ બોલ્યો, "અરે, જુઓ તો ખરા! આ માળામાં આ શું ચળકે છે?"

બીજો ભાઈ આલ્ફ્રેડ બોલ્યો, "અહા, આ તો હીરા જેવું તગતગે છે!"

"બે ભાઈઓની વાત સાંભળી માર્ગરિટ પાસે જઈને જોવા લાગી અને તેને ખબર પડી કે એ તો વીંટી છે. એટલામાં ભાઈઓએ માળો ઊંચકીને તેમાંથી વીંટી બહાર કાઢી અને માતુશ્રીને આપી. એ જોતાં જ તે બોલ્યાં, "અરે! આ તો પેલી મારી ખોવાયેલી જ વીંટી છે. વીંટી મળવાથી આનંદ થયો, પણ તરત જ તેમના મોં પર દુઃખનો ભાવ તરી આવ્યો. તે અફસોસ કરતાં બોલ્યાં: "અરેરે! ભલા, અને ધર્મપરાયણ જેમ્સ અને સુશીલ મેરીને આપણે વિના અપરાધે દોષિત ઠરાવી ભારે દુઃખી કર્યા! વીંટી મળવાથી આનંદ તો થાય છે, પણ પેલાં બે નિરપરાધી જણાં ફરી મને જોવા મળશે ત્યારે જ મને હવે સંતોષ વળશે. એમને કરેલા અન્યાયનું નિવારણ કરવા હું દસગણી કિંમત ખર્ચવા તૈયાર છું."

"પછી મેં પૂછ્યું, "મા, આટલા ઊંચા ઝાડની ટોચે વીંટી શી રીતે ગઈ હશે?" એ સાંભળી વૃદ્ધ એન્ટોની અમારો વનરક્ષક બોલ્યો, "એ વૃક્ષ ઊંચું તો છે પણ તેની ડાળીઓ એટલી નાજુક છે કે કોઈ માનવી ત્યાં સુધી જઈ શકે જ નહિ, એટલે જેમ્સ, મેરી કે બીજા કોઈ માણસનો વિચાર કરવો જ અશક્ય છે. પણ આપણે ત્યાં મેગ્પાઈ નામનું જે પક્ષી થાય છે તેનું એક જોડું આપણા બાગમાં ઘણા સમયથી રહે છે તે હું જાણું છું. આ મેગ્પાઈ પક્ષીની ખાસીયત છે કે ચળકતી વસ્તુ પ્રત્યે આકર્ષાય અને ઉપાડીને પોતાના માળામાં લઈ જાય. આ પક્ષી આવું કરતું હોવાની વાતો ઘણી પ્રચલિત છે. એ પક્ષી જ એ વીંટી ઝાડની ટોચે માળામાં લઈ ગયું હશે એ પૂરેપૂરું શક્ય છે."

"એન્ટોનીની વાત સાંભળી માતુશ્રી બોલ્યાં, "એન્ટોની, તમારી વાત મને બરાબર લાગે છે. મને યાદ છે કે એ પક્ષી અવારનવાર બારીએ આવતું અને બારી ઉઘાડી હોય તો ખંડમાં પણ આવતું. વીંટી ખોવાઈ તે દિવસે ગરમી હોવાથી મને ચોક્કસ યાદ છે કે મેં મેજ પાસેની બારી ખોલી નાખી હતી. વીંટી કાઢીને મેં એ બારી પાસેના ટેબલ પર જ મૂકી હતી. પછી હું થોડી જ વાર બહાર ગઈ હતી તેટલામાં એ પક્ષી અંદર આવ્યું હશે અને વીંટીના ચળકાટથી આકર્ષાઈ તેને ઉપાડી ગયું હશે. વીંટી ગૂમ થવાનો એ જ ભેદ છે એ વિષે હવે મને શંકા રહી નથી."

"વીંટી ગૂમ થવા વિષે આવી અણકલ્પી વાતો સાંભળી મારા પિતા પણ આશ્ચર્ય પામ્યા. પણ નિર્દોષને રંજાડયાં તે વિચાર આવતાં તે ખૂબ દુઃખી થઈ ગયા. તે બોલ્યા, "આ સંજોગોમાં આપણે બમણાં દોષિત થયાં છીએ. અરેરે! એ ધર્મપરાયણ પિતાપુત્રીને વિના અપરાધે દોષિત ઠરાવી સજા ફરમાવી તેથી મને અતિ દુઃખ થાય છે. મેં કેમ આવું વગરવિચાર્યું કામ કર્યું! હે પ્રભુ! તમારી ગતિ ગહન છે! તમારા હાથમાં અમે તો નિઃસહાય છીએ. પણ હવે જે થઈ ગયું તેનો શોક કરવાથી કંઈ વળવાનું નથી. જો કે મારું મન સાફ હતું અને તેમને સજા થાય એવી મારી લગીરે ઈચ્છા ન હતી, એટલો મારા મનને દિલાસો છે. પણ એ બાપદીકરીને શોધી કાઢી, ઈંકબર્ગ પાછાં લાવી તેમનું બધું તેમને પાછું ન સોંપાય અને નિર્દોષ જાહેર ન કરાય ત્યાં સુધી હું જંપીને નિરાંતે બેસી શકીશ નહિ."

"આ બધો સમય માર્ગરેટ પાછળ ઊભી ઊભી મૂઢ થઈ ગઈ હતી. તે સાવ ફિક્કી પડી ગઈ હતી. બધી વાતો સાંભળી તેને ખાતરી થઈ ગઈ

હતી કે હવે મારું જૂઠાણું ખુલ્લું પડી જવાનું, અને મારું આવી બનવાનું. એવામાં મારા પિતાની નજર તેના પર પડી. તેમણે તેને રોષથી કહ્યું. "હે દુષ્ટ દગાખોર સ્ત્રી, ન્યાયાસન આગળ સોગંદ પર જૂઠું બોલવાની તારી જિગર શી રીતે ચાલી? તેં મહા ઘોર પાપ આચર્યું છે. અમને અવળે માર્ગે દોરી અન્યાય કરાવ્યો છે, તેથી તેં મહા અધમ કાર્ય કર્યુ છે. તારી જૂઠી સાક્ષીને લીધે જ મેરીને અપરાધી ઠરાવવામાં આવી હતી. હવે તું શિક્ષામાંથી છટકી શકવાની નથી." પછી તેમણે નોકરોને હુકમ કર્યો કે હમણાં જ તેને પકડીને પોલિસ અધિકારી પાસે લઈ જાઓ અને જૂઠી સાક્ષી પૂરવા માટે કેદમાં નંખાવો. માર્ગરિટનાં કરતૂત ખૂલ્લાં પડી જતાં બધા લોકોને તેના તરફ ઘૃણા ઉપજી. એક જણ બોલ્યો, " 'ખાડો ખોદે તે જ તેમાં પડે' એ કહેવત અહીં સત્ય ઠરી છે." બીજું કોઈ બોલ્યું, "આ સ્ત્રીએ ઘણી દગલબાજી કરીને આપણા માલિકને છેતર્યા છે. પણ હવે ખરી પકડાઈ ગઈ છે!" એક વિચારવંત નોકર બોલ્યો, 'કુંવરીબાએ મેરીને સુંદર પોષાક ભેટ આપ્યો તેની ઈર્ષામાંથી આ બધું અધઃપતન થયું. કારણ કે જે કોઈ પોતાના મનમાં હલકા વિચારો પેસવા દે છે તે થોડા સમય પછી એ વિચારોના કાબૂ નીચે આવી જાય છે. માર્ગરિટની ઈર્ષામાંથી તે જૂઠું બોલવા પ્રેરાઈ અને પકડાઈ જવાના ડરથી તે સોગંદ ખાતા પણ અચકાઈ નહિ." બીજો એક જણ શુભ ભાવના દર્શાવતાં બોલ્યો, "ભલે, ગમે તે થયું, પણ હવે તેના મનમાં પસ્તાવો પેદા થશે એવી આશા રાખીએ, કે તેનો આ ભવ તો બગડયો, પણ પરભવ સુધરી જાય. બાઈબલમાં લખેલું છે કે, 'પ્રત્યેક ઝાડ જે સારું ફળ નથી આપતું તે કપાય છે, અને અગ્નિમાં નંખાય છે.' " આમ માર્ગરિટની વાત પૂરી કરતાં એમેલ્યાએ કહ્યું કે તેણે યોગ્ય કે અયોગ્ય રીતે સંઘરેલી સઘળી મિલકત જપ્ત કરીને તેને હદપાર કરી દેવામાં આવી છે.

"વીંટી આમ ચમત્કારિક રીતે જડી તે વાત ઝડપથી બધે પ્રસરી ગઈ, અને પોતાને કાને વાત સાંભળવા તથા એ પ્રખ્યાત થયેલું વૃક્ષ નજરે જોવા લોકોનાં ટોળેટોળાં ત્યાં ગઢમાં આવવા લાગ્યાં. તમને શિક્ષાનો હુકમ આપનાર પેલા ન્યાયાધીશ પણ વાત સાંભળી તરત ગઢમાં દોડી આવ્યા. એમને કેટલું બધું દુઃખ ઉપજ્યું હતું તે તો કલ્પી જ ન શકાય. એ ન્યાયાધીશ કડક ગણાતા પણ તે અદલ ઈન્સાફ આપતા અને આ ભારે અન્યાય તેમના હાથે થઈ ગયો તેથી તેમને ખૂબ જ લાગી આવ્યું. તે તો આવતાં જ કહેવા લાગ્યા,

"પેલાં નિર્દોષ, ઈશ્વરપરાયણ અને નીતિવાન પિતાપુત્રીને આપેલું દુઃખ જો હવે રદ બાતલ કરી શકાતું હોય તો હું મારી બધી સંપત્તિ ન્યોછાવર કરવા તૈયાર છું. માનવ કેટલો અપૂર્ણ અને ભૂલને પાત્ર છે! માત્ર ઈશ્વર જ સંપૂર્ણ યોગ્ય ન્યાય કરી શકે છે, કારણ કે તે માણસના અંતઃકરણનો જાણકાર છે. નિર્દોષ માણસને શિક્ષા કરવી એ તો ઘોર પાપ કર્યા સમાન છે. માણસે કાયદા પ્રમાણે કરેલી શિક્ષા યોગ્ય મનાય છે ખરી, પણ તેમાં યે ખરું કેટલું અને ખોટું કેટલું તે તો ઈશ્વર જ જાણે છે. અહીં જેમ્સ અને મેરીની બાબતમાં ઈશ્વરની દયાથી આખરે સત્ય જાહેર થયું છે અને અપરાધીને શિક્ષા થઈ છે, તેમ જ જે નિરપરાધી હતાં તેમનો કહેવાતો અપરાધ દૂર થઈ ગયો છે. એથી એ પણ સમજવાનું છે કે જેઓ ઈશ્વરની ભક્તિમાં લાગુ રહે છે તેઓને ઈશ્વર સહાય કર્યા વિના રહેતો નથી. કદાચ થોડો સમય કસોટીમાં દુઃખ વેઠવું પડે પણ તે તેમના માટે શિક્ષારૂપ નથી. એ તો તેમને તાલીમ આપી રહ્યો હોય છે કે તેમનું ચારિત્ર્ય સંગીન બને. એ પ્રભુ એક દિવસ દુષ્ટોને શિક્ષા કરવાનો છે અને ભક્તોને વરદાનો આપવાનો છે. તે અદશ્ય ન્યાયાધીશ આવી ઘટનાઓ મારફતે આપણને સમજણ આપવા માગે છે કે આપણે માયાના મોહમાં ફસાઈએ નહિ અને અંધકારમાં અટવાઈ જઈએ નહિ. આ પરથી આપણે આંખો ખુલ્લી રાખી સન્માર્ગે ચાલી ઈશ્વરની હજૂરમાં હાજર થવા તૈયાર થઈએ."

એમેલ્યાની વાત સાંભળી મેરીએ ઈશ્વરનો આભાર માન્યો કે તેના પર આવેલું કલંક દૂર થઈ ગયું હતું. ઈશ્વરની આ કૃપાથી તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એમેલ્યાએ તેને ધીરજ અને હિંમત આપી. આમ વાતો કરતાં કરતાં તેઓ શિકારગૃહના દરવાજે આવી પહોંચ્યાં.

◆◆◆

# પ્રકરણ ૧૮

## કલંકનિવારણ

અગાઉના પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે એમેલ્યાના કહ્યાથી ધર્મસેવક શિકારગૃહે આવી પહોંચ્યા ત્યારે ત્યાં દિવાનખાનામાં ઉમરાવ નામદાર, તેમનાં બાનુ, અને તેમની સાથે આવેલા બીજા અમીરો બેઠેલા જણાયા. ધર્મસેવકે એમેલ્યાનો સંદેશો જણાવ્યો અને પછી જેમ્સ અને મેરીનો પોતાને જે પરિચય થયો હતો તે સવિસ્તર કહી સભંળાવ્યો. ઉમરાવના કુટુંબને તો પહેલેથી જ જેમ્સના ઉમદા સ્વભાવ તથા ઉચ્ચ ચારિત્ર્યની ખબર હતી જ, છતાં તેઓ બધી વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યાં, અને જેમ્સની અગાઉની છાપ વધુ દ્રઢ બની. ધર્મસેવકે જેમ્સ સાથેની વાતચીત પણ કહી સંભળાવી. તેમાં જેમ્સે ઉમરાવ કુટુંબ પ્રત્યે છેલ્લે સુધી કેવો સદ્‌ભાવ રાખેલો તે પણ જણાવ્યું ત્યારે તેઓ ગદ્‌ગદિત થઈ ગયાં. મેરીની અસીમ પિતૃભક્તિની વાત સાંભળીને તેઓ ખૂબ જ પ્રભાવિત થયાં. વળી મેરી કેટલી ઉદ્યોગી, વિનયશીલ, શાંત પ્રકૃતિની અને ભક્તિભાવવાળી હતી તે પણ કહેવાનું તે ધર્મસેવક ચૂક્યા નહિ. એ બધી વાતો સાંભળી બધાનાં હૃદય પીગળી ગયાં.

આ જ ઘડીએ મેરીનો હાથ પકડીને એમેલ્યા દિવાનખાનામાં દાખલ થઈ. તેના બીજા હાથમાં પેલી ઈતિહાસ સર્જનારી ફૂલની ટોપલી હતી. બધાંએ મેરીને આવકાર આપ્યો. મેરીના સુકાયેલા ચહેરા તરફ જોઈ ઉમરાવ નામદાર બોલ્યા, "તું તો ખૂબ જ નબળી પડી ગઈ છે, મેરી! તારા મોં પર તો જરા યે લાલાશ રહી નથી. એ પરિસ્થિતિ ખૂબ ચિંતાપ્રેરક છે. એ બધાનું મૂળ અમારું અવિચારીપણું હોવાથી હવે તને તારી મૂળ સ્થિતિએ લાવવા અમારાથી બનતા બધા પ્રયત્નો અમે કરીશું. તારું જપ્ત થયેલું ઘર તને હું આપું છું. સાથે સાથે ખેતર અને વાડી પણ તને બક્ષીસ તરીકે આપી દઉં છું. તારે એને માટે કશું ગણોત ભરવાનું નથી. એ બધું તારી માલિકીનું ગણાશે."

એ પછી ઉમરાવબાનુએ મેરીને આલિંગન કરીને પોતાનો ભાવ દર્શાવ્યો, અને આટલો ભારે અનર્થ કરનાર પેલી વીંટી પોતાની આંગળીએથી કાઢીને મેરીની આંગળીએ પહેરાવતાં તે બોલ્યાં, "પ્રિય મેરી! હું જાણું છું કે તને કીંમતી આભુષણનો શોખ નથી અને તારા સચ્ચારિત્ર્ય આગળ એની

જરૂર પણ નથી છતાં જો તું આ વીંટી સ્વીકારશે તો મને ખૂબ આનંદ થશે. તું મારા પ્રેમભાવનો આદર કરે છે અને તું અમારા અપરાધોની સ્મૃતિ ભૂંસી નાખે છે એની અમને ખાતરી થશે. આ વીંટીમાંના નંગ કરતાં તારી સુશીલતાનો પ્રકાશ વધુ તેજસ્વી છે. માટે મારા પ્રેમભાવ અને લાગણીઓની નિશાની તરીકે તું આ વીંટી સ્વીકારી લે."

ઘણાં વર્ષોથી મેરીની આંખો દુઃખનાં આંસુ વહાવતી હતી, પણ આજે મેરીની આંખોમાંથી હર્ષનાં આસું વહી રહ્યાં. આખા દિવસના પરિશ્રમ તથા પાઈનફાર્મમાંની ઘટનાનો આઘાત તેમ જ પિતાની કબર પર હૈયાફાટ કરેલું રૂદન એ પછી આ હર્ષનો અતિરેક મેરીના દિલ માટે સહન કરવાનું શક્ય ન હતું. તે દિગમૂઢ બની આ બધું જોઈ રહી, પણ એક શબ્દ પણ બોલી શકી નહિ.

પણ એથી તો ત્યાં બેઠેલાને એમ લાગ્યું કે મેરીને વીંટી લેવાની ઈચ્છા નથી. આથી એક જણ મેરીને સમજાવવા લાગ્યો, "બહેન, ઉમરાવબાનુ ઉદાર ભાવે જે ભેટ આપે છે તે લઈ લે તે જ યોગ્ય છે. ઈશ્વરકૃપાએ નામદાર ઉમરાવ પાસે તો ઘણી સંપત્તિ છે અને હવે તેઓ જ તારાં વાલી થયાં છે એટલે એ બધું લેવું તને શોભશે." એ સાંભળી ઉમરાવબાનુ બોલી ઊઠયાં, "દરબાર સાહેબ, એમ અમારી પ્રશંસા કરશો નહિ. મેરી માટે જે કંઈ અમે કરીએ એ કંઈ અમારી ભલાઈ કે ઉદારતા ગણવાની નથી, પણ એ તો અમારી ફરજ તરીકે જ અમે કરી રહ્યાં છીએ."

ઉમરાવ નામદાર અને તેમનાં બાનુ મેરી પર આટલો બધો ભાર મૂકતાં હતાં તેથી તે સંકોચશીલ યુવતી તો ખૂબ જ મૂંઝાઈ ગઈ. તેણે વીંટી આંગળીથી ઉતારી હાથમાં રાખી અને પછી શરમાતાં શરમાતાં તેણે ધર્મસેવક તરફ નજર કરી, જાણે તેમની સલાહ ન પૂછતી હોય! ધર્મસેવક તેનો ભાવ સમજીને બોલ્યા, "દીકરી મેરી, એ વીંટી તો તારે સ્વીકારવી જ જોઈએ. તારી અસીમ પિતૃભક્તિ હવે ફળવા લાગી છે તેની આ દૈવી નિશાની છે. આ તો ઈશ્વર પ્રસન્ન થયાનો સંકેત છે, કારણ પોતાનાં માતપિતાનું સન્માન કરનાર ઈશ્વરને માન્ય થાય છે અને તે તેમને આશીર્વાદોથી નવાજે છે. ઉમરાવ નામદાર અને બાનુના ભાવને અવગણવાનું યોગ્ય ન જ ગણાય માટે એ વીંટી

સ્વીકારી લે. મારા આશિષ છે કે દુઃખના દિવસોમાં તેં જેમ સદ્‌ગુણો સાચવીને જીવન ગુજાર્યું તેમ જ હવે સુખના દિવસોમાં પણ જીવન સન્માર્ગે જ ગાળજે.''

એ પછી ધર્મસેવકનો આભાર માની મેરીએ વીંટી પહેરી લીધી. એથી તેની સખી એમેલ્યા સહિત બધાંને ખૂબ જ આનંદ થયો, અને તેનું મુખ ખીલી ઊઠયું. એ જોઈ ધર્મસેવકને જરા આશ્ચર્ય થયું, કારણ કે બાળસ્વભાવ પ્રમાણે પોતા કરતાં કોઈ બીજાને વધુ મહત્વ મળતું જોઈ બાળકો અને યુવકોમાં ઈર્ષા પેદા થવાનો વિશેષ સંભવ રહે છે, પણ અહીં તો ઉલટું જ જોવા મળતું હતું. અહોભાવ સાથે એમેલ્યા પ્રત્યે પણ તેમના હૃદયમાં શુભભાવનાઓની સરવાણીઓ ફૂટી નીકળી.

◆◆◆

# પ્રકરણ ૧૯

## શિકારગૃહની મુલાકાતે

રાત્રિભોજનનો સમય થતાં ઉમરાવબાનુએ મેરીને પોતાની જોડેની જ બેઠકમાં બેસવાનું ભારે માન આપ્યું. એ પ્રસંગે આશીર્વચનોમાં કહેવામાં આવ્યું કે ઈશ્વર માણસની સ્થિતિ એક પળમાં પલટી નાખી શકે છે, અને રાયને રંક કે રંકને રાય બનાવી દે છે. માટે રંક લોકોએ પોતાની સ્થિતિ માટે હતાશ થવાની જરૂર નથી. પણ તેમણે ઈશ્વરને પ્રસન્ન કરવાના પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ. બધાં જમવા બેઠાં ત્યારે ધર્મસેવકે ભોજન પર આશીર્વાદ માગ્યો. પછી બધાંએ ભોજન શરૂ કર્યું. પણ મેરીના મનની સ્થિતિ તો અત્યારે ઘણી વિચિત્ર થઈ પડી હતી. તેને તો આ બધું જાણે સ્વપ્ન જેવું જ લાગતું હતું. આવા ઉચ્ચ દરજ્જાના લોકો સાથે જમવા બેસવાનું મળ્યું ત્યારે તેને પોતાની પાછલી સ્થિતિ યાદ આવી ગઈ. તે મનમાં જ વિચાર કરી રહી કે, "થોડા કલાક પહેલાં જ પાઈનફાર્મમાં મને નોકરોથી યે હલકી ગણવામાં આવતી અને કોઈ મારો ભાવ પણ પૂછતું નહિ, અને અહીં અત્યારે હું મોટા માનનીય ઉમરાવોની સાથે માનના સ્થાને બેસી ઉત્તમ ભોજન પામી છું. ઈશ્વરની લીલા કેવી અકલ્પ્ય છે! પ્રભુ, તમારો પાર કોણ પામી શકે?"

કુંવરી એમેલ્યા પણ તેની બાજુમાં જ બેઠી હતી. મેરીએ આવા સન્માનના સ્થળે બેસવા પ્રથમ તો ખૂબ જ આનાકાની કરી પણ આખરે તેને એમનું કહ્યું માનવું પડયું. ભોજન સમયે પણ મેરીના સદ્‌ગુણી જીવન વિષે જ ઘણી ઘણી વાતો કહેવામાં આવી. નામદાર ઉમરાવને જંગલના કાર્યમાં એન્ટોની ખૂબ ઉપયોગી થઈ પડશે એમ ધારી તેને પણ રસાલામાં સાથે લાવવામાં આવ્યો હતો. તે પીરસવાના કાર્યમાં પણ મદદ કરતો હતો. તે વિશ્વાસુ અને વૃદ્ધ હોવાથી આવા પ્રસંગે હાજર રહેતો, અને બીજા નોકરો કરતાં થોડી વિશેષ છૂટ પણ ભોગવતો. તેણે મેરીને ધીમેથી કહ્યું, "મેરી, તમે હદપાર થઈને જતાં હતાં ત્યારે છેલ્લાં છેલ્લાં આપણે મળ્યાં હતાં તે યાદ છે? ત્યારે મેં કહ્યું હતું કે અંતે સત્યનો જ જય થશે અને ઈશ્વર સર્વ સંકટોમાંથી તમને પાર ઉતારી શુભ દિવસ દેખાડશે, એ તને યાદ છે? અત્યારે મારો મિત્ર જેમ્સ હયાત હોત તો તમારો આનંદ સંપૂર્ણ થાત! હું તો માનું છું જ કે ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર સુખી થયા વિના રહેતો જ નથી."

એન્ટોની ધીમેથી બોલ્યો હતો છતાં ધર્મસેવકના સાંભળવામાં આવ્યું. તેમણે પણ વાતમાં ઝંપલાવતાં કહ્યું, "ભાઈ, તમારી વાતથી મને ઘણો આનંદ થાય છે. તમારા આવા વિચારો ખરેખર કદર પાત્ર છે. હું જાણું છું કે જેમ્સ મૃત્યુના દિવસ સુધી મેરીના નિરપરાધી ઠરવાની આશા સેવતા હતા, પણ એમ જ માનવું રહ્યું કે ઈશ્વરને એમ કરવું મંજૂર નહિ હોય. તે તો પ્રભુ ઈસુ પાસે પહોંચીને સુખમાં પ્રવેશ કરી ગયા છે. આ દુનિયામાં ભલે ગમે તેટલું સુખ મળતું હોય પણ જેઓ ઈશ્વર પર શ્રદ્ધા રાખી સુકૃત્યો કરી પરલોક માટે તૈયારી ન કરતા હોય તેઓને અંતે તો પસ્તાવાનું જ આવે છે. ઈશ્વરના માર્ગે ચાલવાનું સહેલું તો નથી જ. પણ દૃઢ મનથી ઈશ્વરને વળગી રહીએ તો ઈશ્વર એ કઠણ માર્ગે પાર ઉતાર્યા વિના રહેતો નથી. કોઈ કહે કે બિચારો જેમ્સ તો સારો હોવા છતાં દુઃખ વેઠતાં વેઠતાં જ મરણ પામ્યો તેનું શું? એમાં આપણે એમ સમજવાનું છે કે માણસની ફરજ તો જેમ્સની પેઠે સત્ય એને નીતિથી જીવન ગાળવાની છે. લોકોને પસંદ પડે કે ન પડે અને આ જીવનમાં એનું ફળ ભોગવવા મળે કે ન મળે, પણ અંતે એવો માણસ ઈશ્વરનું પ્રિયપાત્ર બની રહે છે. ઈશ્વર તો માણસની બાહ્ય જ નહિ પણ અંતરની વાતો પણ જાણે છે અને શુદ્ધ મનવાળાએ કશાથી ડરવાની જરૂર નથી. વળી આપણો બધો વહેવાર આ દુનિયા સાથે જ છે અને અહીંથી વિદાય થતાં બધાનો અંત આવી જાય છે, એમ માનવું એ મોટી ભૂલ છે. અહીં રહીને આપણે ત્યાંની બાબતો શીખવાની છે. જેમ્સે દુઃખ સહન કરવા છતાં પોતાની સચ્ચાઈ અને સજ્જનતા છોડયાં નહિ એ ઘણું પ્રશંસાપાત્ર છે. આપણું આયુષ્ય ટૂંકું હોય કે લાંબુ તે બહુ અગત્યની વાત નથી કારણ કે આ લોક કરતાં પરલોકનાં સુખ જ ખરાં અને શાશ્વત ટકનારાં છે. માણસની ચડતી પડતી તો ઈશ્વરના નિયમને આધીન છે, અને ઈશ્વરના નિયમો પૂર્ણ ડહાપણભર્યા છે. એવી દ્રઢ શ્રદ્ધા પકડી રાખવી એ આપણી ફરજ છે. ઈશ્વરના સંકલ્પ અત્યારે આપણે સમજી શકતા નથી પણ ભવિષ્યમાં યોગ્ય સમયે સમજી શકીશું. માટે આપણે અત્યારે જેટલું સમજાય તેટલાથી સંતોષ માનીએ તો બસ છે."

ધર્મસેવકે જેમ્સ વિષે વધુ બોલતાં જણાવ્યું, "પહેલાં તો જેમ્સને તીવ્ર ઝંખના હતી કે તેના મૃત્યુ પહેલાં મેરીની નિર્દોષતા જાહેર થાય. એથી તેને ખૂબ માનસિક અજંપો રહેતો. પણ મરણ પહેલાં થોડા દિવસ અગાઉ

મારી મુલાકાત વખતે તે સ્વસ્થ થઈને મને કહેવા લાગ્યો કે, "હવે મારા મનમાં શાંતિ આવી ગઈ છે. મેરી વહેલી મોડી નિરપરાધી ઠરવાની છે તેની મને દિલમાં ખાતરી થઈ ચૂકી છે. ગઈ કાલે ઊંઘ ન આવવાથી મેં આખી રાત ઈશ્વરની પ્રાર્થના કરવામાં ગાળી હતી અને તેમણે જ મને પ્રતીતિ કરાવી છે. હું ઘણો અશક્ત થઈ ગયો છું, પણ પ્રાર્થનાથી મને દેહમાં પણ બળ પુરાતું લાગે છે. પ્રાર્થનાથી મારા સઘળા ભય અને ચિંતાઓ ટળી ગયા છે. હવે તો આખો વખત મનમાં આનંદ જ ઉભરાયા કરે છે. હવે તો મેં મેરી માટેની બધી ચિંતાઓ પણ ઈશ્વર પર નાખી દીધી છે, અને તે જરૂર પ્રમાણે તેને હિતેચ્છુઓ મેળવી આપશે. અમને હદપાર કરનારાં જ મેરીને વહાલથી બોલાવીને તેની સઘળી જરૂરીઆતો પૂરી પાડવાનું માથે લેશે એવી મને શ્રદ્ધા બેઠી છે. મને યાદ આવે છે કે જેમ્સે મારી સાથે જે દિવસે આ બધી વાત કરી હતી તે જ દિવસે આગલી રાત્રે વાવાઝોડું આવેલું અને આપ નામદારશ્રીના ગઢના બાગમાંનું પેલું ઝાડ દોદળું થઈ જવાથી બીજે દિવસે કાપી નાખવાનો હુકમ આપે આપેલો હોવો જોઈએ. બધી વાતનો તાળો બરાબર મળી રહે છે, અને ઈશ્વર સૌ સારાં વાનાં નિપજાવે છે, એ આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ." ધર્મસેવકની વાત સાંભળી બધાં ખૂબ પ્રભાવિત થયાં. ત્યાર પછી ઉમરાવબાનુએ બધાંનો આભાર માની સૂવા જવાની સૂચના આપી કારણ કે બીજે દિવસે વહેલી સવારે રસાલો ત્યાંથી ઉપડી જવાનો હતો.

◆◆◆

## પ્રકરણ ૨૦

# પાઈનફાર્મની મુલાકાતે

બીજે દિવસે વહેલી સવારે બધાં જવાની તૈયારીમાં પડયાં હતાં, ત્યારે ઉમરાવપુત્રી એમેલ્યા મેરીની ચિંતા કરતી, ઊઠી તેવી જ તેના ખંડ પાસે જઈને બારણું ખખડાવવા લાગી. મેરી તરત જાગીને ઊઠીને બહાર આવી. બંને રૂમમાં ગયાં એટલે એમેલ્યાએ આટલા વહેલા આવવાનું કારણ જણાવતાં કહ્યું કે "મેરી, તારાં જૂનાં વસ્ત્રો પહેરતી નહિ. મેં તારે માટે વસ્ત્રો પસંદ કર્યા છે તે જ પહેરજે. હમણાં જ દાસી તે લઈને આવશે. એવાં વસ્ત્રો પહેરતાં જરા યે સંકોચ અનુભવતી નહિ. મારી નવી દાસીથી પણ ગભરાતી નહિ. એ તો ઘણી સુશીલ અને પ્રેમાળ છે, અને પોતપોતાના સ્થાન પ્રમાણે કેવું વર્તન રાખવું તેનો સારો વિવેક ધરાવે છે. માર્ગરિટ કરતાં તો આ નવી દાસી તદ્દન જુદા ચારિત્ર્યવાળી છે. બીજું કે હવેથી તારે અમારી સાથે જ રહેવાનું હોવાથી ખેતમજૂર જેવાં બરછટ વસ્ત્રો હવે પહેરવાની જરૂર નથી. તારે મારી સાથી તરીકે રહેવાનું હોવાથી એ પદવીને શોભે તેવો પોષાક પહેરવો એ શોભતું છે. તું અહીંથી ઈકબર્ગ આવે તે પહેલાં જ આ ફેરફાર કરી લઈએ તો સારું એમ મને લાગે છે."

મેરીને આ પ્રમાણે વાત સમજાવ્યા પછી પોતાના ખંડમાં જઈ એમેલ્યાએ જરૂરી વસ્ત્રો મેરીને બંધબેસતાં આવે તેવાં ખોળી કાઢીને મોકલી આપ્યાં. મેરી એ વસ્ત્રોમાં ઓર સુંદર દેખાવા લાગી. નાસ્તો કરીને બધાં પોતપોતાને સ્થાને ગાડીઓમાં ગોઠવાયાં. મેરીને ઉમરાવના કુટુંબવાળી બગીમાં બેસવાનું આવ્યું. પાઈનફાર્મ રસ્તામાં આવતું હોવાથી ઉમરાવે કોચવાનને ફાર્મ આગળ ગાડી થોભાવવા અગાઉથી કહી રાખ્યું. ઉમરાવ દંપતી ત્યાં ઊતરીને, જેમ્સ અને મેરીને આશરો આપી તેમને મદદ કરનાર વૃદ્ધ દંપતીનો આભાર માનવા ઈચ્છતાં હતાં. ઉમરાવે રસ્તામાં જ મેરીને તેમની સ્થિતિ વિષે પૂછપરછ કરી લીધી. મેરીએ પુત્રવધૂની દુષ્ટતાને લીધે તેમને કેટલું સહેવું પડતું હતું તે જણાવ્યું. એમના વિષે વાત કરતાં પણ તેનું હૈયું ભરાઈ આવ્યું. સ્ત્રીના કંકાશ આગળ પુત્ર બિચારો કેવો લાચાર થઈ ગયો છે અને ઈચ્છા હોવા છતાં માબાપની ચાકરી સંભાળ કરી શકતો નથી તે પણ મેરીએ કહી બતાવ્યું.

પાઈનફાર્મના ઝાંપા આગળ ઉમરાવની બગી ઊભી રહી તે જોઈને તે લોકોને તો ખૂબ જ નવાઈ લાગી. આવું તો કદી બન્યું હોય તેવું કોઈની જાણમાં ન હતું. ખેડૂતપુત્રની પત્ની વહેલી ઘરમાંથી બહાર દોડી આવી અને ઉમરાવબાનુ તથા એમેલ્યાને ગાડીમાંથી ઊતરવા હાથ આપવા બગી પાસે ધસી આવી, અને બોલી, "આપ નામદાર આસ્તેથી ઊતરો પછી બાનુને તથા કુંવરીબાને હું ટેકો આપીને ઉતારું છું. અમારાં તો ધનભાગ્ય કે આપ અમ ગરીબના ઝૂંપડે પધાર્યા! તેણે અંદરની બાનુઓને ઉતારવા હાથ લંબાવ્યો, પણ મેરી પર નજર પડતાં જ તે ચમકીને જોરથી બોલી પડી, "આ કોણ?" પછી ઉમરાવને અંદર લઈ જવાને બદલે તે એકદમ પાછી દોડીને ઘરમાં જતી રહી અને તેના પતિને શોધવા લાગી. તે તો ગભરાઈ જ ગઈ કે મેરીને ગઈ કાલે કાઢી મૂકી તેથી શિક્ષા કરવા તો આ લોકો આવ્યાં નહિ હોય!

ઉમરાવ તેનું આવું વર્તન સમજી શકયા નહિ. તેમણે ખેતરમાં ચારે તરફ નજર ફેરવી તો થોડે દૂર વાડીમાં વૃદ્ધ બીજા મજૂરો સાથે કામ કરતાં દેખાયા, તેથી ઉમરાવ અને તેમની સાથેના બધાં તેમને મળવા એ બાજુ જવા લાગ્યાં. ખેડૂતનો આભાર માનતાં ઉમરાવે કહ્યું કે, "કાકા, તમે તદ્દન અજાણ્યા જેમ્સ અને મેરીને ઈશ્વર ભરોસે આશરો આપ્યો તેનો ગમે તેટલો આભાર માનું તે ઓછો જ પડે!"

તે વૃદ્ધ ભાવપૂર્વક વિનયથી બોલ્યો, "નામદાર! અમે તો એ જેમ્સને અજાણતાં જ આશરો આપેલો એ ખરું, પણ એ દૂત જેવા માણસે અનેક રીતે અમને એવો ભારે બદલો વાળી આપ્યો છે કે એમના ઋણમાંથી અમે કદી છૂટવાનાં નથી. આ સુંદર વાડી આપ જુઓ છો તે જેમ્સના આવ્યા પહેલાં ઉજ્જડ વેરાન પડી હતી. પણ અથાગ મહેનત કરીને જેમ્સે બધા સુંદર રોપા અને ઝાડ રોપી એવી બનાવી દીધી કે હાલ મને એમાંથી સારી એવી આવક થાય છે. અમારું ગુજરાન ચાલે છે અને થોડું ધર્મદાન પણ કરી શકીએ છીએ. પણ એ વાત તો બાજુએ મૂકીએ. જેમ્સે અહીં રહીને અમને જે ધર્મશિક્ષણ અને ડહાપણની વાતો શીખવી છે તેનું તો મૂલ્ય આંકી શકાય જ નહિ. એમની વાતો મનમાં વારે ઘડીએ યાદ આવતાં આ સંસારનાં દુઃખો ભુલાય છે અને મનને અજબ શાંતિ મળી રહે છે."

વૃદ્ધ ખેડૂત સાથે આ પ્રમાણે વાત ચાલતી હતી તેટલામાં મેરી એ ખેડૂતની પત્નીને ખોળીને ત્યાં લઈ આવી. તે વૃદ્ધા આવી ત્યારે ઉમરાવ

કુટુંબે તેમનું ખૂબ સન્માન જાળવ્યું. તેનો પણ મેરીની સંભાળ લેવા માટે તેમણે ખૂબ ખૂબ આભાર માન્યો. મેરીને આવી આબાદ થયેલી જોઈ તે વૃદ્ધ દંપતી ખૂબ આનંદ પામ્યાં અને તેમણે મેરીને યાદ કરાવ્યું કે, "મેરી, તારા પિતાની શ્રદ્ધા કેવી ફળી છે! 'જે ફૂલોને રંગબેરંગી શોભા આપે છે તે આપણું રક્ષણ કર્યા વિના કેમ રહે!' એ ઈશ્વરનું વચન કેવું સત્ય છે!"

આ દરમિયાન ખેડૂતની પુત્રવધૂની બીક ઓછી થઈ હતી, પણ મેરી પરના ગુસ્સાથી અને ઈર્ષાને લીધે તે દૂર ઊભી ઊભી બધું જોયા કરતી હતી. તે ત્યાં રહીને બબડતી હતી, "આવી નાલાયક છોકરીને આવું સ્થાન શા માટે મળ્યું હશે? ગઈ કાલની ચોરટી ભિખારણ આજે મોટી આબરૂદાર બાનુ બની બેઠી છે. આ ઉમરાવ અને તેની બાનુ પણ ખાસ અક્કલવાળાં જણાતાં નથી, નહિ તો આ હલકી છોકરીને આમ પોતાની સાથે મોટું સ્થાન આપે નહિ. એનો તો પોષાક પણ બદલાઈ ગયો છે, જુઓ તો ખરા! મારું ચાલે તો હું તો એનું મોં પણ જોઉં નહિ. આ તો કોણ જાણે એણે શી ભૂરકી નાખીને માયા લગાડી છે તે આ લોકોએ એને ગોદમાં લીધી છે! પણ એ લાંબું ચાલવાનું નથી. થોડા જ વખતમાં તેને તગેડી ન મૂકે તો જો જો! પોષાક પહેરવાથી એ કંઈ ઉમરાવ કુંવરી થવાની નથી. બહુ બહુ તો અનાથને દયા કરી આશ્રય આપ્યો છે એટલું જ લોકો સમજશે."

ઉમરાવ કુટુંબ તો દૂર હોવાથી તેનો બબડાટ તેમના સાંભળવામાં આવ્યો નહિ છતાં તેની મુખરેખા તેમ જ હાવભાવથી તેનો ખારીલો સ્વભાવ બધાંના ધ્યાનમાં આવી ગયો. ઉમરાવે થોડો વિચાર કરીને વૃદ્ધ ખેડૂત પાસે એક માગણી મૂકી. તેમણે કહ્યું, "મારા ગામ ઈંકબર્ગમાંની વાડી અને ઘર મેં મેરીને ભેટ આપી દીધાં છે. પણ મારી પુત્રી એમેલ્યા મેરીને પોતાની સાથી તરીકે ગઢમાં જ રાખવા ઈચ્છે છે. મેરી જુવાન હોવાથી એકલી રહે તે પણ યોગ્ય ન કહેવાય. તો હું તમને ત્યાં રહેવાનું આપું અને વાડીનો વહીવટ કરવાનું સોંપુ તો તમને કેમ લાગે ? જેમ્સે એ જગ્યાને પણ ખૂબ સુંદર બનાવી છે એટલે મારી ખાતરી છે કે ત્યાં પણ તમને ગમશે જ. મેરીના નામે જ હું કહું છું કે ઘરનું ભાડું બાડું પણ ગણવામાં આવશે નહિ. ત્યાં તમે યથેચ્છ રહી શકશો અને બાગકામનું જેમ્સે અધૂરું મૂકેલું કામ પૂરું કરી શકશો. વળી ત્યાં તો તમને જેમ્સને યાદ કરવાવાળા ઘણા સજ્જનો મળશે અને નવી નવી વાતો જાણવા મળશે."

ઉમરાવની દરખાસ્ત સાંભળી વૃદ્ધ ખેડૂતે પોતાની પત્નીની સંમતિ માટે તેના તરફ જોયું. તે પણ અહીંથી કંટાળી હતી તેથી તેમાંથી છૂટવાનું ઈચ્છતી હતી. એની સંમતિ મળતાં તેમણે આભાર સહિત ઉમરાવની માગણી મંજૂર રાખી. "કજિયાખોર સ્ત્રીની સાથે વિશાળ ઘરમાં રહેવા કરતાં અગાસીના ખૂણે પડી રહેવું સારું" એ સૂત્રનો તેમને અનુભવ થઈ ચૂક્યો હતો. તેથી પુત્રવધૂના ત્રાસમાંથી આ રીતે છૂટવાનું મળ્યું તેથી તેઓને ઘણો આનંદ થયો.

એ કજિયાખોર સ્ત્રીને પણ સાસુસસરાના જવાના સમાચારથી આનંદ થયો. તે પોતાનો અણગમો અને ડર ભૂલીને આગળ આવી વગર માગી સલાહ આપવા લાગી કે, "નામદાર ઉમરાવની આ દરખાસ્ત નહિ માનો તો તમે કદરહીન દેખાશો અને નામદાર સાહેબને વગર કારણે માઠું લગાડશો."

એટલામાં ખેતરમાંથી ખેડૂતનો પુત્ર પણ આવી ગયો. ઘર આગળ સફેદ ઘોડાની બગી જોઈ તેને આશ્ચર્ય ઊપજ્યું. અંદર આવતાં માતાપિતાનો વિયોગ થવાની વાત જાણી તે દુઃખી થયો. પણ તેમને જવાથી સુખશાંતિ મળશે તે વિચારે તેણે આશ્વાસન મેળવ્યું. તેણે નામદાર ઉમરાવનો આભાર માન્યો અને ત્યાં જ પોતાની સ્ત્રીને કહ્યું."જોયું? હું વાંરવાર તને કહેતો આવ્યો છું કે ગરીબો પ્રત્યે દયાભાવ રાખવાથી ઈશ્વર પ્રસન્ન થાય છે અને તેના આશીર્વાદ મળે છે. પણ તારા ગળે ઊતરતું નહોતું. આજે સમજ પડીને?" એ સાંભળી તેની સ્ત્રી તો કાળઝાળ થઈ ગઈ પણ ગમ ખાઈ ગઈ, કારણ કે ઉમરાવ નામદારની રૂબરૂ ગેરવર્તન કરવાની હિંમત કરી શકે એમ નહોતી. તે પતિ સામે ડોળા કાઢતી ત્યાંથી ચાલી ગઈ.

ઉમરાવ કુટુંબે વિદાય લીધા પહેલાં નામદારે વૃદ્ધ ખેડૂત દંપતીને કહ્યું કે ઈકબર્ગમાં ઘરની તેમ જ બીજી બધી વ્યવસ્થા કરીને હું તમને તેડાવીશ.

એ પછી નામદારનો રસાલો ઈકબર્ગના માર્ગે ચાલી નીકળ્યો.

◆◆◆

# પ્રકરણ ૨૧

## પાઈનફાર્મમાં બનેલી ઘટના

ઉમરાવ સાહેબે ઈકબર્ગ પહોંચી તરત જ જરૂરી વ્યવસ્થા કરી અને થોડા જ સમયમાં વૃદ્ધ દંપતીને તેડાંવવા ગાડી મોકલી આપી. પોતાનાં વૃદ્ધ માબાપને આમ દૂર મોકલવાં પડે એ વિચારથી દીકરાને ઘણું દુઃખ થતું હતું પણ તે લાચાર હતો. માબાપ અહીં દુઃખ ભોગવ્યા કરે તે પણ સહન થાય તેમ ન હતું, એટલે જવા દેવા સિવાય બીજો ઉપાય ન હતો. તેની સ્ત્રી તો સાસુસસરો જશે તો ડખલ જશે અને ખર્ચ બચશે એ વિચારથી ખૂબ ખુશ હતી. પણ એ તેનો આનંદ ઝાઝું રહ્યો નહિ. ઉમરાવ સાહેબના કોચવાને તેને એક પત્ર આપ્યો. ખુશ થઈને પત્ર તેણે લીધો તો ખરો, પણ વાંચતાં જ તેનુ મોં કડવી ગોળી ગળવા જેવું થઈ ગયું. કારણ કે એ સાદો પત્ર ન હતો પણ સત્તાવાર હુકમ હતો. પત્રની વિગત કંઈક આવી હતીઃ "તમને માબાપ તરફથી મળેલી મિલકત માટે એક શરત રાખેલી છે કે તેઓ જીવે ત્યાં સુધી તેમનું પુત્ર તથા પુત્રવધૂએ ભરણપોષણ કરવું. આજ સુધીના તમારા વર્તાવ પરથી માલૂમ પડયું છે કે આ શરત તમે પાળતાં નથી. માટે આથી ફરમાન કરવામાં આવે છે કે દર ત્રણ માસે બજારભાવ પ્રમાણે ખોરાક તથા વસ્ત્રનાં નાણાં વગરચૂકે તમારે ઈકબર્ગ પહોંચાડવાં." તે સ્ત્રીને પાઠ શીખવવા ઉમરાવે પોતે વચ્ચે પડીને આ માર્ગ લીધો હતો.

આજ્ઞાપત્ર વાંચીને તે સ્ત્રીને તો પગથી માથા સુધી ઝાળ લાગી. હવે તો ઉમરાવ વચ્ચે પડવાથી શરતનું પાલન ન થાય તો તરત શિક્ષા થાય એવી સ્થિતિ ઊભી થઈ. તે તો અપશબ્દો બોલવા લાગી અને અફસોસ કરવા લાગી કે આના કરતાં તો અહીં જ પડી રહ્યાં હોત તો અર્ધોય ખર્ચ થાત નહિ. ખેડૂત પુત્ર તો આ વ્યવસ્થાથી ઘણો રાજી થયો, કારણ કે હવે માતાપિતાને મદદ કરવામાં તેની પત્ની કશો વાંધો લઈ શકવાની ન હતી. જો કે તેણે પોતાનો આનંદ પ્રગટ કરીને બળતામાં ઘી ન હોમવાનું ડહાપણ વાપર્યું.

બીજે દિવસે વૃદ્ધ દંપતી ઈકબર્ગ જવા નીકળ્યા, ત્યારે પુત્ર તો દુઃખી થઈને ઘણું રડયો, પણ પેલી કર્કશા તો છેલ્લે સુધી ઉદ્ધતપણે જ વર્તી. તે સાસુસસરાને વિદાય આપવા પણ બહાર ન નીકળી.

પણ એ સ્ત્રીને આખરે યોગ્ય જ સજા થઈ. ખેડૂતપુત્રે તેને સલાહ આપી હતી કે આપણાં નાણાં ઓછા વ્યાજે પણ સલામત જગ્યાએ રોકીએ. પણ તેનું ન માનતાં એક સટ્ટાખોરને ત્યાં ભારે વ્યાજે મૂકયાં. પેલા સટ્ટાખોરે તેને મોટી મોટી લાલચો આપેલી તેથી તે ખૂબ શ્રીમંત થવાનાં સ્વપ્નાં જોયા કરતી હતી. પોતાનાં નાણાંને લીધે તે પોતાને ખૂબ જ સુખી માની બેઠી હતી. પણ એક દિવસ તે આંચકા સાથે જાગી ઊઠી. પેલા સટ્ટાખોરે વેપારમાં ખોટ આવતાં દેવાળું કાઢ્યું. એ સાંભળી તેને ભારે આઘાત લાગ્યો. તેની ઊંઘ ઊડી ગઈ પણ સાથે સાથે ધણીની નિરાંત પણ હરામ કરી. તેની હોંશ અને સુખ ધોવાઈ ગયાં. તે શહેરમાં જઈ વકીલોની સલાહ પૂછી બને તેટલા નાણાં પાછાં મેળવવા ફાંફાં મારી રહી.

ખૂબ મહેનત પછી થોડાં ઘણાં નાણાં પાછાં મળ્યાં તો ખરા, પણ વકીલોની ફી તથા કોર્ટ ફીમાં એ બધાં ખર્ચાઈ ગયાં, અને ઉલટી તે દેવાદાર થઈ ગઈ. બળાપો, રૂદન, અનિદ્રા અને ખોરાકની અરૂચિ એ બધાને લીધે તે ખૂબ નબળી પડી ગઈ. તેના મનમાં વેરનો અગ્નિ ખૂબ જોરથી જલતો હતો. અંતે તેને તાવ શરૂ થયો. ખૂબ અશક્ત થતાં તે પથારીવશ થઈ ત્યારે તેના પતિએ તબીબને બોલાવવાની વાત કરી. પણ ખર્ચ લાગવાના ડરે તેણે ના પાડી દીધી. તેને ખૂબ પીડાતી જોઈને ભલા પતિએ પૂછ્યા વિના તબીબને બોલાવી મંગાવ્યો. તેથી તો તે તેના પર ખૂબ જ ગુસ્સે થઈ ગઈ, અને ગુસ્સાના આવેશમાં તેણે આપેલી દવા બારીમાંથી બહાર ફેંકી દીધી. આવો ગુસ્સો અને મગરૂરીને લીધે તેની દશા બહુ જ બૂરી થઈ. પત્નીની ગંભીર માંદગી જોઈ પતિએ તેમના ધર્મસેવકને બોલાવ્યો કે તેની સાથે વાત કરી સાંત્વન આપે. તે ધર્મસેવકે ઘણી રીતે ધર્મની વાતો સમજાવીને તેને આ ક્ષણભંગુર જગતની બાબતો તરફથી મન ઉઠાવી આધ્યાત્મિક બાબતો પર મન લગાડવાનો ઉપદેશ કર્યો. આ બધી વાતો સાંભળવા છતાં તેનું મન તો ધન અને જગતની વાતો પર વધુ વળગેલું રહ્યું અને સારી વાતો સાંભળ્યા છતાં તેને ભૂંડું જ વધુ પ્રિય લાગતું હતું.

એક દિવસ ધર્મસેવક તેને આધ્યાત્મિક બાબતો સમજાવતો હતો ત્યારે તે સ્ત્રી બોલી, "તમે આ બધો ઉપદેશ મને જ શા માટે સંભળાવો છો? તમે મારા માટે જેટલી તકલીફ ઉઠાવો છો તેટલી તકલીફ મારા પૈસા ડૂલ કરનાર માટે ઊઠાવીને તેમને સમજાવતા હો કે તેઓ મારા પૈસા પાછા વાળે તો

મને પણ કંઈક લાભ થાય. મેં તો આજ સુધી કોઈ ખોટું કામ કર્યું નથી અને મારા નિયમ પ્રમાણે જ વર્તન રાખ્યું છે. હું સાજી હતી ત્યારે કદી દેવળમાં જવાનું ચૂકી નથી. તો પછી મારે હવે પસ્તાવો શાનો કરવાનો હોય? મેં કરકસર કરીને મારું ઘર ચલાવ્યું છે અને કોઈને દુ:ખ દીધાનું મને યાદ નથી. આ બધું જોતાં તો તમારા મનથી હું એક ધાર્મિક સ્ત્રી ગણાવી જોઈએ."

તે સ્ત્રીની આવી વાતો સાંભળી ધર્મસેવકે વિચાર કર્યો કે જો એને તેની ધનલાલસા, મિથ્યાભિમાન અને સ્વાર્થી સ્વભાવ વિષે સ્પષ્ટ વાત કરું તો કદાચ તેની આંખો ઉઘડે અને પસ્તાવો કરવાનું મન થાય. આમ વિચારી તેમણે તેને કહ્યું, "દ્રવ્યલોભ એ ઈશ્વરના શિક્ષણ વિરૂદ્ધ છે, અને તમે દ્રવ્યનું જ સતત ચિંતન કરી ઈશ્વરને વિસારી મૂક્યો છે. પૈસાને લોભે તો તમે તમારાં ભલાં સાસુસસરાને પોતાનું વતન છોડાવી, પુત્રનો વિયોગ કરાવી દૂર જવા માટે મજબૂર કર્યાં. વળી પેલી ગરીબડી મેરીના પર ખોટું આળ ચઢાવી રાત્રે ફાર્મમાંથી કાઢી મૂકી હતી." સ્ત્રીને શાંત રહેલી જોઈને તે સાલસ ધર્મસેવકે તેને ઈશ્વરની બે મુખ્ય આજ્ઞા તરફ ધ્યાન દોરતાં શીખવ્યું કે તમારે ઈશ્વર પર અને પોતાના પાડોશીઓ પર પ્રેમભાવ રાખવો જોઈએ એ મુખ્ય આદેશ છે. પણ તમે તો ઈશ્વર કરતાં પૈસા પર વધારે ચિત્ત રાખ્યું છે. જાણે પૈસો એ જ પરમેશ્વર ન હોય! વળી કરકસર, ઘર ચલાવવું, વગેરે બાબતોનો તમે ગર્વ કરો છો. પણ એ બધી દુન્યાઈ બાબતો હોઈ તેથી તો મન આ લોકમાંની માયામાં જ વધુ લપટાઈ રહે છે. એથી ઈશ્વર પર તમને વધુ આસ્થા બેઠી હોય એવું કંઈ જણાતું નથી. ફક્ત દેવળમાં હાજર રહેવાથી આત્માનું તારણ સધાતું નથી. જેઓનાં મન ઈશ્વરી ગુણો, નમ્રતા, ધૈર્ય, પ્રેમભાવ, સચ્ચાઈ અને ભક્તિભાવથી ભરપૂર હોય તેઓ પર જ ઈશ્વરની કૃપા થાય છે. "

ધર્મસેવકની આવી સત્ય પણ કડવી વાતો સાંભળી તે સ્ત્રીને કશી અસર ન થઈ. ઊલટી તે રડતાં રડતાં કહેવા લાગી, "હું જ એકલી આ દુનિયામાં એવી અભાગણી છું કે કોઈને મારા દુ:ખ વિષે લાગણી થતી નથી, કે દયા આવતી નથી, પણ બધાંને મારો જ વાંક દેખાય છે. હું તો મારો ધર્મ બરાબર પાળું છું તોય આ ધર્મસેવક મને પાપી ગણી કાઢે છે. હાય! હાય! આવો જ ઉપદેશ આપવાના હો તો હવે તમે મારી પાસે આવતા નહિ. "

ધર્મસેવક પણ પોતાની શુભભાવના અને શિખામણનો આવો નકાર થતો જોઈ નિરાશ થઈ ચાલતા થયા. જતાં પહેલાં લાગણીપૂર્વકની પ્રાર્થના કરવાનું તો ચૂકયા નહિ. આ સ્ત્રીના ભાવિ વિષે તેમને ચિંતા થવા લાગી. આ દુનિયામાં ડૂબેલાં માણસોને શાશ્વત સુખની વાતો ગળે ઉતારવાનું ઘણું કઠણ છે. દેવળમાં જવાથી કે થોડું દયાદાન કરવાથી તેઓ ફુલાઈ જાય છે. તેઓની આંખે પડળ હોવાથી તેઓ દુર્ગુણોને સદ્દગુણો સમજી બેસે છે. જેમ્સે બનાવેલા બાગ તરફ નજર જતાં તેમને વિચાર આવ્યો કે પૈસામાં જ સુખ નથી, નિર્ધન મેરી આ બાગનાં ફૂલો વચ્ચે જેટલું સુખ માણતી હતી તેનો સોમો ભાગ પણ એ ખેડૂત પુત્રવધૂ અનુભવી શકી નહી હોય.

તે સ્ત્રીનો રોગ ઝડપથી વધવા લાગ્યો. પૈસા કાઢવા પડે એ દુઃખે તેણે દવા કરવાનું ટાળ્યું. દુઃખથી હેરાન થતી તે સ્ત્રી પાસે ધર્મસેવકે ના કહ્યા છતાં આવવાનું ચાલુ રાખ્યું હતું. પથ્થર જેવા હૃદયવાળી તે સ્ત્રી આખરે પાપમાં જ મરી ગઈ.

◆◆◆

## પ્રકરણ ૨૨

## મેરીની ક્ષમાશીલતા

થોડા માસ ગામડે ગાળ્યા પછી ઉમરાવ શહેરમાં રાજદરબારે કામગીરી માટે ગયા ત્યારે કુટુંબ સાથે મેરી પણ શહેરમાં ગઈ. થોડા દિવસ વીત્યા બાદ એક સવારે એક ધર્મસેવકે આવીને મેરીને માટે પૂછપરછ કરી. મેરીને સંદેશો મળતાં તે બહાર આવીને ધર્મસેવકને મળી. તે ધર્મસેવકે મેરીને કહ્યું, "મેરીબહેન, એક મરણ પથારીએ પડેલી સ્ત્રી તમને મળવા ઝંખે છે, અને તમને મળ્યા વિના તેનો જીવ જશે નહિ એમ લાગે છે. તેથી તમને તેડવા હું આવ્યો છું." મેરીને આ વાતથી નવાઈ તો લાગી પણ જવું કે નહિ તે પૂછવા માટે ઉમરાવબાનુ પાસે ગઈ. ઉમરાવબાનુ એ ધર્મસેવકને ઓળખતાં હોવાથી તેમની વાત અગત્યની સમજી તેમણે મેરીને તેમની સાથે જવાની સૂચના આપી, તેમ જ સાથે એક રક્ષક પણ મોકલી આપ્યો. તેઓ આખું શહેર વટાવી કોટના દરવાજાની બહાર ઝૂંપડાંમાં પહોંચ્યાં. ત્યાં સાંકડી ગંદી ગલીમાંથી પસાર થતાં એક પુરાણા ખંડિયેર મકાન આગળ પહોંચ્યાં. ત્યાં તેમને ઉપલા માળે જવું પડયું. એક બારણા આગળ મેરીને ઊભી રાખીને ધર્મસેવક અંદર ગયા, અને થોડીવાર પછી પાછા બહાર આવી મેરીને અંદર લઈ ગયા. આવી ગંદી અને અસ્તવ્યસ્ત ખોલી મેરીએ જિંદગીમાં કદી જોઈ ન હતી. એક જ નાની, ધૂળ અને જાળાં બાઝેલી બારીમાંથી થોડો પ્રકાશ આવતો હતો એવી ઓરડી! બારી બારણાના કાચ ફૂટી જવાથી ઠંડી હવા આવતી રોકવા કાગળ ચોઢેલા હોવાથી અંદર ખૂબ અંધારું લાગતું હતું. અંદર એક પથારી હતી. તે ઘણા દિવસોથી સાફ કરવામાં આવી ન હોય એવી દેખાતી હતી. તેના પરની ચાદર ખૂબ મેલી થઈ ગઈ હતી, તે ધોવા જતાં તાણાવાણા થઈ જાય તેવી જર્જરિત જણાતી હતી. એક નાની લાકડાની ઘોડી પર પાણીની માટલી મૂકેલી હતી. એ પથારીમાં પડેલી બિમાર સ્ત્રીનાં હાડકાં અને ચામડી જ રહ્યાં હતાં. તે તદન ફિક્કી પડી ગયેલી જણાતી હતી. તદન હાડપિંજર જેવી આકૃતિ જોઈને ભય લાગે તેવું દશ્ય હતું. અવાજ પણ તદન ક્ષીણ થઈ ગયો હતો. મેરી પહેલી નજરે તો તેને ઓળખી શકી જ નહિ. પણ ખૂબ ધારીને જોતાં ઓળખ પડી કે આ તો માર્ગરેટ છે. તેણે પાસે જઈને ધ્યાનપૂર્વક તે સ્ત્રીની વાત સાંભળી ત્યારે તેને ખાતરી થઈ.

મેરી ઉમરાવના કુટુંબ સાથે શહેરમાં આવી છે એ વાત ધર્મસેવક પાસેથી માર્ગરિટના જાણવામાં આવતાં જ તેણે મેરીની માફી માગવાનો નિશ્ચય કર્યો. મેરી આવશે કે નહિ અને મને માફ કરશે કે નહિ એ દ્વિધામાં કેટલોક સમય ગાળ્યા પછી જંપ ન વળવાથી આખરે માર્ગરિટે ધર્મસેવકને વિનંતી કરીને મેરીને તેડાવી. મેરીના દિલમાં તો પ્રેમભાવ છલોછલ ભરેલો હતો. માર્ગરિટની આવી સ્થિતિ જોઈ તેનું હૃદય હચમચી ગયું અને આંખોમાં આંસુ આવી ગયાં.

આર્દ્ર સ્વરે મેરી બોલી, "માર્ગરિટબહેન. મેં તો પહેલેથી જ તમને દિલથી માફી આપી દીધી છે, અને અત્યારે તમને મોઢેમોઢ પણ એ જ કહું છું કે મારા મનમાં તો તમારા માટે પ્રેમભાવ સિવાય બીજી કોઈ લાગણી નથી."

આ સાંભળી માર્ગરિટની આંખોમાં આંસુ સરી રહ્યાં. તે બોલી, "અરેરે! મારા જેવી પાપિણી સ્ત્રી બીજી કોણ હશે? પણ આજે મારાં પાપોનું પરિણામ હું આ દેહમાં જ ભોગવી રહી છું. ઈશ્વરવિસ્મરણ, સારી બાબતો પ્રત્યે અભાવ, ભપકો અને મોજશોખ પ્રત્યે આકર્ષણ, જૂઠું બોલી લાભ મેળવવો, ઈર્ષા, મિથ્યાભિમાન, શિથિલ નીતિભાવના, એ બધાં મારી આ હાલત કરનારાં કારણો છે, એ મને હવે સમજાય છે. મેં મૂર્ખાઈથી ભયંકર રોગ વહોર્યો છે અને તે જ મારો જીવ લેશે. મારે કારણે જ તમારે આટઆટલું વેઠવું પડયું છતાં કશું મનમાં ન લેતાં તમે પ્રેમભાવથી મને માફી આપો છો, એ તમારી ઉદારતા માટે હું ખૂબ જ આભારી છું. એથી મારા મનને શાંતિ મળી છે. પણ પરલોકમાં ઈશ્વરના કોપથી મારી શી દશા થશે એ ડરથી મારો આત્મા ફફડયા કરે છે"

મેરી તેના ખાટલા પાસે જરા અલગ બેઠી કારણ કે માર્ગરિટનો રોગ ઘણો ચેપી હતો. તેણે આશ્વાસન આપતાં કહ્યું, "માર્ગરિટબહેન, પ્રભુ ઈસુ ગમે તેવા અધમ પાપીનો પણ સ્વીકાર કર્યા વિના રહેતા નથી માટે તું તેમનું શરણ સ્વીકાર. ખરા મનથી પસ્તાવો કરીને તેમની કૃપા પર શ્રદ્ધા રાખ." આ પ્રમાણે ઘણી વાતો કરીને મેરી ઘેર ગઈ. ત્યાં જઈને ઉમરાવબાનુને માર્ગરિટની દુઃખી હાલત વિષે વાત કરી. તેણે માર્ગરિટને વેઠવી પડતી અછત વિષે પણ કહ્યું અને કંઈક મદદ મોકલાય તો સારું એવો ભાવ દર્શાવ્યો. એ પરથી ઉમરાવબાનુએ મેરીની ઈચ્છા પ્રમાણે માર્ગરિટ પર મદદ મોકલાવી પણ તે તેનો લાભ ઉઠાવી શકે તે પહેલાં ભરજુવાનીમાં મરણ પામી.

◆◆◆

# પ્રકરણ ૨૩
## મેરી ફરી ઈકબર્ગમાં

એ પછીની વસંતમાં ઉમરાવકુટુંબ નિયમ પ્રમાણે ગામડે આવી ગયું ત્યારે મેરી પણ સાથે જ હતી. ફરી પોતાનું વતન જોઈને તેને ખૂબ જ આનંદ થયો. પોતાનું બાળપણનું ઘર, વાડી, ખેતર વગેરે જોઈ તેનું મન કૃતજ્ઞતાથી સભર થઈ રહ્યું. બધું સુખ તેને ઉમરાવ દંપતીના પ્રેમભાવને લીધે પ્રાપ્ત થયું હતું માટે તેણે મનમાં જ તેમનો અને તેમને પ્રેરણા આપનાર ઈશ્વરનો આભાર માન્યો. તે બોલી, "અહા પ્રભુ! શી અનહદ તમારી કૃપા છે!!"

ઉમરાવ કુટુંબ ગઢના મુખ્ય દરવાજે આવી પહોંચ્યું ત્યારે ગઢના બધા રસાલાએ તેમને સલામી આપી અને પછી મેરીને પણ ઉષ્માભર્યો આવકાર આપ્યો. ઉમરાવકુટુંબના આવવાના સમાચાર સાંભળી ન્યાયાધીશ પણ તેમને મળવા વહેલો વહેલો ગઢમાં આવ્યો. ત્યાં બધાંને મળીને મેરીને પણ મળ્યો ત્યારે બોલ્યો, "તમને સજા કરવામાં મારાથી થયેલા અન્યાયને લીધે કાયમ મારો જીવ બળે છે."

આનંદના અતિરેકથી તે રાત્રે મેરીને ઊંઘ આવી નહિ. આથી સવારે વહેલી ઊઠીને તે ગઢની બહાર ફરવા નીકળી પડી. તેના પગ તેના અગાઉના ઘર તરફ જ વળ્યા. રસ્તે ઘણી જૂની ઓળખાણો તાજી થઈ. ફૂલ લેવા આવતાં નાનાં નાનાં છોકરાં હવે તો કિશોર બની ગયાં હતાં. કેટલાક તો ઓળખાય તેવા પણ રહ્યાં ન હતાં. મેરીને જોઈને બધાંને ખૂબ આનંદ થયો.

મેરી પોતાના ઘર પાસે પહોંચી તો વૃદ્ધ દંપતીને તેના આવવાની કોઈ રીતે જાણ થઈ જવાથી ઝાંપા આગળ જ હસતાં ઊભેલાં જોયાં. તેઓ મેરીને ભેટયાં અને ઘરમાં લઈ ગયાં. મેરીએ જોયું કે તેઓ અહીં ખૂબ શાંતિમાં સંતોષથી જીવન ગાળતાં હતાં. તેઓએ પણ કહ્યું કે અમારા ઘડપણમાં આવી સારી વ્યવસ્થા તમારે લીધે થઈ છે તેથી અમે તમારાં ઋણી છીએ. માણસની ચઢતી પડતી તો આવે, પણ અમે તમને આશ્રય આપ્યો તો આજે અમે અહીં આશરો પામ્યાં છીએ."

વૃદ્ધ ખેડૂતપત્ની બોલી કે, "આપણે જાણતાં નથી કે આપણા સારાં કામનો બદલો આપણને કેવા રૂપમાં મળશે."

વૃદ્ધ ખેડૂત બોલ્યો, "પણ આપણે જેમ્સ અને મેરીને આશ્રય આપ્યો ત્યારે બદલાની આશાથી ક્યારે આપ્યો હતો? આપણે કંઈ લાભ મેળવવાની આશાએ એ કર્યું નહોતું."

મેરી ઘરમાં બધે ફરીને જૂની સ્મૃતિઓ ફંફોળવા લાગી. તેના પિતાના ખંડમાં જતાં તેનું હૈયું ભરાઈ આવ્યું. ત્યાંથી નીકળીને તે બાગમાં ગઈ. ત્યાં પણ તેના પિતાએ રોપેલા અને માવજત કરી ઉછેરેલા સુંદર રોપા તેને વિવિધ યાદો અપાવી રહ્યા. કેટલાંક વૃક્ષો પર ફળો લચી રહેલાં જોવા મળ્યા. તે જોઈને તેને વિચાર સ્ફૂર્યો, "આ નાશવંત દુનિયામાં માનવજીવન કેટલું ટૂંકું છે! પિતા તો ગયા પણ આ વૃક્ષો કેવાં આબાદ થયાં છે. તેના પિતાના પ્રિય લતામંડપમાં તે ચઢીને આસન પર બેઠી. ચારે બાજુ તેની દૃષ્ટિ ફરવા લાગી. તેના પિતાની યાદ આવતાં મન પોચું પડવા લાગ્યું, પણ પ્રયત્ન કરીને શોકના વિચારો દૂર કર્યાં. તેણે વિચારવા માંડયું કે પિતા તો અધિક સુખમય સ્થળે ગયા છે, પછી મારે શોક શા માટે કરવો? ત્યાં તો કોઈ દુઃખ કે કષ્ટ વેઠવાનું રહેતું નથી. ઈશ્વર સ્તુતિમાં જ સમય પસાર થઈ જાય છે."

આ પ્રમાણે મેરીનું જીવન એકધારું વહેવા લાગ્યું. ઉમરાવના કુટુંબમાં સુખશાંતિ અને આનંદમાં-એમેલ્યાના સહવાસમાં દિવસો ઝટ ઝટ પસાર થઈ રહ્યા હતા. વસંતઋતુમાં તેઓ નિયમિત રીતે ગામડે આવતાં. બંને સખીઓ એકબીજા પ્રત્યે ગાઢ પ્રેમમાં સંકળાતી જતી હતી. તેઓ ઘણો ખરો વખત સાથે જ ગાળતી.

એક દિવસ બંને સખીઓ સાથે બેસી કંઈક કામ કરી રહી હતી ત્યારે સેવકે આવીને ખબર આપી કે, "ન્યાયાધીશ સાહેબ મેરીબહેનને મળવા આવ્યા છે." એથી બંને જણને આશ્ચર્ય થયું. એમેલ્યા મેરીને એકલી છોડી બીજા ખંડમાં ગઈ એટલે ન્યાયાધીશ ખંડમાં આવ્યા. મેરીએ તેમને આવકાર આપ્યો. તે બોલી, "પધારો! આપના આગમનથી ઘણો આનંદ થયો, મને કેમ યાદ કરવી પડી?"

ન્યાયાધીશ બોલ્યો, "તમારા સ્વભાવ, આચરણ અને સંસ્કારોથી હું ઘણો જ પ્રભાવિત થયો છું. અને તેથી આપની આગળ એક પ્રસ્તાવ મૂકવા આવ્યો છું. રજા આપો તો કહું."

આવી વાતની શરૂઆત સાંભળી મેરી વિચારમાં પડી ગઈ, પણ ન્યાયાધીશ શું કહેવા માગે છે તે સાંભળવું જોઈએ એમ વિચારી તે બોલી,

"આપને જે કહેવું હોય તે કહો. આપની આજ્ઞા અયોગ્ય તો નહિ જ હોય, અને ઈશ્વરેચ્છા અનુસાર હું તેને અનુરૂપ થઈશ."

ન્યાયાધીશ એ સાંભળી ઉત્સાહિત થઈ બોલ્યા, "હું આપને મારા પુત્ર સંબંધી વાત કહેવા માગું છું. તેને તમારા પ્રત્યે કેટલાક સમયથી પ્રેમભાવ ઊપજ્યો છે, અને તે તમારી સાથે લગ્નસંબંધથી જોડાવા આતુર છે. પણ તે સુશીલ અને આજ્ઞાંકિત હોવાથી મારી રજા સિવાય કંઈ કરે તેવો નથી. એના મનની આ વાત મારા જાણવામાં આવવાથી હું તમારી પાસે આવ્યો છું. આપનું મન જાણ્યા પછી હું એ વાત નામદારને કાને નાખવા ધારું છું."

મેરીના પોતાના લગ્ન સંબંધી વાત સીધી મેરી આગળ જ કરવાથી તે શરમાઈ ગઈ. નીચી નજર રાખી તે વિચારવા લાગી. ખરી વાત તો એ હતી કે મેરીને પણ ન્યાયાધીશના પુત્ર ફ્રેડરિક તરફ આકર્ષણ થયું હતું. તે દેખાવડો, સુશીલ અને સમજૂક યુવક હતો. જો કે તેઓએ અરસપરસ કદી લાગણી વ્યક્ત કરી ન હતી, કારણ કે તે યુવક ઉદ્ધતાઈથી કશું અવિચારી પગલું ભરે તેવો ન હતો. મેરીને તે યુવક ગમી ગયો હતો અને તેની સાથે સંબંધ બંધાય તો સારું એમ તેનું મન ઝંખતું હતું. પણ પોતે શરમાળ પ્રકૃતિની હોવાથી પોતે પહેલ કરવા ઈચ્છતી ન હતી. વળી પોતે તો ગરીબ કુટુંબની હતી જ્યારે ન્યાયાધીશનું કુટુંબ તો સુખી અને આગળ પડતું હતું. આથી તે પોતાના મનને મારતી હતી કે મારે આવી આશાઓ બાંધવી ન જોઈએ. તે ફ્રેડરિકના વિચારો મનમાંથી દૂર રાખવા પ્રયત્ન કરતી.

પણ એ જ પ્રેમપાત્ર યુવકના પિતા પ્રસ્તાવ લઈને આવ્યા હતા. એથી તેનું અંતર આનંદથી પ્રફુલ્લિત થઈ ઊઠયું. પણ બહારથી તે થોડીવાર મૌન બેસી રહી. પછી સભ્યતાથી જવાબ આપતાં તે બોલી, "મુરબ્બી મહાશય, આ બાબતમાં હું પોતે કશો જવાબ આપી ન શકું. મારે ઉમરાવબાનુને પ્રથમ પૂછવું જોઈએ અને તેઓ કહે તેમ મારે કરવું જોઈએ. વળી, આપ પોતે તેમને પૂછો અને તેઓ મને આજ્ઞા કરશે તો તેમ કરવા હું બંધાયેલી છું."

મેરીની વાત સાંભળી ન્યાયાધીશ વધુ ખુશ થયા અને ઉમરાવ દંપતી પાસે જવા ઉપડયા. રજા લઈ તેઓ અંદર ગયા તો સદ્‌ભાગ્યે દંપતી દિવાનખાનામાં જ બેઠેલાં હતાં. નામદાર ઉમરાવ સમક્ષ નમન કરીને ન્યાયાધીશે કુશળ સમાચાર પૂછ્યા. થોડો સમય સામાન્ય વાતચીત ચાલ્યા પછી ન્યાયાધીશ મુદ્દાની વાત પર આવ્યા. ન્યાયાધીશનો પ્રસ્તાવ સાંભળી

ઉમરાવ સાહેબ ખૂબ જ ખુશ થયા. તેમણે કહ્યું કે આ બેનું યુગલ ઘણું લાયક છે. આ જોડું જોડાય તેમાં મારો સંપૂર્ણ સહકાર છે. એ પછી ઉમરાવબાનુ પણ કહેવા લાગ્યા, "મેરી જેવી પત્ની તમારો પુત્ર પામે તેથી તે તેમ જ તમે ઘણા ભાગ્યશાળી થશો. મેરી તો સુખ અને દુઃખ બધાથી કસાઈને ઘડાઈ છે. તે તમારા ઘરનો વહીવટ ઘણી ઉત્તમ રીતે ચલાવશે એમાં બિલકુલ શંકા નથી. વળી તે સંસ્કારી લોકોમાં રહીને પણ તૈયાર થઈ છે, એટલે તેનામાં તમને કશું કહેવાપણું રહેશે નહિ. તે સદા હસમુખી અને બધાં સાથે સહેલાઈથી હળી જનારી છે. હું તો માનું છું કે મેરીને પ્રાપ્ત કરતાં તમે એક રત્ન મેળવશો. આપણે મેરીની ઈચ્છા પૂછીશું, અને તે અનુકૂળ હશે તો આ સંબંધ ચોક્કસ ગણાશે."

મેરીએ પણ આ સંબંધ બંધાય તેવી પોતાની સ્વતંત્ર ઈચ્છા દર્શાવી, એટલે તેમનાં લગ્નની તૈયારીઓ ચાલી. એક શુભ દિવસે મેરી અને ફ્રેડરિક લગ્નના પવિત્ર સંબંધે જોડાઈ પતિપત્ની બન્યાં.

લગ્નજમણની ભવ્યતાની તો શી વાત કરવી? ઉમરાવબાનુએ પોતે દરેક ઝીણી ઝીણી વિગતો પર ધ્યાન આપ્યું હતું કે કંઈ ખામી ન રહી જાય. લગ્નજમણનો ખંડ ખૂબ સુંદર રીતે શણગારેલો હતો. પણ એ બધાનું કેન્દ્ર તો ખંડની વચ્ચે ગોઠવેલી પેલી સુંદર ટોપલી હતી. તેમાં વિશિષ્ટ રીતે ફૂલો ગોઠવીને ખંડને અતિ શોભીતો કર્યો હતો.

આ ટોપલીને કેન્દ્રમાં મૂકવાનો મૌલિક વિચાર તો મેરીના લગ્નથી આનંદમાં ઘેલી ઘેલી થયેલી એમેલ્યાનો હતો.

◆◆◆

## પ્રકરણ ૨૪

## જેમ્સનો સ્મારકસ્તંભ

જેમ્સની કબર પર સ્મારકસ્તંભ મુકાવવાનું વચન એમેલ્યા ભૂલી ન હતી. તેણે કબર પર સ્મારકસ્તંભ ચણાવવાનો હુકમ કર્યો. એ સ્તંભનું ચણતર બહુ અટપટું તો ન હતું છતાં તેનો દેખાવ ઘણો સુંદર હતો. વધુ સુંદર કરવા તેના પર કાળા આરસના પથ્થર જડયા હતા. તેના પર સોનેરી અક્ષરથી જેમ્સનું નામ તથા ઉંમર કોતરાવ્યાં હતાં. તેની નીચે પ્રભુ ઈસુનું વચન કોતરેલું હતું:

"પુનરુત્થાન તથા જીવન હું છું, જે મારા પર વિશ્વાસ કરે છે, તે જો કે મૂએલો હોય તો પણ જીવતો થશે."

એ લેખની નીચે પેલી ફૂલની ટોપલીની પ્રતિકૃતિ કોતરવામાં આવી હતી. એ ટોપલી નીચે આ પ્રમાણે લેખ કોતરાવ્યો હતો:

"પ્રાણીમાત્ર ઘાસ સરખાં છે, અને માણસોનો સઘળો મહિમા ઘાસના ફૂલ જેવો છે. ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ખરી પડે છે, પણ પ્રભુનું વચન સદા રહે છે."

તે વિસ્તારના ધર્મસેવક આ સ્મારકસ્તંભથી ખૂબ ખુશ થયા. મેરીએ કબરની આસપાસ ગુલાબના છોડ રોપ્યા હતા. તે બધા ખૂબ ખીલ્યા હતા. એની ઉપર આરસનો કાળો સ્તંભ ખૂબ શોભતો હતો. હજી છોડ બહુ મોટા થયા ન હોવાથી આરસ પરનાં લખાણ હજી વાંચી શકાતાં હતાં.

એ ગામમાં આવતા કોઈપણ મુસાફરને આ મૃત્યુસ્તંભ બતાવવાનું ધર્મસેવક ચૂક્તા નહિ. જેમ્સનો ધંધો માળીનો હતો તેથી એક મુલાકાતી બોલ્યો હતો કે, "આ ઘણું બંધબેસતું છે કે માળીના મૃત્યુસ્તંભ પર ફૂલોની સુંદર ટોપલી કોતરવામાં આવી છે."

ધર્મસેવકે કહ્યું હતું કે, "એ ટોપલી તેની નિષ્કામભક્તિ અને નામની સુવાસ બતાવે છે." દરેક મુલાકાતીને જેમ્સના જીવનનો ઈતિહાસ સાંભળવાનો લ્હાવો મળતો.

સંસ્કૃતમાં સુભાષિત છેઃ
સત્યમેવ જયતે
સત્યનો જ જયજયકાર છે!

◆◆◆